


# અનુભૂતિનો આસવ

- પ્રસ્તુતકર્તા -
નરેન્દ્ર દવે-શાસ્ત્રીજી

Scanned by CamScanner



# અનુભૂતિનો આસવ

★


- પ્રસ્તુતકર્તા -

**નરેન્દ્ર બી. દવે-શાસ્ત્રીજી**


Scanned by CamScanner

: પ્રકાશક :
નરેન્દ્ર બી. દવે – શાસ્ત્રીજી
૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, ભટ્ટા પાસે,
અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ – ૩૮૦૦૦૭

★

પ્રથમ આવૃત્તિ : એપ્રિલ, ૧૯૯૧

★

: મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય, રાયખંડ, અમદાવાદ – ૩૮૦૦૦૧

Scanned by CamScanner

# સાત્ત્વિક સક્રિયતાની આવશ્યકતા

આત્મીય ઉપાસક ભાઈબહેનો,

**પરમાત્માની** અનુભૂતિ-સાક્ષાત્કાર એ દરેક ઉપાસકની ઉપાસનાનું લક્ષ્ય હોય છે, પરન્તુ ઉપાસનાની પરિપક્વતા જ પરમાત્માની અનુભૂતિ કરાવી આપે છે.

મા ગાયત્રીનો-પરમાત્માનો સાક્ષાત્કાર મેળવવા માટે આંતરબાહ્ય સજ્જતા-પાત્રતા સહુએ કેળવવી પડે છે. સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી મા-બાળકનો સંબંધ પ્રસ્થાપિત કરીને અનિવાર્ય આવશ્યકતારૂપે નિયમિત ઉપાસનાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેવી પડે. જેવી રીતે મનુષ્યની સ્નાન, શૌચ, ભોજન, નિદ્રાની અનિવાર્ય દૈનિક ક્રિયાઓની જેમ શરીરની અંદર રહેલા ચેતનતત્ત્વને - આત્માને પુષ્ટ રાખવા ઉપાસના અનિવાર્ય છે.

મને માતાજીનો સાક્ષાત્કાર થયો અને થતો રહે છે, યોગ્ય માર્ગદર્શન અને આદેશ મળતાં રહે છે તેની પડછે મારા પૂર્વજન્મનાં સંચિત્ કર્મો, સંસ્કાર, માતાપિતાનો સંસ્કારવારસો, ઘરનું સાત્ત્વિક પવિત્ર વાતાવરણ, શૈશવકાળથી જ ઉપાસનાની આદત, નિયમિતતા તેમ જ સાત્ત્વિક અને નૈતિક જીવનપ્રણાલી રહેલાં છે.

ગૃહસ્થાશ્રમની ફરજો બજાવતાં બજાવતાં પણ આત્માની પુષ્ટિની અનિવાર્યતારૂપ ઉપાસના, ગાયત્રી મંત્રજપ મારા દૈનિક જીવનમાં વણાઈ ગયાં છે. મારાં ઇષ્ટદેવ મા ગાયત્રીનાં મને સૂક્ષ્મ અને સ્થૂળ દૃષ્ટિથી પ્રત્યક્ષ તેમ જ પરોક્ષરૂપે દર્શન થતાં જ રહે છે. તેમના આદેશો ઝીલવા માટે મારું બાહ્ય અને આન્તર વાયુમંડળ ટેલિફોનની Hotlineની જેમ હમેશાં active રહી મને દિવ્ય સંદેશાઓ પહોંચાડયા કરે છે. હવે તો મા ભગવતી હમેશાં મારી સાથે જ

Scanned by CamScanner

હોય છે. અમે એકમીજાનાં પર્યાય અને એકમીજામાં પર્યાપ્ત બની ગયાં છીએ.

ઉપાસના-ભક્તિ માટે ગૃહત્યાગ કરવાની કે સંસાર છોડવાની, ભગવાં વસ્ત્રો પરિધાન કરવાની, ઉપવાસ કે અન્ય પ્રક્રિયા દ્વારા દેહદમન કરવાની પણ જરૂર નથી. સંસાર અને શરીરની આસક્તિને ક્રમશઃ નિર્મૂળ કરીને સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી મા ભગવતી ગાયત્રીમાં બાળભાવ કેળવવો જરૂરી છે. મા-બાળકનો સંબંધ જ આપણને આ દુષ્કર કાર્યમાં મદદ કરી શકે એમ હું સ્પષ્ટપણે માનું છું.

વહાલા વાચકો, 'અનુભૂતિનો આસવ' પુસ્તક આપના માટે છે. ઉપાસનાના રાહ પર ચાલતાં ભાઈબહેનોને તેઓની વ્યક્તિગત શ્રદ્ધા, શરણાગતિ અને ઉપાસનાના પરિપાકરૂપે થયેલ મા ગાયત્રીની પરોક્ષ અનુભૂતિઓનો સંગ્રહ છે. ઈષ્ટની અનુભૂતિ કે સાક્ષાત્કાર પામેલ વ્યક્તિએ એટલા માત્રથી જ તેના જીવનની ઇતિશ્રી માનીને નિષ્ક્રિય બની બેસી રહેવું પાલવે નહિ. તેણે તો વધુ ને વધુ સાત્ત્વિક સક્રિયતા કેળવી કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને સમસ્ત વિશ્વના નૈતિક નવનિર્માણ માટે, મનની મલિનતાઓના પરિહાર માટે, ષડ્‌રિપુના સંહાર માટે, આત્માની ઉન્નતિ અર્થે, નિજના કલ્યાણ અર્થે સતત પુરુષાર્થી રહેવું જરૂરી છે.

આપ સૌને મારા આશીર્વાદ છે.

નરેન્દ્ર દવે – શાસ્ત્રીજી

□

Scanned by CamScanner

# અનુભૂતિ એ જ પ્રાપ્તિ

એક યા અન્ય વિષે પોતાના સમસ્ત જીવનને આધ્યાત્મિકતા–પરમતત્ત્વની ઉપાસનામાં સમર્પિત કરીને પોતાના ઈષ્ટનો–પરમતત્ત્વનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરનાર વ્યક્તિ સન્ત તરીકે ઓળખાય છે. તેમના સાક્ષાત્કારી જીવનનો જનસમાજને પરિચય થતાં જીવનયાત્રામાં માર્ગ ભૂલેલા પથિકો, પોતાના લક્ષ્યની પ્રાપ્તિ અર્થે, જીવનની આધિ, વ્યાધિ, ઉપાધિથી સંત્રસ્ત કે પરમતત્ત્વની ખોજમાં નીકળેલા અનેક મનુષ્યો–મુમુક્ષુઓ તેઓને પોતાની જીવનયાત્રાના કે આધ્યાત્મિક યાત્રાના માર્ગદર્શક તરીકે– ગુરુ તરીકે સ્વીકારે છે.

શાસ્ત્રીજી આ જ રીતે ભારત અને વિદેશની ભૂમિ પર વસતા અસંખ્ય મનુષ્યોની જીવનયાત્રાના – આધ્યાત્મિક યાત્રાના અગ્રેસર બની ચૂકયા છે. હજારો લોકોએ તેમને ગુરુપદે પ્રસ્થાપિત કર્યા છે. અસંખ્ય લોકોએ શાસ્ત્રીજીમાં પરમતત્ત્વની – તેમની આરાધ્ય દેવી વેદજનની ગાયત્રી માતાની સાક્ષાત્ શક્તિનાં દર્શનની પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભૂતિઓનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું છે. આવા સૌભાગ્યવાન જીવાત્માઓને કયારેક કયારેક જીવનમાં મૂંઝવણો–આપત્તિઓ–મુશ્કેલીઓ –સમસ્યાઓ સર્જાય છે ત્યારે તેઓ શાસ્ત્રીજી પાસે દોડી જઈ જીવનની વ્યથાની કથા વર્ણવે છે. શાસ્ત્રીજી તેમને માર્ગદર્શન તો આપે જ છે, પરન્તુ આગન્તુક સાથેના તેમના સહૃદયી, સહાનુભૂતિભર્યા, પ્રેમાળ ને સંવેદનશીલ અભિગમથી-સમ્પર્કથી વ્યક્તિ તેમના આધારે નિશ્ચિંત બની જાય છે. અલબત્ત એમાં વ્યક્તિની માતાજી પ્રત્યેની તેમ જ શાસ્ત્રીજી પ્રત્યેની શ્રદ્ધા જ કારણભૂત બને છે.

શાસ્ત્રીજીના વ્યક્તિત્વની દિવ્ય ને અલૌકિક તેજધારી આભાનાં દર્શન જ મનુષ્યને શાતા ને ધીરજ બંધાવી આપે છે. જીવન જીવવાની ક્ષમતા બક્ષે છે એટલું જ નહિ, આગન્તુક તેમની સાથે આત્મિક ને આધ્યાત્મિક નાતો બાંધી બેસે છે.

Scanned by CamScanner

પોતાની સાથે અન્તરનો નાતો બાંધેલા આવા આધ્યાત્મિક આશ્રિતોનું સર્વાંગી શ્રેય થાય, આત્મિક વિકાસ થાય, અન્તઃકરણની મલિનતા ધોવાય તે માટે પૂ. શાસ્ત્રીજી તેઓને સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ ભાવથી, મા–બાળકનો સમ્બન્ધ કેળવી ગાયત્રી મહામંત્રના જપ, ઈષ્ટની ઉપાસના કરવા સૂચવે છે, તે તરફ પ્રેરે છે.

જેમ શુદ્ધ જળ મલિનતાને દૂર કરે, તે જ રીતે મંત્રજપ, ઈષ્ટનું નામસ્મરણ આંતરિક મલિનતા દૂર કરી અંતરના અરીસાને સ્વચ્છ બનાવે છે, જેથી આત્મામાં બિરાજેલ પરમાત્માનું દર્શન સ્પષ્ટ દેખાય. આંતરબાહ્ય વાતાવરણમાં સાત્ત્વિક આંદોલનો પ્રસરે, દિવ્ય સંદેશાઓ ઝીલી શકાય, પરમાત્માની અનુભૂતિ થાય. શાસ્ત્રીજીને ગુરુપદે પ્રસ્થાપિત કરી ચૂકેલ દેશવિદેશનાં અસંખ્ય ઉપાસકો મા ગાયત્રીની, તેમના ઈષ્ટદેવની, પૂ. શાસ્ત્રીજીના માર્ગદર્શનની, આદેશની, પ્રત્યક્ષ કે પરોક્ષ દર્શનની, હાજરીની, સુવાસની, અવાજની, સંકેતની અનુભૂતિઓ મેળવે છે અને જીવનમાં ધન્યતા અનુભવે છે. તેઓની શ્રદ્ધા અને શરણાગતિનો પાયો મજબૂત બને છે.

સન્તનું અવતરણ સાંકેતિક હોય છે. પરમાત્માનું કાર્ય કરવા, ભક્તને આપેલું વચન નિભાવવા માટે તેઓ પરમાત્માની ઇચ્છાથી – આદેશથી પૃથ્વી પર અવતરે છે. શાસ્ત્રીજીનાં જીવન અને કાર્ય આની પ્રતીતિ કરાવે છે. સાત્ત્વિક અને ધાર્મિક કુળનાં માતાપિતાને ત્યાં જન્મતાં જ મા ગાયત્રીનું પ્રત્યક્ષ પયપાન કર્યું. ઋષિમુનિઓના વાયુમંડળમાં સામેલ થઈ સંદેશાઓ ઝીલવાની ક્ષમતા પ્રાપ્ત કરી, જન્મભૂમિ ગોધરા છોડીને અમદાવાદને કર્મભૂમિ બનાવવાનો માતાજીનો આદેશ, મા ગાયત્રીનો સાક્ષાત્કાર, કાર્યયજ્ઞનો આદેશ અને માર્ગદર્શન વગેરે પ્રસંગોનું નિરૂપણ તેમ જ પૂ. શાસ્ત્રીજી અને મા ગાયત્રીની કૃપાપ્રસાદી પામેલાં કેટલાંક ભાઈબહેનોની અનુભૂતિઓને પ્રસ્તુત કરવામાં આવી છે.

Scanned by CamScanner

ઉપાસના માટે વાચકોને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું છે. સત્યપ્રસંગો આ પુસ્તકને મૌલિકતા બક્ષે છે.

કોઈપણ ઉપાસકને પરમતત્ત્વની પ્રત્યક્ષ પ્રાપ્તિ કે દર્શનની ખેવના રહે તે સ્વાભાવિક છે. જીવનની મૂંઝવણો-અકળામણો-આપત્તિઓના સમયમાં પરમાત્મા સૂક્ષ્મરૂપે જે ગેબી સહાય મોકલીને ઉપાસકને-ભક્તને પોતાની સૂક્ષ્મ ઉપસ્થિતિની-સથવારાની અનુભૂતિ કરાવે છે તે જ ઉપાસક-ભક્ત પક્ષે પરમતત્ત્વની પ્રાપ્તિ લેખી શકાય. એવી પ્રાપ્તિ માટે શ્રદ્ધા, શરણાગતિ, સમર્પણ ભાવની સાથે શાસ્ત્રીજીના આદેશનું, માર્ગદર્શનનું અક્ષરશઃ પાલન પણ ભક્ત માટે અનિવાર્ય-પણે આવશ્યક બની જાય છે. તેમના આદેશના અમલ દ્વારા જ અનુભૂતિના આસવનું પાન કરવા આપણે સૌ સામર્થ્ય મેળવી શકીએ.

પુસ્તકનું શીર્ષક અનુભૂતિના આસવના પાન માટે સામર્થ્ય મેળવવા પ્રોત્સાહિત કરે છે.

પુસ્તકમાં રજૂ કરેલ શાસ્ત્રીજીની તેમ જ અન્ય ઉપાસકોની અનુભૂતિઓનું–content વસ્તુ પણ વાચકને અનુભૂતિના પન્થે લઈ જઈ શકશે એમ હું માનું છું.

જનસમાજને પરમતત્ત્વની–મા ગાયત્રીની પ્રત્યક્ષ-પરોક્ષ હાજરીની અનુભૂતિ મેળવવા માટે જ તો શાસ્ત્રીજીએ સાત્ત્વિક સક્રિયતાની હિમાયત કરી છે અને ઉપાસકના-ભક્તના આત્માના ઉત્થાન માટે–કલ્યાણ માટેની ક્ષિતિજો વિસ્તારી આપી છે, કહો કે જીવનના ઉદ્ધાર માટે ઉપાસનામાં આગળ વધવા માટે કાચી સામગ્રી તૈયાર કરી આપી છે. એમાંથી કેવી વાનગીઓ બનાવવી તે આપણા હાથની વાત છે.

–'અનુરાગ'

Scanned by CamScanner

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| * | સાત્ત્વિક સક્રિયતાની આવશ્યકતા | ... ૩ |
| * | અનુભૂતિ એ જ પ્રાપ્તિ | ... ૫ |
| ૧. | શાસ્ત્રીજી : ગાયત્રી ઉપાસનાનું ઉત્તુંગ શિખર | ... ૧ |
| ૨. | ઉપાસકોને માર્ગદર્શન | ... ૧૨ |
| ૩. | વેદજનનીનું સ્તનપાન | ... ૨૪ |
| ૪. | તિતિક્ષાનો માર્ગ | ... ૩૦ |
| ૫. | માતાજીનો પ્રથમ સાક્ષાત્કાર | ... ૩૬ |
| ૬. | અભયવચનની અનુભૂતિ | ... ૪૪ |
| ૭. | પાંચ વાગ્યાની અવધિ | ... ૪૮ |
| ૮. | જીવનની આધારશિલા | ... ૫૨ |
| ૯. | ગુરુપ્રાપ્તિની ઝંખના | ... ૫૭ |
| ૧૦. | જીવનસાથીની પસંદગીની વિમાસણ | ... ૬૨ |
| ૧૧. | સૂક્ષ્મ અને સઘન પ્રેરણા | ... ૬૯ |
| ૧૨. | મનુષ્યનો વિસામો | ... ૭૬ |
| ૧૩. | તપ અને યોગ | ... ૮૦ |
| ૧૪. | ચાલુ ટ્રેને પડવા છતાં બચાવ ! | ... ૮૬ |
| ૧૫. | સાફલ્યનો સદ્ભાવ | ... ૯૩ |
| ૧૬. | ગાયત્રી ચાલીસા | ... ૯૮ |
| ૧૭. | વિશ્વમ્ભરીની સ્તુતિ | ... ૧૦૩ |
| ૧૮. | ગાયત્રી કવચ | ... ૧૦૬ |
| ૧૯. | આરતી | ... ૧૦૭ |


□

Scanned by CamScanner

: ૧ :

## શાસ્ત્રીજી: ગાયત્રી ઉપાસનાનું ઉત્તુંગ શિખર

ગુજરાતના સામ્પ્રતકાલીન સન્તોમાં ગાયત્રી ઉપાસક શાસ્ત્રીજીનું નામ અગ્રસ્થાને છે. આધ્યાત્મિક ક્ષેત્રે તેમણે કરેલા પ્રદાનમાં તેમની નિજી મુદ્રા સ્પષ્ટપણે ઉપસી આવે છે. તેમનો આધ્યાત્મિકતા–ઉપાસના અંગેનો અભિગમ તેમ જ તેમની કાર્યપ્રણાલી કંઈક વિલક્ષણ ને વિશિષ્ટ છે. તેમના સમસ્ત જીવનકાર્યમાંથી શ્રીમદ્ ભગવદ્‌ગીતાના નિષ્કામ કર્મયોગ, શ્રદ્ધામય ભક્તિ, જપયજ્ઞ અને પરમતત્ત્વ સાથે સાયુજય સાધી આપતા ધ્યાનયોગની વિભાવના ઉદ્‌ભવે છે. પરમતત્ત્વની–પોતાના ઈષ્ટની શરણાગતિનો સ્વીકાર તેમના અભિગમની અનિવાર્ય આવશ્યકતા છે.

ભારતની ભૂમિ પર શાસ્ત્રીજી મા ગાયત્રીના લાડલા પુત્ર તરીકે અવતર્યા છે. માતાજીએ સ્વયં તેમનામાં આધ્યાત્મિક સિદ્ધિઓ અને આત્મિક શક્તિઓનું સિંચન કરી, લોકસેવાનો આદેશ આપ્યો છે.

તેમણે આધ્યાત્મિકતા અને ગાયત્રી ઉપાસનાના સરળ અને લોકભોગ્ય સ્વરૂપનું નિદર્શન કર્યું છે. તેમણે આધ્યાત્મિકતા–ઉપાસના સાથે જડાયેલી રૂઢિગત પરંપરાઓ–જડતાઓ–માન્યતાઓનું ખંડન કરી પોતીકા નૂતન જીવન-

Scanned by CamScanner

દર્શનની, ઉપાસનાના મૂળભૂત રહસ્યની અને સમયના પ્રવાહમાં ઉપેક્ષિત બનેલી ગાયત્રી ઉપાસનાને બુલંદ–પ્રબળ બનાવવાની, તેને પ્રાધાન્ય આપવાની, તેની પુનર્સ્થાપના કરવાની એક પ્રકારની આધ્યાત્મિક ઝુંબેશ ઉપાડી છે.

શાસ્ત્રીજીએ કોઈ આશ્રમ કે સંસ્થાની સ્થાપના નથી કરી. તેઓએ માતાજીના આદેશથી વ્યક્તિગત રીતે ગાયત્રી ઉપાસનાના નિદર્શનનું, લોકસેવાનું કાર્ય ઉપાડ્યું છે. વળી તેઓ કોઈ પાસે કોઈ પણ પ્રકારની ફી નથી લેતા.

શાસ્ત્રીજીની કાર્યપ્રણાલીનાં સોપાનો આ પ્રમાણે છે :

(૧) વ્યક્તિગત મુલાકાત,
(૨) જીવનજળ,
(૩) શક્તિપ્રદાનની સારવાર,
(૪) સહજ ધ્યાન,
(૫) જ્ઞાનગોષ્ઠિ.

શાસ્ત્રીજી વ્યક્તિગત મુલાકાત દ્વારા વ્યક્તિની ભૌતિક (અંગત, સામાજિક, કૌટુંબિક, આર્થિક, વગેરે) તેમ જ આધ્યાત્મિક–ઉપાસનાકીય સમસ્યાઓ પરત્વે ગાયત્રી ઉપાસનાનું તેમ જ મા ગાયત્રી તરફથી પ્રાપ્ત થતા સંકેત–આદેશ–પ્રેરણા અનુસાર માર્ગદર્શન આપે છે.

અસાધ્ય એવા શારીરિક–માનસિક રોગો પરત્વે શાસ્ત્રીજી અભિમંત્રિત જીવનજળ આપે છે. એ જળ તેમના આદેશ અનુસાર લેવાનું હોય છે ઉપરાંત મા ગાયત્રી તરફથી જે સૂચનો પ્રાપ્ત થાય તેનો દર્દીએ અમલ કરવાનો રહે છે.

Scanned by CamScanner

આ જળ હંમેશ બંધ વાસણમાં પણ અતિ સ્વચ્છ, સ્વાદિષ્ટ રહે છે. એમાં જીવાત પાકતી નથી. આ જળ ખલાસ થતાં વ્યક્તિએ શાસ્ત્રીજીનો રૂબરૂ સંપર્ક સાધી નવું જળ અભિમંત્રિત કરાવવાનું રહે છે અથવા કોઈ પાસે પણ મંગાવી શકાય છે. એમાં ઘરનું પાણી ઉમેરી શકાતું નથી. જે વ્યક્તિ માટે જળ અભિમંત્રિત કરાવ્યું હોય તેનાથી જ એ લઈ શકાય છે, બીજાથી નહિ. આવશ્યકતા હોય તો દરેક વ્યક્તિએ જૂદું જૂદું જળ અભિમંત્રિત કરાવવાનું રહે છે. શાસ્ત્રીજીના આદેશ અનુસાર જળ નિયમિત લેવું જરૂરી છે.

તબીબી નિદાનની પરિસીમા વટાવી ચૂકેલા અને જીવનજળથી પણ કાબૂમાં ન આવતા રોગો પરત્વે શાસ્ત્રીજી માતાજીના આદેશ અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપે છે. શક્તિપ્રદાનની સારવાર અંગે માતાજીના માર્ગદર્શન અનુસાર ચોક્કસ પ્રકારની વ્યવસ્થા તેમના નિવાસસ્થાને કરી છે અને માતાજીના સંકેત પ્રમાણે એક, ત્રણ, પાંચ કે સાત દિવસ એ સારવારનો ક્રમ ચાલે છે.

શાસ્ત્રીજીએ ધ્યાનની સરળ પદ્ધતિ દર્શાવી છે. તેમની હાજરીમાં યોજવામાં આવેલ ધ્યાન આ પ્રમાણેનું હોય છે :

શાસ્ત્રીજીની દૃષ્ટિ બધા ઉપર પડે તે પ્રમાણે નીચે જમીન પર બેસવું. ઓરડાની લાઈટ બંધ કરવી અને કેવળ શાસ્ત્રીજીનો ચહેરો જોઈ શકાય તે રીતે લાલ રંગનો બલ્બ ચાલુ કરવો. શાંતચિત્તે પાંચ વખત સમૂહમાં ત્રિપદા ગાયત્રી

Scanned by CamScanner

મંત્ર બોલવો. તેમની દૃષ્ટિ દરેકની દૃષ્ટિમાં મળતાં શક્તિનું સિંચન થાય છે. મનનાં વમળો શાંત થાય છે. આ પ્રમાણે પ્રથમ પાંચ મિનિટ પૂરી થતાં પૂજ્યશ્રી હાથ પ્રસારે એટલે ઉપાસકોએ આંખો બંધ કરી મનમાં પાંચ મિનિટ ગાયત્રી મંત્ર બોલવો. સમય પૂરો થતાં પૂજ્યશ્રી સંકેત આપે એટલે ધ્યાન પૂરું થાય છે. રૂમની લાઈટ ચાલુ કરી બધા સ્વસ્થ થાય છે. ધ્યાનની આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન ઉપાસકને માનસિક શાંતિનો તેમ જ અન્ય અનેક પ્રકારના અનુભવો થાય છે.

દરેકે એ રીતે ધ્યાનમાં દસ મિનિટ બેસવાની ટેવ પાડવી જોઈએ એવું તેમનું સૂચન છે. તેમણે મંગળવાર અને ગુરુવારે રાત્રે દસથી દસ મિનિટ સુધી ધ્યાનમાં બેસવાનો ઉપાસકોને આદેશ આપ્યો છે.

શાસ્ત્રીજી દરેક વ્યક્તિને સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી મા–બાળકનો સમ્બન્ધ કેળવી નિષ્કામ ભાવે ત્રિપદા ગાયત્રી–મહામંત્રની દરરોજ ઓછામાં ઓછી ત્રણ માળા કરવા જણાવે છે.

શાસ્ત્રીજીનું સ્પષ્ટ મન્તવ્ય છે કે દરેક વ્યક્તિએ કરેલાં કર્મો ભોગવવાં જ પડે છે. પોતાના ઈષ્ટની કે ગાયત્રી-ઉપાસના દ્વારા વ્યક્તિનાં અસત્ કર્મો કપાતાં જાય છે ને સત્કર્મોમાં વૃદ્ધિ થતી જાય છે. વ્યક્તિની ભૌતિક સફળતા–નિષ્ફળતાને આધ્યાત્મિકતા કે ઉપાસના સાથે કોઈ સંબંધ નથી.

શાસ્ત્રીજી વિધિવિધાનને મહત્ત્વ આપતા નથી. તેઓ

Scanned by CamScanner

તો શ્રદ્ધા, શરણાગતિ અને મા-બાળકના સમ્બન્ધ ભાવને આત્મસાત્ કરવાને જ મોટું વિધિવિધાન ગણે છે.

પ્રવચન શાસ્ત્રીજીનો વિષય નથી. વળી તેઓ મિતભાષી છે. આવશ્યકતા વિના તેઓ કોઈ સાથે ઝાઝી વાત નથી કરતા. મુલાકાતીની વાતો સાંભળતી વેળા પણ તેમની દૃષ્ટિ કાં તો માતાજી સમક્ષ મંડાયેલી રહે છે, ક્યાં આંખો બંધ થઈને માતાજી સાથે સાયુજ્ય સાધી બેઠી હોય છે, તો ક્યાંક નજરો નીચી ઢળી જઈને પાત્ર કે પરિસ્થિતિની ભીતરના કોઈ અગોચર રહસ્યનો તાગ મેળવવા સરકી પડે છે.

ટેલિવિઝનના પડદા પર દેખાતાં દૃશ્યોની જેમ વ્યક્તિનાં કર્મોનું કે પરિસ્થિતિનું રહસ્ય તેમનાં આંતરચક્ષુ સમક્ષ દેખાય છે અને માતાજી તરફથી તે અંગે પ્રાપ્ત થતા સંકેત-આદેશ કે પ્રેરણા અનુસાર તેઓ વ્યક્તિને માર્ગ-દર્શન આપે છે.

મિતભાષી શાસ્ત્રીજીના મુખે ઘણી વાર –

હું પ્રયત્ન કરીશ,
હું કોશિશ કરીશ,
હું મદદ કરીશ,
હું તમારી સાથે જ છું,
થઈ જશે,
બધું માતાજી પર છોડી દો,
માતાજી બધું સારું જ કરશે,

Scanned by CamScanner

ફિકર ના કરશો,

મારા પર છોડી દો,

તમને કંઈ નહિ થાય, જવાબદારી મારી.

—જેવા શબ્દો ઉચ્ચારે છે. વ્યક્તિમાં તેમના આ શબ્દો હિંમત, ધીરજ, સહનશીલતા, શ્રદ્ધા, સમર્પણ ને સાંત્વન જગાડે છે. એથી વ્યક્તિને વિલક્ષણ અનુભૂતિઓ થાય છે. વ્યક્તિની આ અનુભૂતિઓ તેમની સાથે આત્મીયતાનો નાતો બંધાવી આપે છે.

શાસ્ત્રીજી તેમની આંતરચેતના દ્વારા—

(૧) અગોચર દુનિયામાંથી દિવ્ય સંદેશાઓ ઝીલી શકે છે.

(૨) મા ગાયત્રીના સંકેતો, આદેશો, પ્રેરણા કે માર્ગદર્શન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મેળવી શકે છે.

(૩) દૈવી અવાજ સાંભળી શકે છે.

(૪) માતાજીના વાત્સલ્યસભર સ્પર્શનો અનુભવ કરી શકે છે.

શાસ્ત્રીજીના સતત સાન્નિધ્યમાં રહેતા, આપત્તિ કે મુશ્કેલી વેળાએ મંત્રજપનો સહારો લેતાં અને માતાજીને તેમ જ શાસ્ત્રીજીને ઊંડા અંતઃકરણના પ્રબળ ભાવથી યાદ કરતાં ભક્તોને તેઓ સૂક્ષ્મ કે સ્થૂળ દેહે ઉપસ્થિત રહીને સહાય કરે છે, ઉગારી લે છે અથવા અગોચર સહાય મોકલીને તેને બચાવી લે છે.

Scanned by CamScanner

શાસ્ત્રીજીનો જન્મ ૧૯૩૨ની સાલમાં ૭મી સપ્ટેમ્બરે ભાદરવા સુદ આઠમના દિવસે ગોધરામાં થયો હતો. તેમના જન્મ બાદ તરત જ એક જ માસમાં માતા પરસનબા બિમાર પડતાં ડૉક્ટરોએ એક માસના શાસ્ત્રીજીને માનું દૂધ પીવડાવવાની ના પાડી હતી, તે વેળા ત્યાંના રણછોડજી મંદિરના ઓટલે એક યુવાન સ્ત્રીના સ્વરૂપે માતાજીએ સ્વયં પયપાન કરાવેલું. માતા પરસનબા અને પિતા બાપુલાલે તેમને ઘોડિયામાંથી જ સાત્વિક ને પવિત્ર જીવન, ઉપાસના અને આધ્યાત્મિકતાના સંસ્કારોનું સિંચન કર્યું હતું.

તેમનું મૂળ નામ નરેન્દ્રભાઈ દવે છે.

સાતમે વર્ષે યજ્ઞોપવીત ધારણ કરતાં જ તેમણે નિષ્કામભાવે ગાયત્રી ઉપાસના ચાલુ કરી હતી.

માતા-પિતા સાધુસન્તોના સત્સંગમાં ઘણી અભિરુચિ ધરાવતા હતા. ઘેર અવારનવાર ઘણા સન્તો પધારતા. ઘોડિયામાં હિંચતા બાળ નરેન્દ્રને-શાસ્ત્રીજીને-જોઈ ઘણા સન્તોએ ભવિષ્યવાણી ઉચ્ચારી હતી કે –

આ બાળક મોટો થઈ મહાન બનશે.

ક્રાંતિકારી બનશે.

મોટો સન્ત થશે.

સન્ત થશે.

૧૯૬૧માં માતાજીના આદેશથી તેઓ અમદાવાદ આવ્યા. ૧૯૭૫માં માતાજીએ લોકસેવાનો આદેશ આપ્યો.

Scanned by CamScanner

૧૯૭૬માં પાંચમી સપ્ટેમ્બરની રાત્રે માતાજીએ પ્રથમ સાક્ષાત્કાર કરાવ્યો. અને પછી તો દર વર્ષે ૭મી સપ્ટેમ્બરના તેમના જન્મદિવસના અરસામાં એકાદ-બે દિવસ પહેલાં માતાજી તેમના લાડલા દીકરાને જન્મદિવસના આશીર્વાદ આપવા, તેના કાર્ય અંગે શુભેચ્છા ને માર્ગદર્શન આપવા પધારતાં રહે છે.

માતાજીએ જ્યારે લોકસેવાનો આદેશ આપ્યો ત્યારે તેમણે નોકરીમાંથી નિવૃત્ત થવાનો વિચાર કરેલો, પણ માતાજીએ નોકરીમાંથી રાજીનામું આપવાનો આદેશ આપ્યો. દરેક કાર્યમાં માના આદેશને જ આખરી ને કલ્યાણકારી સમજતા શાસ્ત્રીજીએ માના આદેશથી રાજીનામું આપી નોકરીને તિલાંજલિ આપી !

૧૯૭૬માં ૫મી તારીખે માતાજીએ જ્યારે પ્રથમ સાક્ષાત્કાર કરાવ્યો ત્યારે નોકરીની ચિંતા ન કરવાનું પણ જણાવ્યું.

શાસ્ત્રીજી ગૃહસ્થાશ્રમી છે. તેમનું જીવન અને કાર્ય જગતને પ્રત્યક્ષ પ્રમાણરૂપ બની રહ્યાં છે કે ઈશ્વરની ભક્તિ કરવા માટે સંસાર છોડવાની કે ગૃહત્યાગ કરવાની આવશ્યકતા નથી. સંસારમાં રહીને સાંસારિક-કૌટુમ્બિક ફરજો બજાવતાં બજાવતાં પણ પ્રભુભક્તિ કરી શકાય છે કે સાક્ષાત્કાર પ્રાપ્ત કરી શકાય છે. શાસ્ત્રીજીએ ગૃહસ્થજીવનમાં રહીને સાંસારિક-કૌટુમ્બિક-સામાજિક ફરજોની સાથે જ માતાજીની ઉપાસના કરી આધ્યાત્મિકતાના ઉત્તુંગ શિખરે

પહોંચ્યા છે. સાક્ષાત્કારની કોટિએ પહોંચ્યા છતાં પણ તેમની ઉપાસના નિયમિત ને પૂર્વવત્ ચાલુ છે.

આપણે સન્તો–સિદ્ધપુરુષોને હમેશાં ભગવાં વસ્ત્રો, લાંબી દાઢી, લાંબા વાળ, કપાળે ભસ્મ, ગંભીર મુખમુદ્રા અને ઉપદેશાત્મક વાણીપ્રવાહના પરિવેશથી જ ઓળખવા ટેવાયેલાં છીએ. પરન્તુ શાસ્ત્રીજીના આન્તર–બાહ્ય વ્યક્તિત્વની લાક્ષણિકતા કંઈક અનોખી ને અદ્‌ભુત છે. સન્તોના પરંપરાગત પરિવેશનો શાસ્ત્રીજીના વ્યક્તિત્વમાં પરિહાર થયેલો જોવા મળે છે. એક સદ્‌ગૃહસ્થને સહજ એવો પોષાક–ક્વચિત્ પેન્ટ–શર્ટ, ક્વચિત્ સુટ–બૂટ–ટાઈ, પ્રસંગોપાત્ત અબોટિયું, ધોતિયું અને કફનીથી ઓપતા અને હાલ તો સામાન્ય રીતે કફની–પાયજામો પરિધાન કરેલ શાસ્ત્રીજીનું દર્શન અલૌકિક ને દિવ્ય બની રહે છે. તેમના સમસ્ત અસ્તિત્વમાંથી અલૌકિકતા–દિવ્યતા–સૌમ્યતાની શાતાકારી ને સંતર્પક આભા રેલાતી રહે છે. તેમની પાસે આવતાં દીન-દુઃખિયાઓ પ્રત્યે આશિષની અમીધારા વરસતી રહે છે. તેમનો સ્વભાવ ખૂબ જ સરળ, નિખાલસ, પ્રેમાળ ને હસમુખો છે. જે જે વ્યક્તિઓ પોતાની મુશ્કેલી, દુઃખ, ચિંતા સાથે તેમની પાસે જાય છે, તેઓ તેમનાં દર્શન કરતાં, તેમની મુલાકાત લેતાં જ કંઈક શાતા ને ધરપતનો અનુભવ કરે છે. વ્યક્તિ નિજી શ્રદ્ધા અનુસાર મનનું સમાધાન સાધી શકે છે.

શાસ્ત્રીજી નિર્લેપ ને નિષ્કામભાવે સૌને માતાજીના સંકેત, પ્રેરણા ને આદેશ અનુસાર માર્ગદર્શન આપે છે.

Scanned by CamScanner

તેઓ કોઈને નામ-ઠામ પૂછતાં નથી, પણ મુલાકાતીઓની હકીકતો તેમના હૃદયમાં ધરબાઈ જાય છે. એટલું જ નહિ, તેમની સમસ્યાઓના હલ માટે આધ્યાત્મિક પ્રયત્નોમાં ખોવાયેલા રહે છે. તેમની આત્મિક શક્તિના બળે વ્યક્તિને પોતીકી શ્રદ્ધા ને શરણાગતિ અનુસાર પોતાની સમસ્યાઓનો ઉકેલ અનેકવિધ રીતે મળે છે.

બીજી એક મહત્ત્વની બાબત એ છે કે શાસ્ત્રીજી પાસે આવનાર વ્યક્તિમાં પોતાના ઇષ્ટમાં કે મા ગાયત્રીમાં સમ્પૂર્ણ શ્રદ્ધા ને વિશ્વાસ હોવાં જરૂરી છે. ઉપરાંત શાસ્ત્રીજીનું માર્ગદર્શન એ માતાજી તરફથી પરમતત્ત્વ તરફથી મળેલું છે ને તેથી તે અવશ્ય આવકાર્ય છે, તેમના માર્ગ-દર્શનનો અમલ અનિવાર્ય છે એવી શ્રદ્ધા પણ શાસ્ત્રીજીમાં હોવી જરૂરી છે. તેમના શબ્દો ક્યારેય અફર જતા નથી. તેમના આદેશ-માર્ગદર્શનનો અમલ કરનાર વ્યક્તિ જીવનના કોઈ પણ પ્રશ્નોમાં અણધારી ને અકલ્પ્ય સફળતા પ્રાપ્ત કરે છે, તો તેમના આદેશ કે માર્ગદર્શન પ્રત્યે દુર્લક્ષ સેવનાર પોતાની સમસ્યાઓનું ધાર્યું કે યોગ્ય પરિણામ પ્રાપ્ત કરી શકતા નથી એ અનુભવસિદ્ધ હકીકત છે.

પોતાના જપયજ્ઞ દ્વારા સાંસારિક આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત લોકોને શાતા અર્પવા, પોતાની આધ્યાત્મિક અને આત્મિક સિદ્ધિ-શક્તિઓનાં સ્પંદનો દ્વારા ગાયત્રી-ઉપાસનાને અભિમુખ બનાવવા, માનવજાતના ઉદ્ધાર માટે, સમષ્ટિના શ્રેયાર્થે તેઓ અવનિ પર ઊતર્યા છે. લોકો

Scanned by CamScanner

ભૌતિકતા તરફ દોટ મૂકી રહ્યા છે, અનિષ્ટ તત્ત્વોનું વર્ચસ્વ વધતું જાય છે એવા સમયે એનાથી બચવા, માનસિક શાંતિ માટે ઈશ્વરાભિમુખ બનવાનો શાસ્ત્રીજી આદેશ આપે છે. તેમનો ઉદ્દેશ તો ગાયત્રી-મંત્ર દ્વારા લોકસેવા કરવાનો છે. જેમ બને તેમ વધુ ને વધુ નિરંતર ગાયત્રી-મંત્રજપ કરવાનો શાસ્ત્રીજીનો આદેશ અવિસ્મરણીય છે.

ભૌતિક સુખની આકાંક્ષા સેવતા, કે આધ્યાત્મિકતાની અભીપ્સા સેવનાર કે પરમતત્ત્વની પ્રાપ્તિની ઝંખના રાખતા મુમુક્ષુ માટે શાસ્ત્રીજી દીવાદાંડી સમાન છે.

★

Scanned by CamScanner

: ૨ :

## ઉપાસકોને માર્ગદર્શન

મનુષ્ય જન્મ ધારણ કરીને પૃથ્વી પર આવ્યા પછી તેને પરમતત્ત્વનું સ્મરણ-પરમેશ્વરની યાદ રહેવી જોઈએ. મનુષ્ય પરમતત્ત્વના અસ્તિત્વની અનુભૂતિથી વિમુખ બને તે ઉચિત નથી.

પૃથ્વી પર જન્મ ધારણ કરીને આવ્યા પછી મનુષ્ય હવા, પાણી ને ખોરાક વિના જીવી નથી શકતો. હવા, પાણી ને ખોરાક મનુષ્યજીવનની અનિવાર્ય આવશ્યક્તા છે, તેમ મનુષ્યના આત્માના અને દેહના પણ પોષણ, સંવર્ધન માટે પરમતત્ત્વની ઉપાસના-સ્મરણ-ભક્તિની પણ અનિવાર્ય આવશ્યકતા છે. આથી દરેકે પોતાના ઈષ્ટની અથવા ગાયત્રી ઉપાસનાને દૈનિક નિત્યકર્મમાં વણી લેવી જરૂરી છે. આથી માનસિક શાંતિ અને શાશ્વત સુખની અનુભૂતિ થાય છે. સાત્ત્વિક, પ્રમાણિક જીવન અને નૈતિક પુરુષાર્થ ઉપાસનાની આધારશિલા છે.

આથી મનુષ્યને પરમતત્ત્વના અસ્તિત્વની-ઉપસ્થિતિની પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભૂતિ પણ થઈ શકે છે.

ગાયત્રી ઉપાસના કરવા ઈચ્છતા ઉપાસકોએ સમ્પૂર્ણ શ્રદ્ધા, શરણાગતિ, મા-બાળકનો સમ્બન્ધ કેળવી નિષ્કામ

Scanned by CamScanner

ભાવે ત્રિપદા ગાયત્રી મહામંત્રની ત્રણ માળા દરરોજ કરવી જરૂરી સમજું છું.

ત્રિપદા ગાયત્રી મહામંત્ર આ પ્રમાણે છે:

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ૐ ॥

મન્ત્રનો શબ્દાર્થ આ પ્રમાણે છે:

ૐ – પ્રણવમંત્ર – હે પરમાત્મા

ભુર્ – જે સત્ સ્વરૂપ છે, પ્રાણાધાર છે, ત્રણે કાળમાં જેનો વિનાશ થતો નથી.

ભુવઃ – જે જ્ઞાનસ્વરૂપ છે

સ્વઃ – જે આનન્દસ્વરૂપ છે

તત્ – તે પરમાત્મા

સવિતુર્ – તે સૂર્યનારાયણ છે, બ્રહ્માંડને ઉત્પન્ન કરનાર છે.

વરેણ્યમ્ – જે ઉપાસના કરવા યોગ્ય છે.

ભર્ગો – તેનું પાપનાશક તેજ

દેવસ્ય – જે પ્રકાશસ્વરૂપ છે

ધીમહિ – તેનું ધ્યાન ધરીએ છીએ

ધિયો – બુદ્ધિને, વિચારોને

યો – એ પરમાત્મા

નઃ – અમને

પ્રચોદયાત્ – પ્રેરણા આપો.

Scanned by CamScanner

ભાવાર્થ – હે પરમાત્મા, અમે આપના જ્યોતિસ્વરૂપનું ધ્યાન કરીએ છીએ. આપ અમારી બુદ્ધિને સન્માર્ગમાં પ્રેરિત કરો. આપનું જ્ઞાન અમારી બુદ્ધિમાં સ્થિર થાવ.

ગાયત્રી મહામંત્ર એ વેદોક્ત મન્ત્ર છે. તેના મન્ત્ર-જપથી આંતરબાહ્ય સૃષ્ટિનું વાયુમંડળ ચેતનવંતુ બને છે. મન્ત્રના ચોવીસ અક્ષરોનું મનુષ્યશરીરમાં ચોક્કસ જગ્યાએ સ્થાન છે. મન્ત્રના જપ દ્વારા મન્ત્રના દરેક અક્ષર જે તે સ્થાન સાથે આંદોલિત થાય છે અને સમસ્ત અસ્તિત્વમાં અલૌકિક અને અગોચર શક્તિનો સંચાર થાય છે. અસ્તિત્વમાં અલૌકિક શક્તિનું સર્જન થાય છે. આથી ગાયત્રી મંત્ર આખો બોલવો જરૂરી છે.

આત્માનો પરમાત્મા સાથેનો સંબંધ અવિરત અને કાયમી રાખવા માટે દૈનિક ઉપાસના અનિવાર્ય છે. જેવી રીતે સાત્ત્વિક અને પૌષ્ટિક ખોરાકથી શરીરની પુષ્ટિ થાય છે તેવી જ રીતે સાત્ત્વિક ઉપાસનાથી આત્માની–આંતર-ચેતનાની પુષ્ટિ થાય છે. સ્નાન કરવાથી જેવી રીતે બાહ્ય શરીરની શુદ્ધિ થાય છે તેવી જ રીતે મન્ત્રજપ, ઈષ્ટના નામસ્મરણથી આત્માનાં આવરણોની, મનની મલિનતાઓ દૂર થાય છે.

દરરોજના ચોવીસ કલાકમાંથી દસ ટકા સમય એટલે કે બે કલાક ચાલીસ મિનિટ ઉપાસના માટે ફાળવવી જ જોઈએ. દૈનિક જીવનની આચારસંહિતામાં ઉપાસનાના

Scanned by CamScanner

સમયને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેવો જરૂરી છે.

સામાન્ય રીતે દિવસના ચોવીસ કલાકનો સમય આ પ્રમાણે વ્યતીત થવો જોઈએ એમ હું માનું છું:

સ્નાન શૌચાદિ – એક કલાક
ઉપાસના ખંડની સફાઈ – તૈયારી – વીશ મિનિટ
ઉપાસના – બે કલાક ચાળીસ મિનિટ
ચા, દૂધ, નાસ્તો – એક કલાક
વ્યવસાયનો સમય – આઠ કલાક
જમવાનો સમય – એક કલાક
વ્યાયામ – એક કલાક
ઈતર પ્રવૃત્તિ – ત્રણ કલાક
ઊંઘવાનો સમય – છ કલાક.

ઉપાસના માટે બ્રાહ્મમુહૂર્ત–ચારથી સાતનો સમય–સર્વશ્રેષ્ઠ ગણવામાં આવે છે. આ સમય દરમિયાન ઉપાસના કરવાથી આંતરબાહ્ય વાતાવરણમાં સાત્વિક આંદોલનો પ્રસરતાં હોઈ અસ્તિત્વ અલૌકિક આનન્દ ને શાંતિની અનુભૂતિ કરી શકે છે. સમગ્ર વાતાવરણ શાંત ને અલૌકિક હોઈ મન પર તેનો અનોખો પ્રભાવ પડે છે. ચિત્તની એકાગ્રતા કેળવવા માટે પણ બ્રાહ્મમુહૂર્તનો સમય ઉપકારક નીવડે છે.

આ સમય દરમિયાન સન્તોના–પરમાત્માના સંકેતો ઝીલી શકાય છે.

Scanned by CamScanner

બ્રાહ્મમુહૂર્તમાં ઉપાસના શક્ય ન બને તો, બને એટલી વહેલી સવારે ઉપાસનામાં બેસવાનો નિયમ કરવો જોઈએ.

સાયંકાળ પછી ગાયત્રી-મંત્રજપ-માળા કરવી હિતાવહ નથી. સાયંકાળ પછી માનસિક મંત્રજપ કરી શકાય છે. માનસિક મંત્રજપ કોઈ પણ સ્થળે કોઈ પણ સ્થિતિમાં થઈ શકે છે.

આપણા ઘરમાં પરમાત્માની-માતાજીની સૂક્ષ્મ સાક્ષાત્ ઉપસ્થિતિ રહે તેવું સાત્ત્વિક, પવિત્ર, સુમેળભર્યું ઘરનું વાતાવરણ સર્જાય તેવો પ્રયત્ન કરવો જરૂરી સમજું છું. ઘરનું વાતાવરણ સ્વચ્છ હશે, ક્લેશમુક્ત હશે, વડીલો પ્રત્યે આદર-સત્કારની ભાવના, ઘરનાં બાળકો માટે વાત્સલ્ય, યુવાનો માટે હૂંફ અને આત્મીયતા તેમ જ નિત્ય-નિયમિત ઉપાસના હશે તો ઘર એક મંદિર બનશે અને એ મંદિરમાં પરમાત્માની-માતાજીની ઉપસ્થિતિની અનુભૂતિ થશે એ નિશ્ચિત છે.

ઘરમાં એક ઓરડો કે કોઈ એક એકાંત જગ્યા ઈષ્ટદેવ માટે કે મા ગાયત્રી માટે અલાયદી રાખવી જોઈએ. મા ગાયત્રીને અથવા ઈષ્ટદેવની છબીને તેઓ પ્રત્યક્ષ બિરાજમાન છે તેવી ભાવના સાથે પધરાવવી અને પૂજનીય, આદરણીય વડીલની જેમ મા ભગવતીની ઉપસ્થિતિનો આદર કરવો. આપણાં વાણી, વર્તાવ, વ્યવહાર પણ તેને અનુરૂપ હોવાં જરૂરી છે. સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી કેળવાયેલી

Scanned by CamScanner

આવી મા ભગવતી ગાયત્રીની હાજરીનો અનુભવ ઘરની દરેક વ્યક્તિને થશે.

મારો અને ઘણાં ઉપાસક ભાઈબહેનોનો અનુભવ છે કે મા ભગવતીની પ્રત્યક્ષ કે પરોક્ષ હાજરી અવશ્ય અનુભવાય છે અને આપણા દરેક કાર્યમાં સરળતા, સફળતા અને માર્ગદર્શન મળતાં રહે છે. અમંગળની આગાહી અગાઉથી થઈ જાય છે. સાત્ત્વિક શક્તિના કવચથી સંસારના કારમા આઘાતો સહન કરવાની શક્તિ મળે છે.

મા ભગવતી ગાયત્રી સાથે સત્સંગ કરવો. અંતરની આરત, જીવનની સમસ્યાઓ તેની સમક્ષ રજૂ કરવી, અને તેનો ઉકેલ લાવવા પ્રાર્થના કરવી, મનની સમસ્ત મૂંઝવણો તેને જણાવવી, તેની આગળ કશું છુપાવવું નહિ. કારણ તે તો અન્તર્યામી ને સર્વવ્યાપક છે.

એક વાર તેની શરણાગતિ સ્વીકાર્યા પછી, તેનામાં વિશ્વાસ મૂક્યા પછી, તેને આધારે નિશ્ચિંત બની, સઘળું તેને સોંપી દઈ કોઈ પણ બાહ્ય પળોજણનો આશ્રય લેવો નહિ જોઈએ એમ હું માનું છું.

આપણા સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વના નિયંત્રણની જવાબદારી સોંપી દેવી જોઈએ.

સ્વનું સમર્પણ કરી પ્રાર્થના કરવી જોઈએ કે,

"હે મા ભગવતી! મને બાળક જેવો નિર્મળ અને નિર્દોષ બનાવજે.



Scanned by CamScanner

"મારા હૃદયમાં હમેશાં તારો વાસ કરજે.

"મારી બુદ્ધિમાં તારું જ જ્ઞાન સ્થિર કરજે.

"મન, વચન અને કર્મથી મને તારા નિયંત્રણમાં રાખજે.

"મારું સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિતત્વ તારામાં જ સમાવિષ્ટ કરજે."

માળા એ મન્ત્રજપ ગણવાનું એક સાધન છે. તુલસી, ચન્દન, રુદ્રાક્ષ કે સ્ફટિકની ૧૦૮ મણકાની મેરુવાળી માળાને પવિત્ર અને ઉપાસના માટે ઉત્તમ ગણવામાં આવે છે. માનસિક શિસ્ત કેળવવા માટે ઉપાસનામાં માળાનું મહત્ત્વ છે. માળા ફેરવવા માટે જમણા હાથની અંગૂઠા પછીની બીજી આંગળી ઉપર માળાને રાખવી અને મન્ત્રનો માનસિક ઉચ્ચાર કરતાં કરતાં અંગુઠા વડે માળાનો એક એક મણકો ફેરવવો. ૧૦૮ વાર મન્ત્રોચ્ચાર થતાં એક માળા થઈ ગણાય. આ પ્રમાણે એક માળા પૂરી કર્યા પછી, માળાના મેરુને ઓળંગ્યા વિના, જે છેલ્લા મણકા પર છેલ્લો મંત્ર-જપ થયો તે છેલ્લા મણકાને પહેલો ગણી બીજી માળા ફેરવવી શરૂ કરવી. માળા ગૌમુખીમાં રાખવી અથવા કપડાના કકડા નીચે ઢાંકેલી રાખવી.

ઉપાસના વખતે દર્ભના આસન પર બેસવું. દર્ભનું આસન પવિત્ર ને ઉત્તમ ગણાય છે. દર્ભના આસન પર સુતરાઉ, ગરમ કે રેશમી આસન પાથરી શકાય.

Scanned by CamScanner

પૂજાસ્થાનમાં પૂર્વ કે ઉત્તર દિશા તરફ મુખ રાખીને જમીન પર આસન પાથરીને તેના પર પલાંઠી કે પદ્માસન વાળીને બેસવું. કરોડરજ્જુ ટટ્ટાર રાખવી. બેસવા માટે પગની કે અન્ય કોઈ તકલીફ હોય તો ખુરશીમાં કે અનુકૂળ પડે તે રીતે પણ બેસી શકાય.

શક્ય હોય તો પૂજાસ્થાનમાં દીવો–અગરબત્તી કરી ઉપાસના ચાલુ કરવી. મારા મતાનુસાર શાપવિમોચન કે અન્ય વિધિવિધાનની જરૂર નથી. આવડતું હોય અને સમય હોય તો કરવામાં વાંધો નથી. પરંતુ વિધિવિધાનમાં ધ્યાન કેન્દ્રિત કરવા જતાં શ્રદ્ધા અને શરણાગતિનો ભાવ કેળવવાની મૂળ વાત વિસરાઈ જાય અને મંત્રજપ માટે સમય ઓછો પડે તેવું ન બને તે જોવું. વિધિવિધાન, ફૂલ, હાર પ્રસાદ વગેરે ઉપાસકની ભાવનાનો પ્રશ્ન છે.

ઉપાસના કરતાં ભૂલ થવાની, ખોટું થવાની કોઈ ભીતિ કે સંશય રાખવાનું કારણ નથી. ઈશ્વર કદી ઉપાસકનું અહિત કરતો નથી કે તેના હિત વિરુદ્ધનું ફળ આપતા નથી. સમ્પૂર્ણ શ્રદ્ધા અને અનન્ય શરણાગતિથી મા–બાળકનો સમ્બન્ધ કેળવી ઉપાસના કરવાથી મા જેવી રીતે બાળકનો ભાવ સમજી જાય છે તેવી જ રીતે આ દૈવી મા–બાપ ઉપાસકની–શરણાગતની ભાવનાને, તેના અંતરના ભાવને ઓળખી જાય છે. શુદ્ધ સાત્ત્વિક ભાવ અને અંતરના ઊંડાણથી કરાયેલી ઉપાસનામાં સાધન કે પદ્ધતિ ગૌણ બની જાય છે. ઉપાસનામાં ભાવના ભળે તો જ પરમાત્માના ચૈતન્ય સ્વરૂપની અનુભૂતિ થાય એમ હું માનું છું.

Scanned by CamScanner

ઉપાસના કોઈ પણ હોય, શિસ્ત કેળવાય તો સારું. ઉપાસનાનો સમય નિશ્ચિત અને અનિવાર્ય હોવો જોઈએ. દેશ, કાળ અને શારીરિક તેમ જ સામાજિક પરિસ્થિતિ પ્રમાણે સ્નાન, સ્વચ્છ વસ્ત્ર પરિધાન વગેરે શકય ન હોય પણ તો ઉપાસનાનો ક્રમ ચાલુ રાખવો.

શિસ્તબદ્ધ રીતે આયોજેલ પરમતત્ત્વની ઉપાસનાને અનુષ્ઠાન કહેવાય. સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી મા–બાળકનો સમ્બન્ધ કેળવી, મન, વચન અને કર્મથી પવિત્ર રહી, નિષ્કામભાવે, શિસ્તબદ્ધ રીતે, સ્થળ, સમય અને માળાનો ક્રમ નક્કી કરીને પોતાની શારીરિક અને માનસિક ક્ષમતા અનુસાર આરંભાયેલ ઉપાસનાને નિયત સમયમાં પૂર્ણ કરવી પડે.

વર્ષની ચાર નવરાત્રી–પોષ, ચૈત્ર, અષાઢ અને આસો માસમાં અથવા કોઈ પણ મહિનાની સુદ એકમથી અનુષ્ઠાનનો આરંભ કરી શકાય. નવરાત્રીના નવ દિવસ શક્તિની ઉપાસનાનું વિશેષ મહત્ત્વ શાસ્ત્રોમાં વર્ણવવામાં આવે છે.

## વિશિષ્ટ ઉપાસનાના પ્રકાર :

૧. **લઘુ અનુષ્ઠાન :** ૨૪,૦૦૦ મંત્રજપ એટલે કે ૨૪૦ માળા નવ દિવસમાં કરવી હોય તો દરરોજની ૨૭ માળા કરવી પડે.

૨. **અનુષ્ઠાન :** ૧,૨૫,૦૦૦ ગાયત્રી મંત્રજપ એટલે કે ૧૨૫૦ માળા. નવ, પંદર કે એકવીસ દિવસમાં સવાલાખ મંત્રજપનું અનુષ્ઠાન પૂર્ણ કરી શકાય.

Scanned by CamScanner

**૩. પુરશ્ચરણ** : ચોવીસ લાખ મંત્રજપ એટલે કે ૨૪૦૦ માળા. આ એક ઘનિષ્ઠ ઉપાસના છે. ગાયત્રી ઉપાસનામાં આગળ વધવા માટે, પરમ તત્ત્વનું સાન્નિધ્ય મેળવવા માટે આત્મિક સિદ્ધિઓને હાંસલ કરવા માટે ગાયત્રી મંત્રજપનું શિસ્તબદ્ધ નીતિનિયમોથી સજ્જ થઈને લાંબા સમયના ફલક પર કરવામાં આવતા ગાયત્રી મહામંત્રના જપ.

પુરશ્ચરણ એક વર્ષમાં પૂરું કરવું હોય તો દરરોજ ૬૭ માળા કરવી પડે. શરીર સ્વાસ્થ્ય, માનસિક ક્ષમતા, કૌટુમ્બિક જવાબદારી, સાંસારિક–સામાજિક ફરજો વગેરેને લક્ષમાં રાખીને જ પુરશ્ચરણનો પ્રારંભ સિદ્ધ ગુરુના માર્ગ-દર્શન હેઠળ કરવું. સતત માર્ગદર્શન મેળવતાં રહેવું.

પુરશ્ચરણનો પ્રારંભ કરતાં પહેલાં નાન્દી શ્રાદ્ધ કરવું જરૂરી છે; જેથી સ્નાન, સૂતક કે અન્ય અડચણો ઉપાસકને નડી શકે નહિ.

વિશિષ્ટ ઉપાસના દરમ્યાન શક્ય હોય તો અખંડ તેલ કે ઘીનો દીવો ચાલુ રાખવો. અગરબત્તી, ધૂપ શક્ય હોય તો કરવાં. સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી કરવામાં આવેલી કોઈ પણ ઉપાસના-ભક્તિ પરમાત્માનું અનુસન્ધાન કરાવી આપે છે.

## અનુષ્ઠાનનો આરંભ કેવી રીતે કરવો ?

આપણા ઘરમાં જ્યાં માતાજીની–ઈષ્ટદેવની ઉપાસના કરતા હોઈએ તે સ્થળે માતાજી સામે પૂર્વાભિમુખ દર્ભના આસન પર બેસવું. મા ભગવતી ગાયત્રી પ્રત્યક્ષ બિરાજમાન

Scanned by CamScanner

છે તેવી ભાવના સાથે દેવસ્થાનને સ્વચ્છ, સુશોભિત અને આકર્ષક રાખવું. અન્ય કોઈ વિધિવિધાનની જરૂર નથી. બ્રાહ્મમુહૂર્તમાં સવારે ચાર વાગ્યે કે ચારથી સાત વાગ્યા સુધીમાં નિશ્ચિત સમયે માળા શરૂ કરવી.

એકી સાથે બધી જ માળા ન થઈ શકે તો થોડી માળા કર્યા પછી વિશ્રામ રાખી શકાય. પરંતુ દરરોજ વિશ્રામનો સમય નિશ્ચિત રાખવો. દા. ત. એકી સાથે સાત માળા કરી શકતા હો તો સાત માળા પછી પાંચ દસ મિનિટનો વિશ્રામ રાખવો. મંત્રજપ કરવા બેસવાનો માળાનો ક્રમ અને વિશ્રામ લેવાનો સમય દરરોજ નિયત હોવો જરૂરી છે.

અનુષ્ઠાન દરમિયાન પાળવાના નિયમો

૧. સાદો સાત્ત્વિક આહાર એક વખત લેવો. (ઉપવાસ કરવાની જરૂર નથી.

૨. ઘરમાં જ બનાવેલો ખોરાક જમવો.

૩. મન, વચન ને કર્મથી પવિત્ર રહેવું. બ્રહ્મચર્યનું પાલન કરવું. ભય રાખીને કોઈ પણ ઉપાસના કરવી નહિ. મા ભગવતી માટે અને તેના દ્વારા જ આ કાર્ય થઈ રહ્યું તેવી ભાવના કેળવવી. અનુષ્ઠાન દરમિયાન સૂતક, માસિક કે અન્ય કોઈ અડચણથી અનુષ્ઠાન અધૂરું છોડવું પડે તો નવેસરથી શરૂ કરી પૂર્ણ કરવું જોઈએ.

ભૌતિકજીવનની સફળતા, આધ્યાત્મિક અભીપ્સાની સિદ્ધિ અર્થે, પરમતત્ત્વની પ્રાપ્તિ, દર્શન કે સાક્ષાત્કાર માટે,

Scanned by CamScanner

જ્ઞાન, ભક્તિ ને યોગના સંપાદન માટે તેમજ સમગ્ર શાસ્ત્રોનો પણ સાર મેં મારા મતાનુસાર નવ સિદ્ધાંતોમાં તારવ્યો છે જે આ પ્રમાણે છે:

૧. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ.

૨. નિઃસહાયને સહાય કરવી.

૩. દુઃખીઓના દિલનાં આંસુ લૂછવા.

૪. કોઈની ઈર્ષ્યા કરવી નહિ.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિન્દાથી દૂર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિઃસ્વાર્થ સેવા કરવી.

૯. અહમ્‌નો ત્યાગ કરવો.

દરેક ઉપાસક માટે મારા આદેશ પ્રમાણેની દૈનિક ઉપાસના ઉપરાંત આ ૧૫ સિદ્ધાંતોનો અમલ કરવો અનિવાર્ય છે. જેઓ આ નવ સિદ્ધાંતોનો કડક અમલ કરશે તેમને માતાજીની–ઈશ્વરની કૃપા જલ્દીથી મળશે. અલબત્ત, એમાં કર્મો તો ભાગ ભજવે જ છે.

★

: ૩ :

## વેદજનનીનું સ્તનપાન

સમયના વહી જતા વેગવાન પ્રવાહમાં એ વાત તો વહી ચૂકી હતી. ગાયત્રી ઉપાસના દવેકુળમાં પેઢીઓથી અવિરતપણે ચાલી આવી છે ને મારા માતા-પિતાના પ્રખર સંસ્કારની પાર્શ્વભૂમાં મારો પણ એ નિત્યક્રમ બની રહ્યો હતો. સાતમે વર્ષે જનોઈ દીધું ત્યારથી જ હું સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી ગાયત્રી-મંત્રની માળા કરતો હતો.

૧૯૭૧માં માતાજીના આદેશથી મેં અમદાવાદને કર્મભૂમિ બનાવી. અમદાવાદ આવ્યા પછી માતાજીએ મને ૧૯૭૬ માં સાક્ષાત્કાર કરાવ્યો અને લોકસેવાનો આદેશ આપ્યો. તેમના આદેશ પ્રમાણે વ્યક્તિગત મુલાકાતનું કાર્ય મેં શરૂ કર્યું.

અનેક સંકેતો, પ્રેરણાઓ, આદેશો આપી ચૂકેલાં માતાજીએ છેક સાક્ષાત્કાર કરાવ્યા પછી, વ્યક્તિગત મુલાકાતનું કાર્ય પણ શરૂ કરાવ્યા પછી, એકવાર હું વ્યક્તિગત મુલાકાતના કાર્યક્રમ માટે સૂરત ગયેલો ત્યારે પૂજામાં મને સંકેત આપ્યો :

Scanned by CamScanner

'સ્તનપાન કરાવનાર હું હતી.'

માતાજીના એ શબ્દો સાંભળતાંની સાથે જ મારી આંખોમાંથી અશ્રુઓ ધસી આવ્યાં. થોડી વારમાં સ્વસ્થ થઈ માતાજી સમક્ષ મસ્તક નમાવી મેં મનોમન તેમનો ઋણ-સ્વીકાર કર્યો, તેમનો પાડ માન્યો.

માતાજીના આ સંકેતની પડછે રહેલી હકીકત એવી છે કે મારા જન્મના એકાદ માસ પછી બાને અચાનક તાવ આવ્યો. ડૉકટરોએ મને દૂધ પીવડાવવા બાને ના કહી. હવે કરવું શું? તે વેળા બાટલીથી દૂધ પીવડાવવાની વાત તદ્દન નવીસવી હતી અને દૂરના ઊંડા મુલકો સુધી પહોંચેલી પણ નહિ.

૧૯૩૨ની સાલની આ વાત. એ જમાનામાં આવી પરિસ્થિતિનો એક જ ઉકેલ હતો કે તરતમાં જ મા બનેલી કોઈ સ્ત્રી પોતાના બાળકની સાથે સાથે, મારા જેવા, માનું દૂધ ન પી શકનાર બાળકને, પોતાનું દૂધ પીવડાવે. પણ તત્કાળ એવી સ્ત્રી શોધવા કયાં જવું?

દૂધ વિના હું ખૂબ ટળવળતો હતો.

મારા એક કાકા હતા. તેમનાથી મારું આ દુઃખ સહન નહોતું થતું. તેઓ મને તેડીને બહાર ફરવા નીકળી-પડચા. તેમને એમ કે બહાર લઈ જાઉં તો હું છાનો રહી જઈશ.

ગોધરામાં અમારા ફળિયામાં રણછોડજીનું એક મંદિર હતું. આજે પણ એ મંદિર ત્યાં છે. મને લઈને કાકા

Scanned by CamScanner

ફરતા ફરતા એ મંદિરે જઈ પહોંચ્યા. મને લઈને કાકા મંદિરનો ઓટલો ચઢવા જતા હતા ત્યાં જ મંદિરના ઓટલા પર શ્વેત વસ્ત્રોમાં સજ્જ એક યુવાન બહેન બેઠેલાં. તેમણે મને રડતો જોઈ કાકાને કહ્યું :

'લાવો એને મને આપો.'

તે વેળા એક સામાજિક પરિસ્થિતિ હતી, મલાજો હતો કે અજાણી સ્ત્રી સાથે કોઈ ઝાઝું બોલતું નહિ. તેથી એ યુવાન સ્ત્રીને વધુ શું પૂછવું? તેમની તરફ એકીટશે જોવામાં પણ અવિનય જ લેખાય! તેથી કાકાએ અવશપણે જ મને પેલાં બહેનના હાથમાં મૂકી દીધો અને તેમણે મને દૂધ પીવડાવ્યું. હું તરત જ રડતો બંધ થઈ ગયો. કાકાએ તે બહેનનો આભાર માનતાં તેમનું નામ પૂછ્યું અને પછી પ્રશ્ન કર્યો કે તમે ક્યાં રહો છો માવડી? તમે ઠેકાણું આપો તો હું છોકરાને સાંજે લેતો આવું. તે બહેને ઠેકાણું આપવાને બદલે કહ્યું :

'સાંજે અહીં જ લઈને આવજો!'

ઝાઝી કશી પૂછપરછ કર્યા વિના ઘરનાંને આ સમાચાર આપવા કાકા મને લઈને ઘેર આવ્યા.

કહે છે કે ઘરમાં આ વાત જાણી સૌએ ભારે અચંબો અનુભવ્યો.

એ જ સાંજે કાકા ફરી મને લઈને મન્દિરે ઉપડયા. પેલાં બહેન ત્યાં હાજર જ હતાં. તેમણે ફરી મને તેમનું દૂધ પીવડાવ્યું!

Scanned by CamScanner

આમ આ ક્રમ પૂરા દસ દિવસો સુધી ચાલ્યો. અગિયારમા દિવસની સવારે ડૉકટરોએ કહ્યું કે હવે માતા તેના બાળકને દૂધ પીવડાવી શકશે. હવે કશો વાંધો નથી.

આ સમાચાર પેલાં બહેનને આપવા કાકા પાછા મને લઈને જ મંદિરે પહોંચ્યા પણ પેલાં બહેન ત્યાં હાજર નહોતાં!?

મંદિરના ઓટલે તેઓ જ્યાં બેસતાં હતાં ત્યાં તો તેઓ નહોતાં જ, પણ આખા મંદિરનો ખૂણેખૂણો શોધ્યો છતાં ક્યાંય તેમનો પત્તો લાગ્યો નહિ. એટલું જ નહિ, પેલાં બહેન ફરી કદી દેખાયાં નહિ! નાનકડા ગામમાં તેઓ અજાણ્યાં તો રહી જ ન શકે પણ ફરી કદી તેઓ મળે ત્યારે ને?!

સમયના વહેતા પ્રવાહમાં એ વાત વહી ગઈ...

લગભગ મારી ચોવીસેક વર્ષની ઉંમરે મને ઘરમાંથી આ વાત જાણવા મળી. મારી એ અજ્ઞાત જનેતા વિશે જાણવા હું ઉત્સુક બની ગયો. તેના ઋણભારથી હું બેચેન બની ઊઠ્યો. મારી એ અજ્ઞાત જનેતા પ્રત્યે કઈ રીતે હું મારું ઋણ-ફરજ અદા કરી શકું એવા વિચારથી અસ્વસ્થ થઈ ઊઠ્યો. મેં તેની ઉંમરનો અંદાજ માંડ્યો. એ વખતે જો તે સ્ત્રી બાવીસ-ચોવીસની હોય તો અત્યારે અડતાલીસ-પચાસની હોવી જોઈએ. એવી એક એક સ્ત્રીની ભાળ મેળવી હું આખા ગામમાં ઘણું ફર્યો. ગામની આધેડ

Scanned by CamScanner

ઉંમરની ઘણી ઘણી સ્ત્રીઓની મેં પૂછપરછ કરી, પણ વ્યર્થ! મારી અજ્ઞાત જનેતાનો–જીવનદાતાનો હું તત્કાળ કોઈ પત્તો ન મેળવી શકયો.

સમયનો એક પ્રલમ્બ પટ વીત્યા પછી માતાજીએ એક દિવસ હું પૂજામાં હતો ત્યારે સંકેત આપ્યો :

'સ્તનપાન કરાવનાર હું હતી!......'

પણ મને થાય છે કે મારી કઈ પાત્રતા? મારી કઈ ભક્તિ? કઈ સેવા? હું તો તે વેળા અબુધ બાળક હતો. મારાં કયાં પુણ્ય કે માતાજીએ પૃથ્વી પર સાક્ષાત્ પધારવાની તકલીફ ઉઠાવીને મને સ્વયં તેનું દૂધ પીવડાવ્યું!

આમ માતાજીએ સ્વયં તેની શક્તિઓનું મારામાં સિંચન કર્યું છે. તેમની શક્તિ વડે જ હું કાર્ય કરી રહ્યો છું. બાકી પંચમહાભૂતનું આ ખોળિયું આ કાર્ય કરવા અશક્તિમાન છે. હું તો તેમનો બાળક છું ને બાળક જ રહેવા માંગુ છું.

પણ હું જોઉં છું એમાં મારા પૂર્વજોની ગાયત્રી–ઉપાનાની પરિણુતિ. હું જોઉં છું એમાં મારા વડવાઓની સાધનાની પ્રબળતા. હું જોઉં છું એમાં મારા માતા–પિતાની નરી આધ્યાત્મિકતા, તેમની ધર્મપરાયણતા. તે સર્વ પર પ્રસન્ન થઈને, તે સર્વનો ખ્યાલ કરીને, તેઓના કુળમાં–કૂખે જન્મેલા આ અબુધ બાળકની રક્ષા કરવા, દવેકુળ પર કુદરતમાં આવેલી આ આફતનું નિવારણ કરવા, લોક-

સેવાર્થે મારામાં તેની શક્તિનું સિંચન કરવા તેમણે સાક્ષાત આવી મને દૂધ પીવડાવ્યું. મારી કઈ પાત્રતા ?

મારા પૂર્વજોને, મારા માતા-પિતાને કોટિકોટિ વંદન કે જેઓના તપોબળથી પ્રસન્ન થઈ હું અબુધ બાળકને માતાજીએ સાક્ષાત્કાર કરાવ્યો. પોતે પ્રત્યક્ષ પ્રગટ થઈ મારામાં નિજની શક્તિનું સિંચન કર્યું. એના થકી જ મારામાં તેના પ્રત્યે શરણાગતિનો–શ્રદ્ધાનો ભાવ પેદા થયો. એ જ કૃપાશક્તિના સિંચનથી તેના સાક્ષાત્કારનું સૌભાગ્ય સાંપડયું ને જનતા જનાર્દનની સુશ્રુષાનો લહાવો મળ્યો. જીવતર ધન્ય બની જન્મોજન્મ્ તેની ભક્તિની અને સેવાની યાચના કરે છે.

★

Scanned by CamScanner

## : ૪ :

# તિતિક્ષાનો માર્ગ

ઈશ્વરનો માર્ગ તિતિક્ષાનો માર્ગ છે. સહનશીલતાનો માર્ગ છે. નાની મોટી મુશ્કેલીઓથી, આપત્તિઓથી અકળાઈ જઈને પોતાના ઈષ્ટ દેવથી કે મા ગાયત્રીના જપથી વિમુખ થવું યોગ્ય નથી. આપત્તિના અગ્નિમાં તો માનવીનો અહંકાર ઓગળવા માંડે છે. અહંકારથી મોટી આડખીલી આધ્યાત્મિક વિકાસમાં કે જીવનની ઉન્નતિમાં બીજી એકે નથી ને તેથી ભક્તજન એનાથી મુક્ત થયા પછી જ સતત ઈશ્વરસ્મરણમાં રત રહી નિર્દોષ અને આનન્દી જીવન ભોગવવા તેમ જ ઈષ્ટની–મા ગાયત્રીની કૃપા પ્રાપ્ત કરવા શક્તિમાન નીવડી શકે છે.

માતાજીએ મારી પણ ઘણી કસોટીઓ કરી છે, પણ મેં કદી કોઈ ફરિયાદ નથી કરી. ભૌતિક જીવનની સફળતા નિષ્ફળતાને આધ્યાત્મિકતા સાથે કોઈ સંબંધ નથી. દરેકે પોતે કરેલાં કર્મો તો ભોગવવાં જ પડે છે.

મેં તો મારા શૈશવથી જ, નિષ્કામ ભાવે ઉપાસના કરી છે. મારા જીવનમાં મેં કદી કોઈ અપેક્ષા રાખી નથી. મારા જીવનની શરૂઆતના કાળથી જ મેં માતાજીની શરણાગતિ સ્વીકારી છે. મારું જીવન માતાજીની મરજી

Scanned by CamScanner

પ્રમાણે જ ગતિ કરે છે. મેં જીવનમાં કદી કોઈ ઊણપ કે અભાવની લાગણી અનુભવી નથી. કોઈ પણ પરિસ્થિતિમાં માતાજીની મરજી અને તેનો શુભ સંકેત જ સમજવા માટે મેં સતત મારા મનને કેળવ્યું છે અને કેળવતો રહું છું. માતાજી કસોટી તો સર્વની કરે છે. જીવનમાં જે કોઈ વિકટ પરિસ્થિતિ આવે છે, તેમાં માતાજીનો શુભ સંકેત અવશ્ય હોય જ છે.

હું પણ જીવનની અનેકવિધ વિકટ પરિસ્થિતિઓમાંથી પસાર થયો છું. એમાંનો એક પ્રસંગ અત્રે રજૂ કરું છું :

૧૯૭૦ની સાલની એ વાત છે. એ વખતે મારે અમેરિકા જવાનું નક્કી થયેલું. પાસપોર્ટ તૈયાર થઈ ગયા બાદ મેં મારા ખાતા પાસે 'નો-ઑબ્જેકશન સર્ટિફિકેટ'ની માગણી રજૂ કરી. પંદર વર્ષની મારી એકધારી નોકરીમાં મારા કામ અંગે કોઈપણ જાતની ફરિયાદ નહોતી. ઉપરી અધિકારીઓ એને કારણે મારી ઉપર હંમેશ પ્રસન્ન રહેતા, પણ ઉપરીની પ્રસન્નતા જેમ બીજાઓની ઈર્ષ્યાનું કારણ બને છે તેમ મારે માટે પણ થયેલું. મને આની બિલકુલ જાણ નહિ.

ગમે તે કારણસર સર્ટિફિકેટ માટેની મારી અરજી નામંજૂર થઈ. મેં ફરીવાર લખાણ કર્યું. મારી નિષ્ઠા ને પ્રમાણિકતા છતાં મને અન્યાય થયેલો તેથી બીજી વારનું લખાણ કદાચ કંઈક કડક શબ્દોમાં લખાઈ ગયું હશે. બસ, બહાનું મળી ગયું. વિરોધીઓએ ઉપરી સાહેબના કાન

Scanned by CamScanner

ભંભેર્યા. સર્ટિફિકેટની વાત તો બાજુ પર રહી. મારી કામગીરીનું એકાએક ઇન્સ્પેકશન ગોઠવવામાં આવ્યું. મને પરેશાન કરવા માટેના જાતજાતના મુદ્દા તૈયાર થયા હતા. પણ એમાં કંઈ ખામી જડી નહિ. ઉપરી અધિકારીએ મારો દેખાવ અને પહેરવેશ નજરમાં લઈ ટોણો માર્યો:

'તમે તો અહીંના રાજકુમાર હો એમ લાગે છે!'

હું એકદમ આશ્ચર્યચકિત થઈ ગયો. મારી કામગીરી અને મારા દેખાવને કંઈ લેવાદેવા નહોતી. મેં શક્ય એટલી સહનશીલતા દાખવી જવાબ આપ્યો, 'સાહેબ, હું તો જન્મ્યો ત્યારથી જ મા ગાયત્રીનો કુંવર છું.' મશ્કરીભર્યું હસી એમણે વિદાય લીધી.

મેં ધીરજ ગુમાવી નહોતી. મેં બીજી મુલાકાત માટે ફરી પત્ર લખ્યો. મુલાકાતની મંજૂરી મળી. પણ મને ખબર નહોતી કે ત્યાં શાં ષડયંત્ર ગોઠવાયાં હશે. હું મુલાકાત માટે ગયો. હું શાંતિપૂર્વક મારા કાગળોની ફાઈલ ટેબલ પર બિછાવી મારી વાતની રજૂઆત કરી રહ્યો હતો. ત્યાં મારા કાને સત્તાવાહી અવાજ અથડાયો : 'બકવાસ બંધ કર. તું બહુ બોલે છે. જેલના સળિયા પાછળ ધકેલી દઈશ.' આ સાંભળી હું અચંબામાં પડી ગયો. વિવાદ કરવો વ્યર્થ સમજી હું ઊભો થઈ બહાર નીકળી ગયો. બહાર નીકળતાં એ અધિકારીનું અટ્ટહાસ્ય મારે કાને અથડાયું. પાસે બેઠેલા મારા સહકાર્યકરો તેમને કહી રહ્યા હતા : 'સાહેબ, બહુ

Scanned by CamScanner

સારું કર્યું. આપે એને બરાબર ખખડાવ્યો. શું સમજે છે એના મનમાં એ ?....'

હું તો શું સમજવાનો હતો ? સમજવાનું મને સમજાઈ ગયું હતું કે ભલે આ જન્મે શુદ્ધ જિંદગી ગાળી, પણ પરભવનાં કોઈ પાપ હજુ બાકી રહ્યાં હશે, તે આ જન્મે ભોગવ્યે જ છુટકો. મારો રહ્યોસહ્યો અહમ્ પણ ઓગળી ગયો. હું તૈયાર થઈ ગયો અને મને થયું કે હજુ ઘણી કસોટીઓ આવશે. મા ગાયત્રી મારાં તમામ પાપોથી મને મુક્ત કરવા માગે છે. મારી સંપૂર્ણ શુદ્ધિ માટે એણે મારી તાવણી શરૂ કરી છે. માનો મનોમન આભાર માનતો હું એના સ્મરણમાં ઊંડો ઊતરતો જતો હતો.

ત્યાં એક દિવસ બદલીનો કાગળ આવ્યો. છેક ઊંડાણના એક ગામમાં મારી બદલી કરવામાં આવી હતી. ગામ એવું હતું કે ત્યાં હવા–પાણી શુદ્ધ મળે, બાકી જીવનજરૂરિયાતની નાની સરખી ચીજ લેવા માટે પણ અઢાર માઈલ દૂર જવું પડે. પણ ગામડું રમણીય. બે બાજુ ડુંગર અને વચ્ચેની સાંકડી ખીણમાં મારો વસવાટ. નિસર્ગની છાયામાં મા ગાયત્રીનું સ્મરણ મને વધુ અનુકૂળ થઈ પડ્યું.

અઠવાડિયે–પંદર દિવસે રજાનો મેળ થતાં હું ઘેર આવતો. ઘરનાં સૌ અને મિત્રો કહેતા: 'તું ગાયત્રીનો ઉપાસક અને તારી આવી કસોટી ?' મને એમના દુઃખથી દુઃખ અવશ્ય થતું, પણ એનો કોઈ અર્થ નહોતો. હું તેમને કહેતો, 'દરેક માણસે કર્મનાં ફળ ભોગવવાં પડે છે. વળી માણસની



Scanned by CamScanner

આંતરિક આધ્યાત્મિક ગતિ અને બાહ્ય નૈતિક જીવનની સફળતા–નિષ્ફળતાને ખરેખર કોઈ જ સમ્બન્ધ નથી. આવી અનેક અવળીસવળી કેડીઓને વટાવતો આધ્યાત્મિકતાનો માર્ગ ઊંચે ને ઊંચે જાય છે. માણસે ધીરજ રાખી પોતાના નિશ્ચિત ધ્યેય તરફ ગતિ કર્યે રાખવી જોઈએ.'

મારા આવા આશ્વાસન છતાં તેઓની મનોવેદના મટતી નહોતી.

એક દિવસ હું ઑફિસે ગયેલો, ત્યાં ઘરનું તાળું તૂટ્યું. ગરમ શાલ, તમામ ખાદ્યસામગ્રી અને ઘરમાં હતાં તેટલાં નાણાં – સઘળું ચોરાઈ ગયું. ગામમાં તો કંઈ મળે નહિ. શનિવારને બે દિવસની વાર હતી. માનું સ્મરણ કરતાં બે દિવસ તો પાણી પર કાઢી નાંખ્યા. રવિવારે ઘરે જવાનું વિચાર્યું હતું પણ એસ. ટી.નું ભાડું ક્યાંથી લાવવું? બસમાં બેસીને કંડકટરને વિનંતી કરી કે ઘેર જઈને તમને પૈસા પહોંચાડું છું. આસપાસ બેઠેલા મુસાફરોએ પૈસા આપવાની તૈયારી તો દેખાડી, પણ એમને એ પાછા પહોંચાડવા ક્યાં શોધું? કંડકટર કબૂલ થયો. એણે પોતાના ખિસ્સાના પૈસા મૂકી અને ટિકિટ આપી. આંખમાંથી ઊભરાઈ આવતા આંસુઓને બળેબળે દબાવી મેં આંખો મીંચી. બસ ઊપડતાં જ માનું સ્મરણ આદર્યું. ઘેર પહોંચી કંડકટરને પૈસા પરત કરી આવ્યો.

આવી હેરાનગતિના પૂરા પાંચ માસ વીત્યા. મા ગાયત્રીનું સ્મરણ પૂર્વવત્ ચાલુ જ હતું. મનમાં કશી રાવફરિયાદ

Scanned by CamScanner

નહોતી. મને ઊંડી પ્રતીતિ થઈ ગઈ હતી કે મારી શુદ્ધિ ખાતર જ મા મારી તાવણી કરે છે. જેણે પણ શુદ્ધ થવું હોય એણે તપવું તો પડે જ. તપવાનો ઈનકાર કરનાર શુદ્ધિનો પણ ઈનકાર જ કરે છે. મનને નીચે ને નીચે ઘસડતા રહેતા મનોવૃત્તિના વિકારોની ખોટી ગરમી આ તાપથી શમે છે. પૂર્ણ શરણાગતિથી આ તમામ કનડગતોની વચ્ચે હું માનું સ્મરણ કર્યે જતો હતો.

અંતે તા. ૬–૬–'૭૧ની રાત્રે મા ગાયત્રીએ મને સ્વપ્નમાં દર્શન આપ્યું. એમણે મને એટલું જ કહ્યું: 'અમદાવાદ જવાની તૈયારી કર.' આટલું કહી તેઓ અદૃશ્ય થઈ ગયાં. હું તરત જાગી ગયો. માને મનોમન વન્દન કર્યાં. બીજે દિવસે બપોરે ઑફિસે ગયો ત્યારે ઑફિસમાં તે જ દિવસની ટપાલમાં એક પરિપત્ર આવ્યો. એમાં જણાવવામાં આવ્યું હતું કે અમદાવાદની ઑફિસમાં અનુભવી કર્મચારીઓની જરૂર છે અને જેણે અમદાવાદ જવું હોય તેણે પોતાની સંમતિ દર્શાવતો પત્ર મોકલવો.

મેં તરત જ મારો સંમતિપત્ર રવાના કર્યો. પછી તો મા ગાયત્રીએ બધી જ ગોઠવણ કરી હોય એમ સપ્ટેમ્બરની ત્રીજી તારીખે મારે અમદાવાદ હાજર થવાનું આવ્યું. અહીં તો કશી કનડગત હતી જ નહિ. ઉપરી અધિકારીઓને મારી કામગીરી અને નિષ્ઠાથી પૂરો સન્તોષ હતો. બસ, ત્યારથી માંડી આજ લગી કોઈ ઉપાધિ આવી નથી.

અહીં આવ્યા પછી શબેતા મુજબ નોકરી ચાલુ થઈ

Scanned by CamScanner

ગઈ. ધીમે ધીમે રહેવાની સગવડ પણ થઈ ગઈ ને પત્ની ને બાળકોને પણ ગોધરાથી બોલાવી લીધાં. મારા દૈનિકજીવન અને ઉપાસનામાં હું પૂર્વવત્ ગોઠવાઈ ને ગૂંથાઈ ગયો.

માતાજીના આદેશથી હું અમદાવાદ આવવા તત્પર થયો ત્યારે, પોતાની નજર આગળથી મને સહેજ પણ અળગો ન કરનાર બા–બાપુજીનું મન મને એકલો મોકલવા માનતું નહોતું. બાપુજી મને કહેતા; 'ભાઈ, અહીં તો અમે બધા છીએ ત્યાં તારું કોણ?....'

બાપુજીના દિલની વેદના હું સમજી શકતો હતો. મારા માતા–પિતાનો હું એકનો એક દીકરો. મારા મોટાભાઈનું અઢારેક વર્ષની ઉંમરે માંદગીમાં અવસાન થયું હતું. બા–બાપુજી બાળપણથી જ તેમની નજર આગળથી મને સહેજ પણ અળગો કરતા નહોતા. કોઈ સાથે પણ બહાર જવા દેતા નહિ. તેમને ખાતર ગોધરા બહાર મળતી ઘણી સારી નોકરીઓ પણ મેં જતી કરી હતી. આજ આટલા વર્ષે તેમની નજરથી હું દૂર જતો હોઈ તેમનું દિલ દુભાય તે સ્વાભાવિક હતું. પણ હું વિનમ્ર ભાવે તેમના દુખાતા દિલને દિલાસો આપતો અને કહેતો :

'બાપુજી, તમારી લાગણી હું સમજી શકું છું, પણ માતાજીએ અમદાવાદ જવાનો આદેશ આપ્યો છે તેથી જવું જ રહ્યું. તેનો આદેશ માથે ચડાવવો જ રહ્યો. મને શ્રદ્ધા છે કે માતાજી બધું જ સંભાળશે, તમે મારી ફિકર ન કરશો.'

Scanned by CamScanner

અહીં આવ્યા પછી ૧૯૭૫માં માર્ચ મહિનામાં શિવરાત્રીને દિવસે માતાજીએ તેમની પરોક્ષ હાજરીનો અલૌકિક અનુભવ કરાવ્યો. ૧૯૭૬ના સપ્ટેમ્બરની પાંચમી તારીખની મધ્યરાત્રીએ પ્રથમ સાક્ષાત્કાર કરાવ્યો. અમદાવાદ આવ્યા પછી જ માતાજીએ ૧૯૭૫માં લોકસેવાના આ કાર્યનો આદેશ આપ્યો.

મને તો કલ્પના સુદ્ધાં નહોતી કે મારે આ કાર્ય કરવાનું આવશે. માતાજીએ જ મને શક્તિ આપી, માર્ગદર્શન આપ્યું અને લોકસેવાર્થે નોકરી છોડવાનો આદેશ પણ તેમણે અમદાવાદ આવ્યા પછી આપ્યો.

શું અમદાવાદની ભૂમિ પર રહીને જ તેમણે કાર્ય કરાવવું હતું? શું તેમણે આ ભૂમિ પર જ પ્રગટ થવું હતું? મારી જન્મભૂમિ ગોધરાને જ કેમ કર્મભૂમિ ન બનાવી? માતાજીની લીલા આગળ એ પ્રશ્નો તો અનુત્તરિત જ રહે છે. હું તો તેમનો શિસ્તબદ્ધ સૈનિક છું તેથી તેમના આદેશ મુજબ મેં કાર્ય શરૂ કર્યું ને કરું છું.

★

Scanned by CamScanner

## : ૫ :

# માતાજીનો પ્રથમ સાક્ષાત્કાર

તે રાત્રે કૂતરાના ભસવાના અવાજથી અચાનક મારી આંખો ઉઘડી ગઈ. ઘરનું બારણું ઉઘાડી હું ઓટલે આવ્યો. કૂતરાને બુચકારો કર્યો એટલે એ તરત શાંત થઈ ગયો. માથું ભોંય પર અડાડી બે પગ આગળ તાણી એ મારી સામે ટગરટગર તાકી રહ્યો. અનાયાસ જ મને એ મૂક પ્રાણી તરફ અનુકંપા જાગી ગઈ.

શ્રાદ્ધ પક્ષના દિવસો હતા. આકાશમાં તારાઓ ઝગમગી રહ્યા હતા. મારા પૂર્વજોની મને અચાનક યાદ આવી ગઈ. મને થયું કે માણસ આજે જે કંઈ છે, આજે એ જે કાંઈ ભોગવે છે એ બધું યે ઉપલબ્ધ કરી આપવામાં કંઈ કેટ-કેટલાં માનવીઓનો–પૂર્વજોનો પુરુષાર્થ છે, પણ માણસ કદી એનો વિચાર કરે છે ખરો ? દૂધ–ચોખાનો વાસ કાગડા-ઓને નાખીને જાણે એ પોતાના કર્તવ્યને પૂરું થયેલું ગણે છે. પરંપરાગત રીતે શ્રાદ્ધની ઉજવણી કરીને જાણે પૂર્વજોના ઋણમાંથી છૂટી જાય છે.

થોડીક પળો આમ પૂર્વજોના ઋણસ્વીકારની ઊંડી ગહન કૃતજ્ઞતાની લાગણીમાં રમમાણ રહ્યા બાદ હું બાકીની ઊંઘ પૂરી કરવા ઘરમાં પ્રવેશ્યો.

Scanned by CamScanner

ઘરમાં પ્રવેશતાં જ મેં માતાજીના ખંડમાં અજવાળું જોયું. એ ખંડ કેવળ શક્તિપ્રદાનની સારવાર–પૂજા માટે જ વપરાતો હતો. એમાં કોઈ કદાપિ સૂતું નહિ. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત માણસ આ જ ખંડમાંથી માતાજીની શ્રદ્ધા-પૂર્વક શરણાગતિ સ્વીકારી પાછો વળતો. આ ખંડમાં માતાજીનું મંદિર હતું. મંદિર પાસે એક પલંગ હતો. એ પલંગની સાથે શક્તિપ્રદાનની સારવાર માટે ચાર રંગના બલ્બ અને વાઈબ્રેશન્સ બૉકસની રચના કરી છે. વીજળીના પ્લગ સાથે એ જોડાયેલાં હોય છે. માતાજીના મંદિરમાં વીજળીનો બલ્બ ગોઠવેલો છે. આ બન્ને પ્લગ રોજ રાત્રે સૂવા જતી વખતે હું પોતે જ મારા હાથે કાઢીને જતો. આજે પણ મારી રોજની ટેવ પ્રમાણે એ પ્લગ મેં જાતે જ કાઢયો હતો અને સ્વીચ પણ જાતે જ બંધ કરી હતી. ઘરનાં સૌ ઊંઘતાં હતાં, ત્યારે માતાજીના ખંડમાં અજવાળું કયાંથી ?

કુતૂહલથી હું ખંડમાં પ્રવેશ્યો અને જોયું તો પ્લગ ભેરવેલો હતો. લાઈટની સ્વીચ પાડેલી હતી. માતાજીના મંદિરમાં રોશની ઝગમગી રહી હતી. આમ કોણે કર્યું હશે એમ હું વિચારતો હતો, ત્યાં એક ઝબકારો થયો. આખા ખંડમાં અલૌકિક દિવ્ય તેજ ઝળહળી ઊઠયું. એ તેજપુંજ સમેટાઈને પેલા પલંગ પર પહોંચી ગયો.

એ તેજથી અંજાઈ ગયેલી આંખો ઉઠાવી મેં પલંગ પર દષ્ટિ સ્થિર કરી. 'ઓ હો !' મારા મોંમાંથી આશ્ચર્યનો

Scanned by CamScanner

ઉદ્દ્ગાર સરી પડયો. મારું સમસ્ત અસ્તિત્વ ઝણઝણી ઊઠ્યું. શરીરનાં રોમેરોમમાં અજબની પુલકિતતા પ્રકટી ઊઠી. આંખો આર્દ્ર બની ગઈ. ચિત્ત એ તેજપુંજમાં એકાકાર થઈ ગયું.

અચરજની લાગણી શમતાં મારા મનમાં ધન્યતાનાં પૂર ઊમટયાં, કૃતકૃત્યતાનાં મોજાં ઊછળ્યાં. ઓહ! કંઈ કેટલા જન્મનું પુણ્ય આજે પ્રગટ સ્વરૂપે આંખ સામે આવ્યું હતું! કંઈ કેટલાયે જન્મનું સુકૃત જાણે સાકાર બની અવતારને અજવાળવા આંખ સામે ખડું હતું! અનેક રીતે મા ગાયત્રીની કૃપા મેં અનુભવી છે. વિવિધરૂપે માનાં દર્શન પણ કર્યાં છે, પણ આજે તો મા જાણે નિરાંત જીવે સામે આવી બેઠાં હતાં. માના મુખ પરનું તેજ અલૌકિક હતું. મોં પર રમતું સ્વર્ગીય સ્મિત પાવનકારી હતું. સમગ્ર સ્વરૂપમાંથી પ્રગટતી આભા અને સ્ફુરતી વિમલ અપૂર્વ સૌરભ વાતાવરણને કોઈ અવનવું શાતાકારી રૂપ બક્ષી રહ્યાં હતાં. (મનુષ્યરૂપે પંચમુખને સ્થાને એક જ ચહેરો અને ચહેરા પર ઝળહળ ઝળહળ તેજ.)

માનાં દર્શન કરતાં મને પહેલો વિચાર ઘરનાં સૌને તાબડતોબ જગાડી દેવાનો આવ્યો. આ અલૌકિક લહાવો ફરી પાછો ક્યારેય મળે, એવું વિચારતાં હું ઘરનાં સભ્યોને બૂમ પાડવા જ જતો હતો, ત્યાં જ મારા વિચારને માતાજી જાણી ગયાં હોય તેમ તેમણે મનાઈ ફરમાવતાં નાક આગળ તર્જની ધરી ચૂપ રહેવાની સંજ્ઞા કરી. તેમના આદેશને માથે ચડાવી હું સીધો જ માનાં ચરણોમાં નમી પડ્યો.

Scanned by CamScanner

માતાજી બેઠાં જ રહ્યાં. મેં બન્ને હાથે તેમનાં ચરણો પકડી લીધાં. માતાજી એમનાં એમ જ બેઠાં રહ્યાં. માના પ્રગટ સ્વરૂપને નિહાળતો અને તેમના ચરણસ્પર્શથી પરમ ધન્યતાનો અનુભવ કરતો હું જાણે સમાધિમાં ડૂબી ગયો. માએ મારા માથે હાથ મૂક્યો. હું સમાધિમાંથી જાગ્યો હોઉં તેમ મને લાગ્યું. મેં માના મુખારવિંદ પર દૃષ્ટિ કરી. મારા હાથ તો તેમનાં ચરણોને જ પકડી રહ્યા હતા. માએ મારા માથે હાથ ફેરવતાં પૂછ્યું :

'બોલ, તારે શું જોઈએ છે?'

મારે શું જોઈએ? માની ભક્તિ, ઉપાસના મેં કશું મેળવવા કરી હતી? શૈશવથી એકધારાં ચાલતાં આ તપ-સાધના કશુંક ભૌતિક, પાર્થિવ, દુન્યવી સુખ મેળવવા આદર્યાં હતાં? અભાવથી અકળાઈને, દુઃખથી દુભાઈને, લોભ-લાલચથી લપટાઈને મેં માનું શરણું શોધ્યું હતું?

ના, મારે કશું જ જોઈતું નહોતું. મેં નકારમાં માથું હલાવી ના પાડી.

આંખમાંથી અમૃતધારા વરસાવતાં મા કહે :

'તારે મોક્ષ પણ ન જોઈએ? મોક્ષ તો માગ.'

મેં મૃદુ, આર્દ્ર સ્વરે નમ્ર ભાવે કહ્યું :

'મા, મારે મોક્ષ પણ ન જોઈએ.'

'તો તારે જોઈએ છે શું?' માએ પૂછ્યું.

Scanned by CamScanner

'તારી ભક્તિ, જન્મોજન્મ તારી ભક્તિ અને....' હું અટકી ગયો.

સર્વજ્ઞ એવાં મા હસીને કહે :

'અને શું ? બોલ.'

'અને, બને તો દીનદુઃખિયાંની સેવા, મારા માનવબન્ધુઓની સુશ્રુષા.' મેં ખંચકાતાં ખંચકાતાં કહ્યું :

'તું દરેક કસોટીમાંથી પાર ઊતર્યો છે, નરેન્દ્ર.' માએ મારા માથે હાથ પસવારતાં કહ્યું.

'અને નોકરીની ચિંતા કરતો નહીં.'

મારી આંખમાં એકાએક આંસુઓ ધસી આવ્યાં. માતાજીએ ચીંધેલા લોકસેવાના કાર્ય માટે મેં નોકરીમાંથી નિવૃત્ત થવાનો વિચાર કરેલો, પણ માતાજીએ મને રાજીનામું આપવાનો આદેશ આપેલો, તેથી મેં નોકરીમાંથી રાજીનામું મૂકી દીધું હતું. આથી પત્ની અને બાળકોની આછી આછી ચિંતા મારા મનમાં રહ્યા કરતી હતી. એક વિમાસણ રહેતી હતી. મારા ચિત્તના છાને ખૂણે પડેલી આ ચિંતા–વિમાસણને ઝડપી લઈ માએ અભયવચન ઉચ્ચાર્યું હતું. તેમની અપરંપાર દયાનો ખ્યાલ મને હચમચાવી ગયો. મારા બન્ને હાથે આંખમાં આવેલાં આંસુ લૂછી મેં ઊંચે જોયું તો...તો મા અદૃશ્ય !

હું એકદમ અવાક્ થઈ ગયો. તો શું મા પેલી છેલ્લી વાત કરવા આજે પધાર્યાં હતાં ? એક મસમોટો પ્રશ્ન મારા મનને સતાવી રહ્યો.

Scanned by CamScanner

૧૯૭૬ના સપ્ટેમ્બરની એ પાંચમી તારીખ હતી. બીજે દિવસથી જ કાંકરિયા ખાતે પુષ્પકુંજ સોસાયટીમાં આવેલ 'બંસીધર' બંગલામાં વ્યક્તિગત મુલાકાત આપવાનું નક્કી કર્યું હતું. માતાજીએ ત્યાં જઈ બેસવાનો સંકેત પણ આપી દીધો હતો. માનો આદેશ માથે ચઢાવી હું એ અંગે જાહેરાત પણ કરી ચૂક્યો હતો.

એક બાજુ માના ભક્તોને, શ્રદ્ધાળુઓને સહાયભૂત થવાનો આનન્દ–ઉમંગ હતો ને બીજી બાજુ આટલાં વર્ષોની નોકરી છોડી દઈ પૂરા કલાક માની ઉપાસના અને શક્તિ-પ્રદાનની સારવારમાં જ વીતાવવાનો માતાજીનો આદેશ હતો, પણ નોકરીનો વિચાર મનમાં કદીક ડૂંકી જતો–ફરકી જતો... તો શું એટલે જ માએ આજે, પાંચમીની રાત્રે પ્રત્યક્ષ દર્શન દીધાં હશે? હું વિમાસણમાં પડી ગયો.

ઘરનાં સભ્યોને ઉઠાડી આ અલૌકિક અનુભવની જાણ કરવાનો વિચાર આવતાં જ, મેં સૌને જગાડયાં, પણ માની કૃપાના અવતરણનું વર્ણન કરવા જતાં જ મારું હૈયું હાથ ન રહ્યું. કંઠ ગદ્ગદ્ થઈ ગયો. આંખો ઊભરાઈ પડી. સ્વસ્થ થઈ મેં આખી ઘટના વર્ણવી ત્યારે ઘરનાં સભ્યોના આનન્દનો પાર નહોતો. સૌની આંખમાં આંસુ સમાતાં નહોતાં.

★

Scanned by CamScanner

: ૬ :

# અભયવચનની અનુભૂતિ

૧૯૯૧ના 'આધ્યાત્મિક કેડી'ના જાન્યુઆરીના અંકમાં લખેલા ગુરુદેવના શબ્દો અચાનક મારા માનસપટ પર અંકિત થઈ ગયા :

'મને અંતરના ઊંડાણથી યાદ કરશો તો હું તમારી મદદે આવીશ.'...

શું કરવું તેના વિચાર-વિમાસણમાં તે વખતે હું એક બાજુ ઊભો હતો, એવામાં જ મનમાં એક ઝબકારો થયો. ગુરુદેવના અભયવચનની યાદ આવી. મેં તેમને મનોમન યાદ કર્યા. યાદ કરતાં કરતાં આંખમાં આંસુ પણ આવી ગયા. મેં મનોમન ગુરુદેવને કહ્યું :

'ગુરુદેવ! મારી લાજ રાખજો. મને સહાય કરજો.'

ગુરુદેવનું મનોમન સ્મરણ અને તેમનું અભયવચન કટોકટીના એ સમયે મારી વહારે ધાયું અને મને પરોક્ષ રૂપે મદદ કરી એ મારા જીવનનું એક સંભારણું બની ગયું છે.

મેં તો મનોમન નક્કી જ કરી રાખ્યું હતું કે મારું કામ થઈ જશે તો જીવરાજપાર્કમાં આવેલા મારા ઘેરથી

Scanned by CamScanner

ગુરુદેવના નિવાસસ્થાન વાસણા–ભઠ્ઠા ચાર રસ્તા પાસે આવેલ યોગેશ્વરનગર સોસાયટીના બંગલા નં. ૭૭ સુધીનું ૩–૪ કીલોમીટરનું અંતર ચાલતાં જ કાપીને ગુરુદેવનાં દર્શન કરવા જઈશ.

ગુરુદેવે તેમની પ્રેરણાશક્તિની સૂક્ષ્મ અને પરોક્ષ સહાય વડે મારો સંકલ્પ પરિપૂર્ણ કર્યો. તેમના ચરણમાં ઉપસ્થિત રહેવાનો મને અધિકારી બનાવ્યો. એ બધો જ યશ તેમને ફાળે જાય છે.

હું એક સામાન્ય વેપારી છું. પ્રોવિઝન સ્ટોર ચલાવું છું. રીટેઈલ વેચાણ માટે અમદાવાદની માધુપુરા માર્કેટના મોટા હોલસેલ વેપારીને માલનો ઑર્ડર નોંધાવું છું.

૧૯૯૦ના નવેમ્બર મહિનામાં તેલ, ગોળ, ખાંડ, દાળ વગેરેનો ઑર્ડર નોંધાવ્યો હતો. તેમણે એક મહિનામાં માલની ડીલીવરી આપવા જણાવ્યું હતું.

પરન્તુ બન્યું એવું કે છેલ્લા એક મહિનામાં ઉપરોક્ત વસ્તુઓના ભાવ આસમાને ચઢી ગયા. તેલનો ડબ્બો મેં ૪૨૫માં નોંધાવ્યો હતો તેની કિંમત રૂ. ૬૭૫ થઈ ગઈ હતી. તેવી જ રીતે બધી જ વસ્તુઓના ભાવમાં ધરખમ વધારો થયો હતો.

મુદત પ્રમાણે હું માધુપુરા માર્કેટના એ હોલસેલ વેપારીને ત્યાં માલ લેવા ગયો. રોકડ રકમ આપવાની હોવાથી પૈસા પણ હું સાથે જ લઈને ગયો હતો. વેપારીને મારા ઑર્ડરની વાત કરી અને માલ આપવા જણાવ્યું. તેમણે

Scanned by CamScanner

માલ આપવાની આનાકાની કરી અને ખૂબ જ ગુસ્સે થઈ ગયા. કારણ કે તેઓ જો જૂના ભાવે માલ આપે તો તેમને ખોટ જાય અને નવા ભાવે હું માલ લઉં તો મને ખોટ જાય.

હું તો ગુરુદેવને અને માતાજીને યાદ કરતો દુકાનમાં બેસી રહ્યો હતો.

પેલા વેપારી કહે : 'મિસ્ટર! તમે અહીંથી જતા રહો. તમને જોઈને મારું માથું ભમી જાય છે. મને બહુ ગુસ્સો આવે છે.'

મેં કહ્યું : 'શેઠજી, હું તો કંઈ જ બોલતો નથી.'

'છતાં પણ તમને જોઈને મને ઉદ્વેગ થાય છે. તમે અહીંથી જતા રહો. મારા સેલ્સમેન આવે ત્યારે તમે આવજો.' વેપારીએ મને કહ્યું.

હું ખિન્ન હૃદયે દુકાનેથી નીચે ઊતર્યો. દુકાનની બાજુમાં જ એક ખૂણામાં ઊભો રહ્યો. શું કરવું તેનો વિચાર કરતો હતો ત્યાં જ અચાનક મનમાં એક ઝબકાર થયો. ગુરુદેવના અભયવચનની યાદ આવી. મેં ગુરુદેવને મનોમન યાદ કર્યા.

થોડી જ વારમાં શેઠજીનો સેલ્સમેન કે જેને મેં ઑર્ડર નોંધાવ્યો હતો તેમને મેં આવતા જોયા. હું તેમની પાસે ગયો અને તેમને કહ્યું : 'ગયા મહિને મેં મારા સ્ટોર માટે માલ નોંધાવ્યો છે. મને ડીલીવરી આપો.'

Scanned by CamScanner

સેલ્સમેને કહ્યું: 'તમારો ઑર્ડર નોંધાઈ ગયો છે. ડીલીવરી ક્યારે લઈ જવી છે?'

મેં કહ્યું: 'આજે જ.'

'ભલે, પૈસા આપીને લઈ જાવ.' સેલ્સમેને વળતો જ જવાબ આપ્યો.

મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

પેલા શેઠજી કે જેઓ મારી સામે ગુસ્સે થતા હતા તેઓ તો સેલ્સમેનની મારી સાથેની વાત સાંભળી જ રહ્યા. મેં તરત જ રકમ ચૂકવી માલ મેળવી લીધો.

મારી આંખમાંથી આંસુ સરી પડયાં. ગુરુદેવને હું મનોમન વંદી રહ્યો.

અન્તરના ઊંડાણુથી, અસ્તિત્વના અદૃશ્ય આવેગથી, હૃદયના ભાવની તીવ્રતાથી મનુષ્ય જ્યારે જ્યારે પણ પરમ-તત્ત્વને પોકારે છે ત્યારે તેની શક્તિ-તેની પ્રેરણા કાર્યશીલ બને જ છે તે નિઃશંક છે. આવા પ્રસંગો પરથી તે અનુભવાતી જોવા મળે છે. આ પ્રસંગમાં વેપારીની જેમ સેલ્સમેને પણ માલ આપવાની આનાકાની કે ઈન્કાર કર્યો હોત તો?

ભક્તનો પોકાર – ભક્તનો આર્તનાદ ભગવાન અવશ્ય સાંભળે જ છે. ભગવાન કદી પોતાના ભક્તનું અહિત થવા દેતા નથી. ઈશ્વર પર શ્રદ્ધા રાખનાર કદી નિરાશ થતો નથી.

★

Scanned by CamScanner

: ૭ :

## પાંચ વાગ્યાની અવધિ

બપોરે એક વાગ્યે ગુરુદેવે 'નીલેષા' પર મુલાકાત વેળાએ જણાવ્યું :

'આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં પેપર્સમાં સહી થઈ જશે.'

પરિસ્થિતિની પરાકાષ્ઠા વર્ણવતાં સરિતાબહેને ગુરુદેવના ઉપરોક્ત શબ્દો કહ્યા.

બી. એસ. સી. હોમ સાયન્સ સુધીનો અભ્યાસ કરેલાં, સાધનસંપન્ન, સુશીલ આધુનિક છતાં અતિ સરળ જણાતાં સરિતાબહેન અઠવાડિયામાં એકાદ વાર તો ગુરુદેવની મુલાકાતે 'નીલેષા' આવે જ છે.

તેમણે શાસ્ત્રીજીના આશીર્વાદની અનુભૂતિની રજૂઆત કરતાં જણાવ્યું હતું કે,

હું નાનપણથી ગાયત્રી મંત્ર કરું છું. મેં ક્યાંક વાંચ્યું હતું તેથી મને એક પ્રશ્ન હમેશાં મુંઝવ્યા કરતો હતો કે બહેનો શા માટે ગાયત્રી મંત્ર ન કરી શકે?

Scanned by CamScanner

અમેરિકા–ન્યૂયૉર્કમાં રહેતાં મારાં મોટાંબહેન ગુરુદેવને અમેરિકામાં તેમના કાર્યયજ્ઞ વેળા મળ્યાં હતાં. પૂજ્યશ્રીના આશીર્વાદ અને માર્ગદર્શનથી તેમના પ્રશ્નો ઉકેલાઈ ગયા હતા. તેમણે મને ગુરુદેવ વિશે માહિતી આપી, તેમનાં દર્શન કરવાનું સૂચવ્યું હતું.

૧૯૯૦ના માર્ચમાં હું પહેલી વાર ગુરુજીનાં દર્શને આવી. લાઈન ઘણી લાંબી હતી. મારો નંબર ૮૫મો હતો. મારો નંબર આવવાની પ્રતીક્ષા કરતી હું 'નીલોષા'ના પ્રાંગણમાં બેઠી હતી. વાતાવરણ અતિ આહ્‌લાદક ને પવિત્ર લાગતું હતું. મને માનસિક શાંતિનો અનુભવ થતો હતો.

મારો વારો આવતાં હું પૂજ્યશ્રીના રૂમમાં ગઈ. તેમનાં દર્શન કર્યાં. ગુરુદેવે વરદ હસ્તે આશીર્વાદ આપ્યા. આછું સ્મિત વેરતું ગુરુજીનું મુખારવિન્દ, ભવ્ય લલાટ અને જાજરમાન વ્યક્તિત્વ મને અન્ય સન્તો કરતાં અસાધારણ ને વિરલ લાગ્યાં.

પૂજ્યશ્રીનાં પુસ્તકો 'શ્રદ્ધા' અને 'શરણાગતિ' મેં લીધાં. 'આધ્યાત્મિક કેડી' મેગેઝિનનું મેં લવાજમ ભર્યું. મારા મૂંઝવતા પ્રશ્નનું નિરાકરણ મળી ગયું. સ્ત્રીઓ પણ ગાયત્રી કરી શકે.

મારી ગુરુદેવ સાથેની પ્રથમ મુલાકાતથી જ મને આ પવિત્ર ભૂમિનું અને પૂજ્ય ગુરુદેવનું કોઈક અગોચર ને સાત્ત્વિક આકર્ષણ રહ્યા કરે છે. તેમને મળું, વન્દન કરું

અ.–૪

Scanned by CamScanner

ને મારા મૂંઝવતા પ્રશ્નોની રજૂઆત કરું. પૂજ્યશ્રી આશીર્વાદ આપે અને 'હું કોશિશ કરીશ' કહે. પરંતુ મને તો મનમાં ખાતરી જ હોય કે મારો પ્રોબ્લેમ ઉકલી જશે અને ખરેખર જ મારા પ્રોબ્લેમ ઉકલી જ જાય છે.

અમારો એક પ્રશ્ન ૬–૭ વર્ષથી પતતો ન હતો. અમારી એક જગ્યા વેચાતી ન હતી. પાર્ટી આવે, જગ્યા જોઈ જાય, નક્કી કરી જાય. પરંતુ પેપર્સ સાઇન થઈ ફાઈનલ વેચાણ થાય જ નહિ. છેલ્લી ઘડીએ બધું પડી ભાંગે...

મેં ગુરુજીની એક મુલાકાત વેળાએ 'નીલોષા' પર લગભગ બપોરના એક વાગ્યે મારા આ પ્રશ્નની રજૂઆત કરી.

ગુરુદેવે તો મને તત્ક્ષણ જ કહી દીધું :

'આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં પેપર્સમાં સહી થઈ જશે.'

મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. છતાં મને શ્રદ્ધા હતી. ખાતરી હતી. હું ઘેર પાછી ફરી.

જે ભાઈ પેપર્સ સહી કરવાની આનાકાની કરતા હતા અને છેલ્લી ઘડીએ સોદાની પતાવટ થતી ન હતી તે ભાઈ અચાનક સાઇટ પર આવી પહોંચ્યાં. અમારી જમીન જોઈ. આગળ પાછળનાને પૂછ્યું. જરૂરી તપાસ કરી. પછી ખાતરી થતાં મારા પતિની ઑફિસે આવ્યા અને સોદો પતાવવાની

Scanned by CamScanner

વાત કરી. પેપર્સમાં સહી કરી દીધી. બપોરના ત્રણ–ચાર વાગ્યા સુધીમાં આખી હકીકત બની ગઈ. એ ભાઈએ જ્યારે પેપર્સ પર સહી કરી ત્યારે ઘડિયાળનો કાંટો ચારનો સમય બતાવતો હતો!

હું અને મારા પતિ ગુરુદેવને વંદી રહ્યા.

ગુરુદેવના દર્શનથી મારી માનસિક ક્ષમતા વધી ગઈ છે. તેમના દર્શન–આશીર્વાદ માત્રથી જ મારી નાની મોટી મુશ્કેલીઓનું નિવારણ થઈ જાય છે.

મારે તો ફક્ત તેમના આશીર્વાદ જોઈએ, તેઓ હંમેશાં મારી સાથે રહે, જેથી મારે કોઈ ચિંતા ન રહે.

*

Scanned by CamScanner

: ૮ :

# જીવનની આધારશિલા

કનુભાઈએ આંખમાં અશ્રુ સાથે પોતાના કુટુંબક્લેશની વાત કરતાં જણાવ્યું :

'ગુરુદેવ, મારા નાના ભાઈ રમણે મારી સાથેનો સંબંધ કાપી નાખ્યો. કહે કે હું તારો ભાઈ નથી. મારી નોકરીના કારણે હું અમદાવાદમાં મારા કુટુંબ સાથે રહું છું. રજાના દિવસે અમે બન્ને ભાઈઓનું કુટુંબ સાથે જ હોય. ગામમાં અન્ય માણસોને ઈર્ષ્યા આવે એવો અમારા બે ભાઈઓ વચ્ચે સંપ હતો પરન્તુ એકાએક ભાઈએ બોલવાનો વ્યવહાર સુદ્ધાં બંધ કરી દીધો એટલે દિલમાં ઘણું જ દુઃખ થાય છે.'

વાતને વિગતે સમજાવતાં કનુભાઈએ કહ્યું કે 'રમણે મારા એક મિત્ર પાસેથી મારી જાણ બહાર રૂપિયા દસ હજાર લીધા. તેણે મારા મિત્રને આપેલી સમયમર્યાદામાં પૈસા પરત કર્યા નહિ તેથી મારા મિત્રે મારી પાસે ઉઘરાણી કરી.

મેં રમણને કહ્યું કે ભાઈ, 'તારે મનુભાઈ પાસેથી

Scanned by CamScanner

દસ હજાર રૂપિયા શું કામ લેવા પડયા? અને જો લીધા જ છે તો તારે પાછા ચૂકવી દેવા જોઈએ.'

મારી વાત સમજવાને બદલે તે તો મારા પર ગુસ્સે થઈ ગયો અને મને ન બોલવાના શબ્દો બોલ્યો. એટલું જ નહિ, મારી સાથેનો સંબંધ પણ કાપી નાખ્યો છે. એના ઘરે જઈએ તો અમારા કોઈની સાથે બોલતો નથી. હવે ૧૫ દિવસમાં દીવાળી આવશે. દીવાળી પર અમે ભાઈઓ સાથે રહીને જ દીવાળી ઉજવીએ છીએ. આ વખતે શું કરવું? અપમાનિત થવાની બીકે હું છેલ્લા ચાર–પાંચ મહિનાથી તેના ઘેર ગયો જ નથી....'

કનુભાઈની વાતને શાંતિથી સાંભળ્યા પછી ગુરુદેવે કહ્યું: 'દીવાળી પર ઘરે જાવ. બધું બરાબર થઈ જશે.'

ગુરુદેવના આદેશને શિરોમાન્ય ગણી અમે બેસતા વર્ષના દિવસે રમણના ઘેર ગયા.

જાણે કાંઈ બન્યું જ નથી તેમ ભાઈએ અમને સૌને ઉમળકાથી બોલાવ્યા. અને વહેલાં ન આવવા બદલ મીઠો ગુસ્સો પણ કર્યો. મારાં પત્ની અને હું તો આશ્ચર્યમાં પડી ગયા.

રમણભાઈમાં આમ એકાએક પરિવર્તન ક્યાંથી આવ્યું? જે ભાઈ બોલવા કે સામે જોવા પણ તૈયાર ન હતો તે આમ એકાએક બદલાઈ ગયેલો જોઈ હું અને મારાં પત્ની ગુરુદેવને અને મા ગાયત્રીને મનોમન વંદી રહ્યા.

Scanned by CamScanner

ફક્ત બેસતા વર્ષના દિવસે મળવા માટે જ ગયાં હતાં તે ભાઈને ત્યાં તેના આગ્રહથી લાભપાંચમ સુધી રોકાવું પડ્યું. અમારા બન્ને ભાઈઓના આખા કુટુંબે હર્ષોલ્લાસથી દીવાળી ઉજવી અને ભાઈઓ વચ્ચેનો પ્રેમ-સંબંધ પૂર્વવત્ થઈ ગયો.

રમણે કહ્યું : 'મોટાભાઈ, તમારા મિત્ર પાસેથી લીધેલા પૈસા મેં ચૂકવી દીધા છે.'

ગુરુદેવના આશીર્વાદ અને સાન્નિધ્યની અન્ય અનુ-ભૂતિઓનું વિગતે વર્ણન કરતાં તેમણે જણાવ્યું :

'ગુરુજી સાથે મારો પ્રથમ પરિચય ૧૯૭૬માં થયો. ત્યારે હું કેલિકો મિલમાં નોકરી કરતો હતો. અમારા વિભાગમાં અમારા શાહ સાહેબ અને અમે ચાર-પાંચ કર્મચારીઓ વચ્ચે ભાઈઓ જેવો મેળ હતો. શાહ સાહેબને ગુરુજીમાં અનન્ય શ્રદ્ધા હતી. ગુરુજીના ઘરનું કોઈ પણ નાનું મોટું કામ હોય અને તેમાં ય ગુરુપૂર્ણિમા કે જન્મ-દિવસના પ્રસંગ વગેરેના કાર્ય અંગે શાહ સાહેબ અમને સાથે લઈ જતા. અમને સૌને ગુરુદેવના ઘરનું કોઈ પણ કાર્ય કરવામાં ઘણો જ આનન્દ આવતો. પછી તો ગુરુદેવના ઘરે જવાની તક અમે શોધતા રહેતા. અને એમ ધીમે ધીમે ગુરુદેવના ઘર સાથે-ગુરુદેવ સાથે એક પ્રકારનો ઘરોબો કેળવાઈ ગયો. ગુરુદેવ એક વડીલ અને પિતાસહજ વાત્સલ્યથી અમારી સંભાળ લેતા.

Scanned by CamScanner

તેમના આશીર્વાદ લઈને જઈએ કે અન્તઃકરણથી યાદ કરીએ તો અમારું ધાર્યું કામ ઉકલી જાય છે.

તા. ૨૩-૧૨-'૮૯ના રોજ મને સ્કુટર અકસ્માત નડયો. એક ફિયાટ કાર મારા સ્કુટર સાથે અથડાઈ અને હું ઉછળીને ફૂટપાથ પર પડી ગયો. કારચાલક કાર લઈને ભાગી ગયો. મને ડાબા પગે ફ્રેકચર થયું અને શરીરે વાગ્યું.

તે દરમિયાનમાં મારા બે મિત્રો ત્યાંથી પસાર થતા હતા. તેમણે મને ઓર્થોપેડિક હોસ્પીટલમાં દાખલ કર્યો. એકસ-રે લીધો. સાથળના હાડકાંના સાત ટુકડા થઈ ગયા હતા. ઓપરેશન કરવું પડે. જો હાડકામાં પાક થઈ જાય તો પગ કપાવવો પણ પડે એવી પરિસ્થિતિ હતી.

ગુરુદેવને મારા અકસ્માતની જાણ થતાં તરત જ દવાખાને આવ્યા. મને શરીરે અને પગે હાથ પસવાર્યો. શક્તિપ્રદાન કર્યું, સાંત્વન આપ્યું, જીવનજળ આપ્યું અને કહ્યું :

'ગભરાશો નહિ. બધું સારું થઈ જશે.'

ઓપરેશન વગર ટ્રેકશનથી ચાર મહિનામાં જ મારા પગનું હાડકું સંધાઈ ગયું.

ડૉકટરે કહ્યું : 'કનુભાઈ! તમે બહુ જ નસીબદાર છો. હાડકાંના આટલા બધા ટુકડા થવા છતાં કોઈ જ કોમ્પ્લીકેશન્સ થયાં નથી! કોઈ કેસ હજુ સુધી એકલા ટ્રેકશનથી સારો થયો નથી...'

Scanned by CamScanner

સામાન્ય રીતે જેમાં ૩-૪ મહિના લાગે તે ફિઝિયો-થેરાપીની સારવારથી મારો પગ એક મહિનામાં જ વળતો થઈ ગયો! એક્સીડન્ટના પાંચમા મહિનાથી તો મેં રાજદૂત મોટર સાઈકલ ચલાવવાની શરૂ કરી દીધી છે. કામે પણ ચઢી ગયો.

ગુરુદેવના આશીર્વાદથી આર્થિક મૂંઝવણ પણ ટળી ગઈ.

ગુરુદેવ અને ગાયત્રી મંત્રજપ જ અમારા જીવનની આધારશિલા છે. તેમને મનોમન યાદ કરતાં જ નાનાં મોટાં કામો ઉકલી જાય છે અને જીવનની ઝંઝાવાતો શમી જાય છે.'

★

Scanned by CamScanner

: ૯ :

## ગુરુપ્રાપ્તિની ઝંખના

'ગુરુદેવ, હું ગાયત્રી–મન્ત્રની માળા તો ઘણા વખતથી કરું છું. મને માતાજીમાં પૂરી શ્રદ્ધા છે. મને શાંતિ અને આનન્દનો પણ અનુભવ થાય છે, પણ છેલ્લા કેટલાય વખતથી ગાયત્રી–ઉપાસના વિશે લોકો જાતજાતની વાતો કરે છે, એથી મનમાં થોડીક દ્વિધા ઊભી થાય છે. હું માતાજીને પ્રાર્થના કરું છું કે માતાજી, આમાં સાચું શું છે તેની મને કંઈ સમજ નથી પડતી. આથી કોઈનું માર્ગદર્શન મળે, કોઈ ગુરુ મળે તો સારું કે જેથી તેમને પૂછીને સાચી હકીકત જાણી શકાય. તેમ છતાં હું મંત્ર તો ચાલુ જ રાખતી. ત્યાર પછી થોડા થોડા દિવસે સ્વપ્નમાં મને ચશ્માવાળો, તેજસ્વી ને દિવ્ય લાગતો હસતો ચહેરો દેખાયા કરતો. મને થતું કે આ કોણ હશે? શું હશે? આવું કેમ થતું હશે? હું માને મનોમન પૂછતી કે મને સ્વપ્નમાં આ કોણ દેખાય છે? પણ એનો કોઈ જવાબ ન મળતો. આજે અમે અહીં આવ્યાં. આપને જોતાં જ પ્રથમ દૃષ્ટિએ જ આનન્દ ને આશ્ચર્યનો એક આંચકો લાગ્યો. એક રોમાંચ અનુભવ્યો, કારણ કે સ્વપ્નમાં જે ચહેરો દેખાતો હતો તે આપનો જ હતો! આપ કંઈક માર્ગદર્શન આપો.'

Scanned by CamScanner

આજે પહેલી જ વાર ગુરુદેવની મુલાકાતે પોતાનાં નણંદ સાથે આવેલ ઉમાબહેને પોતાનો અનુભવ વર્ણવતાં જણાવ્યું. તેમના અવાજમાં આર્દ્રતા ને ચિરપરિચિતતાની લાગણીનો સૂર વહી આવતો હતો.

જીવનની પ્રલમ્બ વાટમાં કંઈક શોધવા-પામવા મથી રહેલા પથિકને જેમ પોતાને ઇપ્સિત વસ્તુની પ્રાપ્તિ થઈ જાય તેમ સ્વપ્નમાં હસતા ચહેરાનું રહસ્ય જાણવા મથતા ઉમાબહેનને એ રહસ્ય આકસ્મિકપણે જ હાથ લાધી ગયું ને પ્રાપ્તિનો આનન્દ સહજપણે જ અસ્તિત્વમાંથી ઊછળી આવ્યો હોય તેમ લાગ્યું.

બંધ આંખોએ છતાં એકચિત્તે પ્રેમપૂર્વક, સહૃદયતાથી ઉમાબહેનની વાત સાંભળી રહેલા ગુરુદેવે ઉમાબહેને પોતાની વાત પૂરી કરી એટલે તેમની હંમેશની પ્રણાલી મુજબ એક સ્મિત વેરી માતાજીનો ફોટો આપી કહ્યું :

'બસ, ગાયત્રી મંત્રની ત્રણ માળા દરરોજ કરજો અને માતાજીની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારજો.'

ઉમાબહેન તેમનાં નણંદ સાથે આજે પહેલી જ વાર શાસ્ત્રીજીની મુલાકાતે કુટિરમાં આવ્યાં હતાં. ગુરુદેવને પ્રણામ કરી કહ્યું :

'મારી સાથેનાં આ બહેન મારાં નણંદ છે. તેમના પતિ એટલે કે મારા નણદોઈની કીડની ખરાબ થઈ ગઈ છે. ડૉકટરો બીજી કીડની મૂકવા ઑપરેશન કરવાનું કહે

Scanned by CamScanner

છે. શું કરવું તે સમજાતું નથી. છેલ્લા એક વર્ષથી તેઓ કીડનીના દર્દથી પીડાય છે. કામધંધો સઘળું જ બંધ છે.'

ગુરુદેવે કહ્યું : 'તમે જળ લઈ જજો. જળ ચાલુ કરો. સાથે હું જે કંઈ સૂચનો કરું તેનો અમલ કરો અને ઑપરેશન અંગે ધ્યાનમાં લઈ હું જવાબ આપીશ' કહી તેમણે મા ગાયત્રીનો ફોટો આપી ગાયત્રી મંત્રની માળા શરૂ કરવા સૂચન કર્યું.

નણદોઈને કીડનીના દર્દમાંથી મુક્તિ અપાવવા મા ગાયત્રીના શરણે આવેલાં ઉમાબહેનને જીવનમાં કોઈક મોટા રહસ્યની જાણે પ્રાપ્તિ થઈ ગઈ.

વ્યક્તિ પરમતત્ત્વની શરણાગતિ સ્વીકારે, તેનામાં શ્રદ્ધા સેવે, પણ એ અલૌકિક, દિવ્ય, અકળ ને અગોચર પ્રદેશ વિશે વિશેષ કુતૂહલ–જિજ્ઞાસા ઉદ્દભવે ત્યારે સાધકની તે વૃત્તિના પરિતોષ માટે પરમાત્મા કોઈક ને કોઈક સિદ્ધપુરુષનો–સન્તનો–ગુરુનો ભેટો કરાવી આપે છે, તેનું સાન્નિધ્ય પ્રાપ્ત કરાવી આપે છે.

આ પ્રસંગ પછી ઉમાબહેન અવારનવાર ગુરુદેવનાં દર્શને આવતાં રહેતાં. તેમની દૈનિક ઉપાસના તો પહેલેથી જ ચાલુ હતી, પણ તેમની શ્રદ્ધા, શરણાગતિ અને ભાવસમર્પણમાં ખૂબ જ ભરતી આવવા લાગી. માતાજીની કૃપાના, ગુરુદેવના આશીર્વાદના, માની પરોક્ષ હાજરીના અનેકવિધ અનુભવો થવા લાગ્યા. ગુરુદેવ ને માતાજીનું સ્મરણ કરતાં જ જ્યાં હોય ત્યાં સુવાસની અનુભૂતિઓ

Scanned by CamScanner

થતી. સ્વપ્નમાં પણ અનેકવિધ રીતે ગુરુદેવનાં ને માતાજીનાં દર્શન થતાં. એક વાર તેમણે સ્વપ્નની અનુભૂતિ વર્ણવતાં જણાવ્યું હતું કે એક દિવસ સ્વપ્નમાં ગુરુદેવનાં ને માતાજીના દર્શન થયાં. માતાજીએ ગુરુદેવને કહ્યું :

આ તો આપણી ગટુડી છે, ગટુડી.

આમ ઉપાસકે કેળવેલ બાળભાવની પણ પ્રતીતિ થાય છે.

એક વાર સ્વપ્નમાં ગુરુદેવનાં દર્શન થયાં તેની વિગતો તેમણે આ પ્રમાણે જણાવી હતી :

સ્વપ્નમાં હું કુટિરમાં ગુરુદેવનાં દર્શને ગઈ. હું બિમાર હતી. શરીરમાં ખૂબ જ અશક્તિ હતી. મેં ગુરુદેવનાં ચરણોમાં પ્રણામ કર્યા, પણ તેમનાં ચરણોમાંથી ઊભી જ જ ન થઈ શકું.

ગુરુદેવે મને કહ્યું : 'ઉમાબહેન ઊઠો.'

મેં કહ્યું : 'ગુરુદેવ મારાથી ઊભા જ નથી થવાતું.'

'લો, હું તમારો હાથ ઝાલું' કહી ગુરુદેવે મને બાવડેથી પકડી ઊભી કરી.

'ઉમાબહેન, જાવ હવે તમે તમારી જગાએ બેસી જાવ.' ગુરુદેવે કહ્યું.

હું ઊભી તો થઈ, પણ ચાલીને મારી જગાએ બેસવા જવાની પણ મારામાં શક્તિ નહોતી. હું ખૂબ અશક્તિ અનુભવતી હતી. તેથી મને ગુરુદેવે પકડીને ઊભી

કરી હોવા છતાં પણ હું ચાલી શકતી નહોતી. હું તો ગુરુદેવની સામે જ ઊભી રહી ગઈ.

આથી 'લો હું તમને તમારી જગ્યાએ બેસાડું'' કહી ગુરુદેવે હિંચકામાં બેઠાં બેઠાં જ મને મારી બેઠક સુધી બેસાડવા તેમના હાથ લાંબા કર્યા!

તેમના હાથ લાંબા ને લાંબા જ થતા ગયા. એટલા બધા લાંબા થતા ગયા કે તેનું વર્ણન થઈ શકે તેમ નથી.

ગુરુદેવના હાથ જે રીતે લાંબા થતા ગયા તે જોઈ મેં તેમને પૂછ્યું:

'ગુરુદેવ, તમારા હાથ આટલા બધા લાંબા છે?'

ગુરુદેવ કહે: 'તમને ખબર નથી, મારા હાથ કેટલા લાંબા છે! મારા હાથ તો બહુ જ લાંબા છે.'

આવી અલૌકિક અનુભૂતિઓ ઉપાસકને સન્તની–ગુરુની અપરિમેય શક્તિનું જ નિદર્શન કરે છે. સ્વપ્નમાં અપરિમેય શક્તિના નિદર્શન દ્વારા ઉપાસકની શ્રદ્ધા અને શરણાગતિના ભાવને જ દૃઢીભૂત કરે છે.

★

Scanned by CamScanner

: ૧૦ :

## જીવનસાથીની પસંદગીની વિમાસણ

મને કંઈ જ સમજાતું નહોતું કે મારે શું કરવું? મારે જીવનસાથી તરીકે કોને પસંદ કરવો તેની બહુ મોટી વિમાસણમાં હું મુકાઈ ગઈ હતી. પેલા સ્વપ્નથી તો મારી વિમાસણ ઓર વધી ગઈ હતી. આથી મેં મારી મમ્મીને કહ્યું : 'મમ્મી, તું આજે જ ગુરુદેવ પાસે અમદાવાદ જા અને મારા સ્વપ્નની વાત જણાવ. મારે જીવનસાથી તરીકે કોને પસંદ કરવો તે ગુરુદેવને જ પૂછી જો.'

મુંબઈની મોહમયી મહાનગરીમાં સ્થાયી થયેલા અને મા ગાયત્રી તેમ જ શાસ્ત્રીજીના કાર્યયજ્ઞમાં આસ્થાવાન બનેલા એક કુટુંબની દીકરી ચિ. કલ્પનાએ તેની મા રેખાબહેનને જણાવ્યું.

શાસ્ત્રીજી અને મા ગાયત્રી પ્રત્યે દીકરી કલ્પનાની અતૂટ શ્રદ્ધા જોઈ રેખાબહેન અમદાવાદ આવવા તૈયાર થયાં. આજના જમાનામાં જીવનસાથીની પસંદગી પ્રત્યે ખૂબ ઉતાવળો નિર્ણય લઈ લેતા, જેને તેને જીવનસાથી પસંદ કરી લેતા, જીવનસાથીની પસંદગીમાં માતાપિતા કે વડીલોની યે પરવા ન કરતા યુવક-યુવતીઓના વલણ-વર્તનના વાયરામાં પોતાની દીકરી જીવનસાથીની પસંદગીમાં સન્તનો-

Scanned by CamScanner

ગુરુનો અભિપ્રાય લેવા તત્પર થઈ હોવાથી અને રેખાબહેનને પણ કલ્પનાનું વલણ વ્યાજબી લાગ્યું હોવાથી દીકરીના પ્રેય ને શ્રેય ખાતર તેઓ અમદાવાદ આવવા તૈયાર થયાં.

મુંબઈથી આવેલાં રેખાબહેન અમદાવાદના ગુરુદેવના નિવાસસ્થાને તે દિવસે પહેલી જ વાર આવ્યાં હતાં. પોતાનાં બે-ત્રણ સમ્બન્ધીઓ સાથે રેખાબહેન ઘણાં વહેલાં કૂટિરમાં આવી પહોંચ્યાં હતાં. કૂટિરમાં થોડાં મુલાકાતીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત હતાં. ગુરુદેવ હજી કૂટિરમાં પધાર્યા નહોતા. આથી રેખાબહેને પૂછ્યું : 'ગુરુદેવ નથી?'

'ગુરુદેવ હમણાં પધારશે. આપ બેસો.' ઉપસ્થિત એક કાર્યકર્તા બહેને કહ્યું.

છ વાગ્યે ગુરુદેવ કૂટિરમાં પધાર્યા. કૂટિરમાં ઉપસ્થિત સૌ ભાઈબહેનોએ ગુરુદેવને પ્રણામ કરી પોતપોતાની બેઠક લીધી. સૌનાં પ્રણામ ઝીલી આશીર્વાદ આપી ગુરુદેવ હિંચકામાં relax થયા એટલે આસ્તેથી નજીક જઈ રેખાબહેને ગુરુદેવને નત મસ્તકે વંદન કરી પોતાનો પરિચય આપતાં કહ્યું :

'૯૦ના નવેમ્બરમાં વી. ટી. સ્ટેશન પાસે જોષીની વાડીમાં હું અને મારી દીકરી કલ્પના આપને મળ્યાં હતાં. મારી દીકરીની સગાઈની વાત હતી. કલ્પના આપને આપની મુલાકાતના પ્રથમ દિવસે મળવા આવી હતી. તેને સારું પાત્ર મળે તે માટે તેણે આશીર્વાદ માંગ્યા હતા.

આપે જણાવ્યું હતું : 'સારું મળશે. હું મદદ કરીશ. ગાયત્રી-મંત્રની ત્રણ માળા કરજો.'

ત્રીજા દિવસે હું આપને મળવા આવી હતી. અમારી જ જ્ઞાતિના એક છોકરા માટે કલ્પનાનું માંગુ કરવાનું હતું. છોકરો સારું ભણેલો, સુંદર અને દેખાવડો હતો. આપને આ બાબત જણાવતાં, આપે થોડીવાર આંખો બંધ કરી પછી મને કહ્યું :

'છોકરાના ઘરની અને કુટુંબની તપાસ કરો પછી જ નક્કી કરજો.'

હું વિમાસણમાં મુકાઈ ગઈ. છતાં પણ તે છોકરાના ઘરે હું જાતે જ ગઈ અને તપાસ કરી. આ છોકરાનું ઘર અતિ સામાન્ય હતું. અમારી બરોબરીનું ન હતું. તેથી કલ્પના કદાચ આ કુટુંબમાં ગોઠવાઈ ન શકે તેમ મને લાગ્યું. મારો વિચાર મોળો પડી ગયો. મારા ઘરમાં અને મારી દીકરી કલ્પનાને પણ છોકરાના સામાન્ય ઘરની પરિસ્થિતિની વાત કરી. સાથે મેં કલ્પનાને કહ્યું પણ ખરું કે, 'તને તો ગુરુદેવે આશીર્વાદ આપ્યા છે પછી આવું કેમ બન્યું ?'

કલ્પનાને તો આપનામાં અતૂટ શ્રદ્ધા છે. તે મારા પર થોડી ખિજાઈ ગઈ. મને કહે,

'ગુરુદેવનું વચન ક્યારેય મિથ્યા જતું નથી. તું સંશય ન કરીશ.'....

Scanned by CamScanner

થોડા દિવસ પછી અમારી જ જ્ઞાતિના બીજા એક છોકરાનું માંગું આવ્યું. છોકરો એન્જીનિયર હતો. કુટુંબ સારું હતું. ધંધો–વ્યાપાર સારાં હતાં. આર્થિક દૃષ્ટિએ અને રહેણીકરણીમાં અમારી બરોબરીનું ઘર હતું. પરંતુ છોકરો શ્યામ છે. શું નિર્ણય લેવો તેની મૂંઝવણમાં અમે પડી ગયાં. દેવાંગ સુંદર છે, તો ઘર સામાન્ય છે. જતિન શ્યામ છે, બહુ દેખાવડો નથી, પરંતુ ભણતર અને ધંધામાં આગળ પડતો છે. કુટુંબ પ્રતિષ્ઠિત છે. આથી મારી દીકરી કલ્પનાને પણ નિર્ણય લેવાનું બહુ જ અઘરું થઈ પડ્યું....

અમે સૌ દ્વિધામાં હતાં. કલ્પના પણ વિમાસણમાં મુકાઈ ગઈ હતી. પણ તે રાતે એને સ્વપ્ન આવ્યું. આથી તેની વિમાસણ અને દ્વિધામાં ઓર વધારો થયો અને શું નિર્ણય લેવો તે પૂછવા મને આપની પાસે મોકલી છે. ....'

આછા આછા ઝૂલી રહેલા હિંચકાને સ્થિર કરી ગુરુદેવ પ્રેમપૂર્વક એકચિત્તે રેખાબહેનની વાત સાંભળી રહ્યા હતા.

રેખાબહેને વાતને આગળ વધારતાં જણાવ્યું કે તે રાત્રે જે ઘટના બની તે કલ્પનાના શબ્દોમાં જ જણાવું છું.

સવારે ઊઠી તેણે મને જણાવ્યું :

મમ્મી ! રાત્રે હું ખૂબ જ દ્વિધામાં હતી. શું નિર્ણય લેવો તે મને સમજાતું ન હતું. મેં ગુરુદેવને અંતઃકરણથી યાદ કર્યા, પ્રાર્થના કરી અને જણાવ્યું કે ગુરુદેવ ! મને જણાવો કે દેવાંગ અને જતિન – આ બેમાંથી હું કોને



Scanned by CamScanner

જીવનસાથી તરીકે પસંદ કરું? આપનો નિર્ણય મારે શિરોમાન્ય રહેશે....

વિચારો કરીને મારું મન બહુ જ થાકી ગયું હતું. ક્યારે ઊંઘ આવી ગઈ તે મને સમજાયું નહિ. વહેલી સવારે મને સ્વપ્નું આવ્યું :

સ્વપ્નમાં મેં ટેલિવિઝન જેવો એક પડદો જોયો. આ પડદા પર બે ભાગમાં બે સરનામાં લખેલાં જોયાં. એક ભાગમાં દેવાંગનું સરનામું હતું. બીજા ભાગમાં જતિનનું સરનામું હતું. ધીમે ધીમે એક સરનામાનો ભાગ કોઈક રીલની પટ્ટીની જેમ વિંટળાઈ ગયો અને બીજો ભાગ સ્પષ્ટ વંચાતો એમ ને એમ રહ્યો. પછી ગુરુદેવે કહ્યું :

'તને યોગ્ય લાગે તેમ કર. તું નિર્ણય લે!' અને મારી આંખ ઉઘડી ગઈ.

રેખાબહેને કલ્પનાના સ્વપ્નની વિગતો રજૂ કરી.

રેખાબહેને જણાવ્યું : તે દિવસે કલ્પના રોજ કરતાં વહેલી ઊઠી ગઈ હતી. સૂનમૂન બેસી રહી હતી. મેં તેને સ્વસ્થ કરવાનો પ્રયત્ન કર્યો એટલે તેણે મને સ્વપ્નની વિગત જણાવી અને મને કહે, 'તું આજે જ ગુરુદેવ પાસે અમદાવાદ જા. સ્વપ્નની વિગત જણાવ અને મારે કોને જીવનસાથી તરીકે પસંદ કરવો તે ગુરુદેવને પૂછી જો. તે કહે છે કે હું શું નિર્ણય લઉં? મને કંઈ જ સમજાતું નથી.'

Scanned by CamScanner

એકધારી રજૂઆત કરી રહેલાં રેખાબહેન ગુરુદેવના પ્રત્યુત્તરની પ્રતીક્ષામાં સહેજ અટક્યાં.

ગુરુદેવ ખાસ્સી વાર મૌન રહ્યા.

થોડી પળો બાદ રેખાબહેને વાતનો દોર સાંધતાં જણાવ્યું : 'આપને મળવા માટે જ હું સવારે મુંબઈથી આવી છું. આપ સ્વપ્નનો સંકેત સમજાવો, કલ્પનાએ શો નિર્ણય લેવો તે પણ આપ જ જણાવો.'

અત્યાર સુધી શાંત ચિત્તે, ધીર ગંભીરતાથી રેખાબહેનની વાત સાંભળી રહેલા ગુરુદેવે ઘડીભર આંખ બંધ કરી પછી જણાવ્યું :

'જે નામ-સરનામાવાળી પટ્ટી-ભાગ પડદા પર દેખાતા હતા તે નામવાળા યુવક જતિનની સાથે સંબંધ બાંધવો.'

રેખાબહેનની વાત અને ગુરુદેવની સ્પષ્ટતા સાંભળી સૌ ઉપસ્થિત ભાઈબહેનો પણ ખુશ થઈ ગયાં.

રેખાબહેનના ચહેરા પર દીકરીનું 'ગોઠવાઈ ગયા'ની લાગણી ને હળવાશ વર્તાતાં હતાં.

આજે જ મુંબઈ પાછી જવાની છું એમ જણાવી ગુરુદેવને પ્રણામ કરી રેખાબહેને વિદાય લીધી.

જીવનસાથીની પ્રાપ્તિ માટે આશીર્વાદ લેવા તેમ જ જીવનસાથીની પસંદગી અંગે અભિપ્રાય લેવા ઘણાં ભાઈબહેનો ગુરુદેવ પાસે આવે છે. ઘણાં માતા-પિતા એવાં છે કે જેઓ પોતાના દીકરા-દીકરીનું નક્કી કરતાં પહેલાં ગુરુદેવનો

Scanned by CamScanner

અભિપ્રાય પૂછે છે. તેઓ સામા પક્ષને જણાવે છે કે અમને બધું અનુકૂળ છે, પણ અમારા ગુરુદેવને પૂછીએ પછી વાત. તેઓ જો સંમતિ આપશે તો જ અમારી હા થશે.

અને ગુરુદેવ માતાજીના સંકેતથી અભિપ્રાય આપે છે.

લગ્ન એ મનુષ્યના પૂર્વના કર્મસંજોગની–ઋણાનુબન્ધની વાત છે. પૂર્વના કર્મની ગતિવિધિ–ઋણાનુબન્ધનું રહસ્ય તો કોઈક સન્ત–ગુરુ જ પોતાની આત્મિક શક્તિના બળે જાણી શકે છે. તેથી તેમના અભિપ્રાય પર નિર્ણય રહેવું વધુ ઉચિત છે.

જીવનસાથીની પ્રાપ્તિ અંગે ચિ. કલ્પનાને જે સ્વપ્ન–સંકેત મળ્યો તે તેની ભીતરી અસાધારણ શ્રદ્ધાની અસાધારણ સફળતા જ લેખી શકાય.

★

Scanned by CamScanner

: ૧૧ :

# સૂક્ષ્મ અને સઘન પ્રેરણા

આપણે જ્યારે પરમતત્ત્વની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારીએ છીએ ત્યારે તેની સાથે એક પ્રકારનો અનુબન્ધ-નાતો-સમ્બન્ધ-રચાય છે. પરમાત્માનું સાક્ષાત્ સ્વરૂપ આપણે જોઈ શકતાં નથી, પણ તેની સહાય માટે પ્રાર્થના કરીએ છીએ ત્યારે ગેબીરૂપે તેની સહાય, પ્રેરણા કે સંકેત તો આવી જ મળે છે. તેની સાથે રચાયેલા અનુબન્ધને કારણે આપણે તેની પ્રેરણાનાં અધિકારી બનીએ છીએ, જે પ્રેરણાથી આપણે આપણા જીવનની ગતિ-દિશા નક્કી કરીએ છીએ. આપણી મુશ્કેલીઓનો ઉકેલ પ્રાપ્ત થઈ જાય છે. પ્રભુના પ્રત્યક્ષ નહિ, પણ પરોક્ષ સાન્નિધ્યની પળોની, તેની સૂક્ષ્મ પ્રેરણાની અને સઘન સંકેતની આ અનુભૂતિઓ છે.

ભક્ત નરસિંહનાં કાર્યો કરવા ભગવાન જાતે આવતા હતા. મીરાંના વિષમાં અમૃત રેલાવવા પ્રભુ સ્વયં પ્રગટ થયા હતા. મારી ભક્તિ-ઉપાસના તો શું, તેનું સ્મરણ પણ એટલું તીવ્ર નથી કે ઈશ્વર સ્વયં તેના અસલ રૂપનાં દર્શન કરાવે. મારી એવી કોઈ હેસિયત કે પાત્રતા પણ નથી. તેના તરફથી કોઈ અનુભવ થતો રહે તેવી મારી ખેવના પણ નથી. અલબત્ત તેનામાં શ્રદ્ધા અને શરણાગતિ

Scanned by CamScanner

રાખી તેને નજર સામે રાખી જીવન જીવ્યે જાઉં છું. પણ પરમાત્મા ખૂબ દયાળુ છે. તેના શરણાગત પર તે પોતાની કૃપાની-શક્તિની છાયા પાથર્યા વિના રહેતો નથી. તે અદૃષ્ટ ને અગોચર રહીને શરણાગતને સહાય કરતો જ રહે છે.

પૂજ્ય ગુરુદેવ આપણી વચ્ચે રહીને એક સેતુરૂપે કાર્ય કરે છે અને એનાં સુફળ આપણને ચખાડે છે, તે તેમની મહાનતા છે. સાચે જ તેઓ વિરલ વિભૂતિ છે. તેઓ એક સેતુરૂપે, એક માધ્યમ રૂપે, જોજનો દૂર રહીને પણ આપણને તેમના સાન્નિધ્યનો સંસ્પર્શ કરાવે છે, તેમના માધ્યમ દ્વારા માતાજીના સંકેત-પ્રેરણાને આપણા સુધી પહોંચાડીને આપણી મૂંઝવણો-આપત્તિઓ-કટોકટીઓનો-સમસ્યાઓનો જે રીતે ઉકેલ લાવે છે તેની અનુભૂતિઓ સ્વસંવેદ્ય (જાતે અનુભવ કરવા જેવી) ને આહ્‌લાદક બની રહે છે.

અત્રે મારી એક અનુભૂતિનું આલેખન પ્રસ્તુત છે :

હું ૧૯૭૭થી પૂ. ગુરુદેવના રૂબરૂ સમ્પર્કમાં છું. તેમના સમ્પર્કમાં આવ્યા પછી મને અંગત રીતે તેમજ કૌટુમ્બિક, સામાજિક, આર્થિક અનેકવિધ રીતે ખૂબ જ સારા અનુભવો થયા છે ને હજી થતા રહે છે. મેં તેમની આગળ કદી પગારવધારાની માગણી ન કરી હોવા છતાં, તેમના સમ્પર્કમાં આવ્યા પછી, તેમના આશીર્વાદ ને પ્રેરણાથી મારા પગારમાં ઉત્તરોત્તર વધારો જ થતો ગયો છે, જેથી

Scanned by CamScanner

મારા જીવનની અનેકવિધ સમસ્યાઓ–મુશ્કેલીઓ–આપત્તિઓ સુલઝાતી રહી છે.

તેમના સમ્પર્કમાં આવ્યા પછીના અનુભવોનું આલેખન કરવા બેસું તો કદાચ પાનાંનાં પાનાં ભરાય. પેન અટકે જ નહિ. પણ બધા અનુભવો વ્યક્ત કરવાનો અવકાશ નથી. અત્રે એ અસ્થાને છે. અત્રે તો મારા પિતાની માંદગી વેળાના અનુભવની જ રજૂઆત કરીશ.

મારા પિતાની તબિયત બગડતાં તબીબી સારવાર શરૂ કરી. સાથે જીવનજળ પણ ચાલુ કર્યું. પણ કોણ જાણે કેમ તેમની તબિયત સુધરતી નહોતી. રોજ નવી નવી તકલીફો ઊભી થતી હતી. લગભગ ચાર–પાંચ વાર તો હોસ્પીટલમાં પણ સારવાર લીધી. જુદા જુદા ડૉક્ટરો, જુદી જુદી સારવાર.

આવી જ પરિસ્થિતિમાં એક વાર પપ્પાની તબિયત ખૂબ જ ગંભીર બની ગઈ. પળે પળે કટોકટી તીવ્ર બનતી હતી. શું કરવું તે સમજાતું નહિ. શું થશે તેની ગતાગમ પડતી નહિ. બેહોશી જેવી અવસ્થામાં તેઓ પથારીમાં પડયા હતા. અમે સૌ લાચાર બની ગયાં હતાં. મુંઝાતાં હતાં કારણ કે તબીબી ઉપચારોનો કોઈ પ્રતિભાવ સાંપડતો નહોતો.

તેમ છતાં આ ક્ષણ સુધી તબીબોનો અભિપ્રાય તો એક જ હતો કે ચિંતા કરવાની જરૂર નથી. દવા–ઈંજેકશનોથી આવી જશે. હોસ્પીટલ જવાની યે જરૂર નહિ પડે.

Scanned by CamScanner

તબીબોના આવા અભિપ્રાય છતાં મનમાંથી રહી રહીને થયા કરતું હતું કે હોસ્પીટલ જવું જ પડશે. સાથે જ હોસ્પીટલની સારવારના ખર્ચ અંગે વ્યવસ્થા કરી લેવાનો પણ વિચાર આવતો હતો.

પિતાની માંદગીની આ પળોજણમાં પરોવાવાથી દૈનિક ઉપાસના તદ્દન ખોરવાઈ ગઈ હતી. અલબત્ત મનથી સતત ગુરુદેવ ને માતાજીનું સ્મરણ બને એટલા વેગથી અવિરત ચાલુ હતું, પણ મનને ખૂબ જ અશાંતિ હતી.

પપ્પાની તબિયતના કારણે થોડાક હજાર રૂપિયા અવશ્ય હાથ પર રાખી મૂકતી. રખે ને અડધી રાતે જરૂર પડે. તેમાં ય હોસ્પીટલના ખર્ચ માટે તો વધારે પૈસાની જરૂર પડે તે સ્વાભાવિક છે.

તે દિવસે શનિવાર હતો. મારા પિતાની હાલતમાં કોઈ જ સુધારો જણાતો નહોતો. બપોરના બારેકના સુમારે પૂ ગુરુદેવ ને માતાજી સમક્ષ ઘૃતદીપ પ્રગટાવી મેં ગાયત્રી મંત્રની માળા ચાલુ કરી, પણ મન્ત્રોચ્ચારમાં લય ને ભાવ જ ઉદ્ભવતા નહોતાં. છતાં મેં યન્ત્રવત્ એક-બે-ત્રણ માળા પૂરી કરી ને અંદરથી એકદમ જાણે કશો ઉછાળો આવ્યો. કશુંક ઊગી નીકળ્યું. માળાના ફરતા મણકા સાથે જપના ઉચ્ચાર જાણે વિલાઈ ગયા કે ગૌણ બની ગયા ને દરિયાની ભરતીનાં મોજાંની જેમ પ્રેરણાનાં સ્પંદનો પ્રબળ વેગથી મારા મનોપટ પર ઉછળવા અને અથડાવા લાગ્યાં :

**હોસ્પીટલ જવું જ પડશે પૈસાની વ્યવસ્થા કર –**

Scanned by CamScanner

તૈયારી કર, ઊઠ, જા, જલ્દી જા, બેન્કમાંથી પૈસા લઈ આવ, શનિવાર છે, બેન્ક જલ્દી બંધ થઈ જશે'....

મનોપટ પરથી ઉદ્‌ભવતી આ પ્રેરણા ખૂબ જ સઘન હતી, છતાં મેં પ્રયત્નપૂર્વક પાછળ હડસેલવાનો ને જપમાં ચિત્ત ચોંટાડવાનો પ્રયત્ન કર્યો, પણ મારી જીભ ને મારો હાથ કોઈ કે જાણે પકડી લીધાં હતાં. કોઈક અગોચર શક્તિ મને માળાના જપ કરવાને બદલે આવનાર પરિસ્થિતિનો સામનો કરવા પૈસા વગેરેની વ્યવસ્થા કરવા બળજબરીથી ધકેલતી હોય તેમ લાગ્યું. આ બધું મારા મનમાં શું થઈ રહ્યું છે તે મને સમજાતું નહિ. સામે રાખેલી કાંડા ઘડિયાળ તરફ મેં નજર કરી. ઘડિયાળનો કાંટો સાડા બારની આગળ વધી રહ્યો હતો. શનિવાર હોવાથી એક વાગ્યે બેન્કની લેવડદેવડ બંધ થતી હોઈ માળા મૂકી, ગુરુદેવનાં ચરણોમાં પ્રણામ કરી હું ઊઠી. મારા ઘરથી સાત–આઠ મિનિટમાં જ પહોંચી શકાય તેટલા અંતરે આવેલી બેન્કના મારા ખાતામાંથી થોડાક હજાર રૂપિયા ઉપાડી લાવી.

સાંજે સાડા સાતેકનો સમય થયો હશે. અમારા ફેમિલી ડોકટર તપાસવા આવ્યા. તેમણે તપાસી પપ્પાને તરત જ હોસ્પીટલમાં દાખલ કરવાની સૂચના આપી. ડોકટરની સૂચના સાથે જ ખર્ચનો વિચાર આવ્યો. મનમાં વિચારોનાં અનેક વમળો શરૂ થયાં, પણ શરૂ થતાંની સાથે જ, બપોરે માળા કરતી વખતે થયેલી પ્રેરણા ને એ પ્રેરણાને આધારે ખર્ચની અગાઉથી કરી રાખેલી વ્યવસ્થા તત્ક્ષણ જ યાદ આવ્યાં.

Scanned by CamScanner

પૂ. ગુરુદેવનું સ્મરણ થયું. મનોમન તેમને પ્રણામ કર્યા ને સાથે આશીર્વાદની યાચના પણ કરી.

પૂ. ગુરુદેવે કેટલી સચોટ પ્રેરણા કરી! ને એ પ્રેરણાથી મારું કામ સરળ બનાવી દીધું. તે વખતે મને લાગતું હતું કે તેઓ મારી સાથે જ છે અને મને બળ અને શક્તિ આપી રહ્યા છે.

પપ્પાની હાલત ખૂબ જ કટોકટ હતી. પળેપળે શું થશે તેમ થતું હતું. ડૉક્ટરોએ સારવાર શરૂ કરી પણ હાથ ધોઈ નાખ્યા હતા. અમારા સૌનું ઈશ્વરીસ્મરણ ચાલુ જ હતું. બધું જ એની પર છોડી ડૉક્ટરની સાથે અમે સૌ તેમની સારવારમાં લાગી ગયા હતા. પપ્પાની સારવારમાં હું, મારી બા અને મારો નાનો ભાઈ જ હતા. અન્ય વડીલો જેવા સમ્બન્ધીઓ આવીને જોઈને ચાલ્યા જતાં. ઠાલુ આશ્વાસન પણ નહિ. અન્ય ઉપસ્થિત થનારી પરિસ્થિતિમાં અન્ય કોઈ જ સધિયારો પણ નહિ. મૂંઝવણનો પાર નહિ. અકળામણની અવધિ નહિ. મારે કેટલી બાજુ ધ્યાન રાખવાનું? બાને સંભાળવાની, ભાઈને હિંમત આપવાની, મારી જાતને સાચવવાની ને સારવારમાં ધ્યાન આપવાનું! પરન્તુ અંદરથી અવિરત એક પ્રકારની શક્તિ, ધીરજ ને હિંમતના આવિર્ભાવની અનુભૂતિ થતી હતી. સાથે જ ગુરુદેવનું સ્મરણ ને મંત્રજપ પણ ચાલુ જ.

વળી તે વખતે દુઃખ અનુભવવાને બદલે કે આંસુ સારવાને બદલે પપ્પાને તમામ પ્રકારની સારવાર બનતી

Scanned by CamScanner

ત્વરાએ તો શું, તત્ક્ષણ જ કેવી રીતે આપી શકાય ને તબીબોનાં સૂચનોનો ઝડપથી કેવી રીતે અમલ કરાય તેમાં જ ચિત્ત પરોવાયેલું રહેતું. વચ્ચે અવકાશ મળતાં ગુરુદેવને પરિસ્થિતિની જાણ કરી દેતી ને માર્ગદર્શન મેળવતી. પરિણામે અમદાવાદમાં બેઠાં બેઠાં જ શક્તિ ને પ્રેરણા આપીને ક્ષણેક્ષણે ઉદ્‌ભવતી પરિસ્થિતિનો–કટોકટીનો ઉકેલ આણીદેતા. એક ડૉકટર ખૂબ જ સારા મળી ગયા, જેમને સારવારની દિશા મળી ગઈ. તેઓએ પણ નિષ્ઠા ને ખંતથી વિશ્વાસપૂર્વક સારવાર આપવા માંડેલી. ને વળી તેઓ પણ અમને ધીરજ બંધાવતા રહેતાં હતા.

ગમે એટલી દોડાદોડી કરવા છતાં મન ને શરીર થાકવાને બદલે સતત તાજગી, સ્ફૂર્તિ ને શક્તિ અનુભવી રહેતા. એ વડે સામે આવેલી આપત્તિનો હિંમતપૂર્વક સામનો કરી શકી. એમ લાગતું હતું કે પગમાં જાણે ગરગડી મુકાઈ ગઈ છે ને સહેજ ધક્કો મારવાથી ધારેલી દિશામાં સહેલાઈથી ને ત્વરાથી સરકી જવાય છે. ગુરુદેવે સંપાદન કરાવી આપેલા આત્મબળ વડે, સૂક્ષ્મ છતાં સઘન પ્રેરણા વડે, તેમના આશિષ ને જીવનજળથી મારા પિતા ધીમે ધીમે સાજાનરવા થઈ ગયા.

આ પરિસ્થિતિની તમામ ક્ષણો અનુભૂતિનો વિષય હતી

★

Scanned by CamScanner

: ૧૨ :

# મનુષ્યનો વિસામો

એકવાર પંચગીનીમાં અભ્યાસ કરતા મારા આઠ વર્ષના દીકરા ઋષભને લઈ ને મુંબઈથી ગુજરાત એકસપ્રેસમાં હું મારા ભાઈ સાથે અમદાવાદ જઈ રહી હતી. ટ્રેન પૂર-ઝડપે અમદાવાદ તરફ દોડી રહી હતી. છેલ્લા કેટલાય દિવસથી ઋષભને તાવ આવતો હતો. ત્રણ–ચાર ડીગ્રી સુધી પહોંચી જતો તાવ નોર્મલ થતો જ નહોતો. આથી તેને અમદાવાદ લાવી ટ્રીટમેન્ટ કરવાના આશયથી હું તેને લઈ પાછી ફરી રહી હતી.

સૂરત સ્ટેશને ગાડી ઊભી રહી. અચાનક મારી નજર ગુરુદેવ પર પડી મારા રોમેરોમમાં આનન્દનો રોમાંચ થઈ ઊઠયો. મને થયું કે હું સ્વપ્ન જોઉં છું કે આ વાસ્તવિકતા છે. મેં મારી જાતને જરા તપાસી જોઈ, ઢંઢોળી જોઈ, આજુબાજુના વાતાવરણનો તાગ મેળવ્યો પણ બધું બરાબર હતું. હું પૂરી જાગ્રત હતી. ટ્રેનમાં હતી. ટ્રેન સૂરત સ્ટેશને ઊભી હતી ને સૂરત સ્ટેશનના પ્લેટફોર્મ પર ગુરુદેવ સ્વયં ઊભા હતા. આખા ય રસ્તે હું ગુરુદેવનું રટણ જ કરતી તો આવી હતી, પણ તેઓ મારી આ મુસાફરીમાં આમ મળી જશે તે મારી કલ્પના બહારની વાત હતી. પૂ.

Scanned by CamScanner

ગુરુદેવને જોઈ મારી આંખો આનન્દાશ્રુથી છલકાઈ ઊઠી. આંખોની પાંપણો પર આવીને ઊભેલાં અશ્રુઓએ નજર સામેના ગુરુદેવના દર્શનને–સ્વરૂપને ધૂંધળું બનાવી દીધું. મને એકદમ ખ્યાલ ન આવ્યો કે ગુરુદેવ અહીં સૂરત સ્ટેશને ક્યાંથી? હું તેમને મળવા એકદમ અધીર થઈ ઊઠી.

એવામાં જ કૈલાસબહેન મારા જ ડબ્બામાં ચડયાં. હું એકદમ મારી જગાએથી ઊઠી તેમની પાસે ધસી ગઈ. અશ્રુભીની આંખે મેં તેમને વન્દન કર્યાં. ડબ્બામાં મને જોઈને તેમને પણ આશ્ચર્ય થયું. મેં તેમને ઋષભની તબિયતની હકીકત જણાવી. તેઓ સૂરતનો કાર્યયજ્ઞ પતાવી અમદાવાદ પાછા ફરી રહ્યાં હતાં.

કફની–પાયજામો પરિધાન કરેલા, ગળામાં મોતીની માળા, દેદીપ્યમાન મુખારવિન્દ અને દિવ્ય તેજથી ઓપતું ભવ્ય લલાટ – ગુરુદેવનાં દર્શન આમ તો અમદાવાદમાં જ રહેતી હોવાથી વારંવાર કરું છું. બે–ચાર દિવસ જાય કે 'નીલોષા' જઈ દર્શન કરી આવું. ક્યારેક નવરાશ હોય તો રોજ પણ જાઉં. પણ આજ ગુરુદેવનું સ્વરૂપ ને દર્શન કંઈક અનોખા ને વિરલ લાગી રહ્યાં હતાં. હૃદયમાં પ્રબળ ભાવોર્મિઓ ઊછળી આવી હતી. ગુરુદેવ હજી યે ભક્તવૃંદથી ઘેરાયેલા હતા. કેટલાં બધાં ભાઈ–બહેનો ગુરુદેવને વિદાય આપવા આવ્યા હતા. દરેકના ચહેરા પર ગુરુદેવ માટેનો એક જબરદસ્ત ઉમળકો દેખાતો હતો. સૌ પ્રત્યે આશિષ ને કરુણાની અમીદૃષ્ટિ ગુરુદેવના સ્વરૂપમાંથી છલકાતી હતી.

ગાડી ઉપડવાનો સમય થતાં વ્હીસલ થઈ. ગુરુદેવ

Scanned by CamScanner

ડબ્બાના બારણે ઊભા રહી ગયા. સૌ ભક્તો હાથ ઊંચા કરી આવજો આવજો કહી રહ્યા હતા. ગુરુદેવ પણ સૌનું અભિવાદન ઝીલતા હતા. પ્રફુલ્લ ને મુક્ત સ્મિત ફરકાવતા હતા. કોઈકના મુખ પર ચિંતા હતી, વિષાદ હતો, કોઈકની આંખમાં વેદનાના અશ્રુઓ તો કોઈની આંખમાં આનન્દના અશ્રુઓ તો કોઈ ગુરુદેવના વિરહથી ભાંગી પડ્યા જેવો ભાવ અનુભવતાં હતાં. ગુરુદેવ સૌને આશિષ આપી રહ્યા હતા...

ગાડી ઊપડી એટલે ગુરુદેવ તેમની જગ્યાએ બિરાજ્યા. મારા સમસ્ત અસ્તિત્વમાં આનન્દનો ઉછાળો આવી ગયો. ગુરુદેવ તેમની જગ્યાએ બિરાજ્યા એટલે ઋષભને લઈ હું તેમની પાસે ગઈ. તેમને પ્રણામ કર્યા એટલે તેમણે એ જ પ્રફુલ્લ ને મુક્ત સ્મિતથી આશીર્વાદ આપ્યાં.

મેં જણાવ્યું કે, 'ઋષભને ચાર–પાંચ દિવસથી ત્રણ-ચાર ડીગ્રી તાવ રહે છે. તાવ નોર્મલ થતો જ નથી. આખા શરીરે લાલ ચકામા પડી ગયા છે. તેથી તેને ઘેર – અમદાવાદ લઈ જાઉં છું.' કહી મેં ગુરુદેવને ઋષભના શરીરે પડેલા ચકામા બતાવ્યા.

આશ્વાસન આપી ઋષભના માથે હાથ મૂકી ગુરુદેવે કહ્યું : 'સારું થઈ જશે. ચિંતા ન કરશો.'

ગુરુદેવના અભયવચન જેવા શબ્દો સાંભળીને મારી માનસિક વ્યગ્રતા ઓછી થઈ ગઈ.

ગુરુદેવ કોઈના ઘરે જમતા નથી કે પાણી પણ પીતા નથી. મુસાફરીમાં પણ તેઓ નાસ્તો અને પાણી સાથે જ રાખે છે. તે દિવસે પણ તેમણે પોતાના નિયમ મુજબ નાસ્તો

સાથે જ રાખ્યો હતો. માર્ગમાં તેઓશ્રી જાતે જ અમને નાસ્તો આપવા આવ્યા! અમે પ્રેમથી તેમનો પ્રસાદ લીધો. છેલ્લા પાંચ દિવસથી કશું જ ખાધું ન હોવા છતાં ઋષભે ગુરુદેવના હાથનો નાસ્તો પેટ ભરીને ખાધો! એકાદ કલાકમાં તો ઋષભને તાવ ઊતરી ગયો. શરીરે દેખાતાં ચકામા પણ અદૃશ્ય થઈ ગયા. અમદાવાદ આવતાં સુધીમાં તો ઋષભ સાવ નોર્મલ થઈ ગયો.

જીવનની લાંબી વાટમાં મનુષ્યને વિસામા માટે સન્તના–ગુરુના સાન્નિધ્યની અને કૃપાની જરૂર રહે છે. ગુરુની છત્રછાયામાં માનવીના ત્રિવિધ તાપો સમ્પૂર્ણ શમી ન જાય તો ય તેની તીવ્રતા તો થોડીક હળવી જરૂર થાય છે ને ક્રમશઃ તે શમી જાય છે. જીવનના ત્રિવિધ તાપોના શમનનો જ્યારે સમય પાકે છે ત્યારે જ મનુષ્યને સદ્‌ગુરુની–સન્તની પ્રાપ્તિ થાય છે પણ વચ્ચેના સમયગાળામાં તો એ તાપમાં મનુષ્યે શેકાવું પડે છે. ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા અને શરણાગતિનો આવિર્ભાવ સાધવો પડે છે. ધીરજ ને સહનશીલતા કેળવવાં પડે છે. જીવનનું લક્ષ્ય નક્કી કરી સન્માર્ગે જીવન વિતાવવું પડે છે. એ માર્ગમાં જે જે મુશ્કેલીઓ આવે તે સામે ઝઝૂમવાની તાકાત–ખુમારી પણ મનુષ્યમાં હોવાં જરૂરી છે. ખુમારીથી જીવન જીવવાની નેમ હોય, સન્માર્ગ હોય, ઈશ્વરમાં શ્રદ્ધા હોય, તેનું સ્મરણ ને શરણાગતિ હોય ત્યારે જ જીવનવાટમાં સદ્‌ગુરુ મળે છે અને સદ્‌ગુરુ મળતાં જ મનુષ્ય જીવનમાં – પોતાના સમસ્ત અસ્તિત્વમાં અલૌકિક આનન્દની અનુભૂતિ કરી શકે છે.

★

Scanned by CamScanner

## : ૧૩ :

# તપ અને યોગ

હું બેન્કની નોકરી અર્થે ૧૯૭૩માં રાજસ્થાનના ડુંગરપુર ગામે હતો. 'સંદેશ'માં પ્રગટ થતી લેખમાળા 'અગોચર મનની અજાયબી'ના વાચનની એવી તીવ્ર જિજ્ઞાસા થતી કે આતુરતાપૂર્વક બીજા લેખની રાહ જોતો. ધર્મના અનેક લેખો અને મેગેઝીનો વાંચ્યાં છે, જેમાં ચમત્કારો અને પ્રશંસાઓ દ્વારા મનુષ્યના મનોભાવો ધર્મ તરફ બદલવાના પ્રયાસો થયા છે. જ્યારે આ લેખોમાં માતાજી પ્રત્યેની 'શ્રદ્ધા અને શરણાગતિ' કેળવવાની શીખ આપવામાં આવતી, જે અસાધારણ હતી.

દેખાવમાં નાના, બોલવામાં સહેલા, સાંભળવામાં પ્રિય એવા આ બે શબ્દોની શોધ પૂ. શાસ્ત્રીજીની છે. પણ એ શબ્દો જેણે અમલમાં મૂકયા એનું જીવન તારી દેવાની જવાબદારી પૂજય ગુરુદેવના શબ્દોમાં 'માતાજીની' છે. જરા કલ્પી જોજો અવિશ્વાસ અને શંકાઓના આ જમાનામાં પતિ-પત્ની, ભાઈ-બહેન, માતા-પિતા, ગુરુ-શિષ્ય, ડૉકટર-દર્દી, વગેરે અનેક સંબંધોમાં સંપૂર્ણ શ્રદ્ધા સંભવી શકતી નથી ત્યારે બુદ્ધિને બંધ કરી સમ્પૂર્ણ શ્રદ્ધા કેળવવી એ

Scanned by CamScanner

મહાન યોગ છે અને શરણાગતિ સ્વીકારી લેવી એ મહાન તપ છે.

આ લેખો વાંચીને મનોમન પૂ. ગુરુદેવનાં ચરણોમાં મસ્તક મૂકીને 'શ્રદ્ધા' કેળવવાની ઝંખના જાગી. કેટલીય વાર થયું, અમદાવાદ જાઉં, પણ લેખમાં ક્યાંય સરનામું નહોતું આવતું. કુદરતની કૃપા ગણો કે પૂ. ગુરુદેવના આશિષ, ૧૯૭૭માં બદલી થઈ અને તે પણ અમદાવાદમાં....

અમદાવાદ આવીને તપાસ કરી, સરનામું શોધી પુષ્પ-કુંજ જઈ એ દેવાત્માનાં દર્શન કરી મસ્તક ઝુકાવ્યું. કાંઈ જ બોલ્યો નહિ. પણ ગુરુદેવની દૃષ્ટિના આશિષ અને મુખ પરના સ્મિતથી એક એવો સંતોષ લઈને નીકળ્યો કે કેટલાંય મંદિરોનાં દર્શન સંતના ચરણવંદનથી આવો સંતોષ પ્રાપ્ત થયો નથી. પ્રસાદીમાં આપેલો એમનો ફોટો અને માતાજીનો ફોટો આજે પણ મારી નિત્ય પૂજામાં છે. ગુરુદેવને જ્યારે જ્યારે મળવા જાઉં છું ત્યારે દુઃખ દર્દ ભૂલી જ જાઉં છું અને હવે તો પૂજ્ય ગુરુદેવના ચરણવંદન કરવાનું મારા આખાય કુટુંબને એક વ્યસન થઈ પડ્યું છે.

સન્તો પાસે વચનસિદ્ધિ હોય છે, તેથી તેઓ જે ઉચ્ચારે છે તે સત્ય થઈને જ રહે છે.

મારો પુત્ર જતીન ભણવામાં સામાન્ય. પરીક્ષાથી ખૂબ ગભરાય. એને દસમા ધોરણની પરીક્ષા હતી. ગુરુદેવના દર્શને કાયમ આવતો એટલે અમે એને પરીક્ષા પહેલાં ગુરુદેવનાં દર્શન અને આશિષ માટે લઈ ગયા. ગુરુદેવે જળ અભિ-

મંત્રિત કરી આપ્યું અને એમને શું પ્રેરણા થઈ, ભગવાન જાણે ....

ગુરુદેવે માથે હાથ ફેરવી કહ્યું :

'ચાલો બોર્ડમાં લાવીએ.'

સ્કૂલમાં પણ કોઈએ ન ધારેલું અને પરિણામ જાહેર થતાં મારો પુત્ર બોર્ડમાં ચોથો અને અમદાવાદમાં બીજો આવ્યો.

બારમા ધોરણમાં પણ ગુરુદેવના આશિષથી ફરીથી બોર્ડમાં ચોથો અને અમદાવાદમાં બીજો.... મેરીટ લીસ્ટમાં આખા ગુજરાતમાં પ્રથમ તથા ગુજરાતના ઇતિહાસમાં ૪૫૦ માંથી ૪૫૪ મેળવનાર એ પ્રથમ વિદ્યાર્થી....ધોરણ ૧૦ અને ૧૨ બન્નેમાં બોર્ડમાં આવવું અને આવી સફળતા મેળવવી એ પણ ગુરુદેવના જ સ્પર્શની કહાણી....

૨૪મી મે ૧૯૮૫નો દિવસ હતો. અમદાવાદ અશાંત હતું. આંબાવાડીમાં પહેલી જ વાર તોફાનો થયાં હતાં. ૨૧મી મેને દિવસે ઘેરથી પિતાજીનો કાગળ આવ્યો કે ૨૪મીએ અમારા ચારેય ભાઈઓના સાત છોકરાઓની સમૂહ જનોઈ રાખી છે. દરેક ભાઈઓને તે જ દિવસે કાગળ મળ્યો. પૌત્રપૌત્રીઓ તો દાદા પાસે જ હતાં. અહીંથી પેટલાદ જવાનું જ મુશ્કેલ હતું. પણ એથી વધુ મુશ્કેલ મારું દર્દ હતું.

સંધિવાને લીધે પગ વળે નહિ, બોલાય નહિ, સૂવામાં મુશ્કેલી, કમ્મરમાં દર્દથી વળાય નહિ.

Scanned by CamScanner

ઘરમાં બાળકો માટેનો પહેલો પ્રસંગ. હાજર કદાચ ન રહેવાય. રહેવાય તો પણ દર્દને લીધે સગાંઓની દયાદૃષ્ટિ પર.... પૂજામાં ન બેસાય. ખૂબ મૂંઝાયો. ગુરુદેવ યાદ આવ્યા અને પત્નીને લઈને સીધો ગયો 'નીલોષા' પર.

કમ્મરના દર્દને લીધે જીવનમાં પહેલીવાર ગુરુદેવના ચરણસ્પર્શ ન કરી શક્યો. મેં તેમને મારી મુશ્કેલી કહી. આંખમાં આંસુ આવ્યાં. અને મદદ માટે પ્રાર્થના કરી.

ગુરુદેવે હિંમત આપી. અભિમંત્રિત જીવનજળ આપ્યું અને પહેલીવાર સામેથી ઊભા થઈ આખી કમર પર, ઘૂંટણ પર હાથ ફેરવી આપ્યો અને કહ્યું:

'શુક્રવારે કશું નહિ થાય. દર્દ ધીમે ધીમે જશે.'

૨૨ મીએ પેટલાદ ગયો. ડૉકટરને બોલાવ્યા. ઈન્જેકશનો લીધાં. દર્દમાં થોડી રાહત લાગે પણ પૂજા થાય એવા સંકેત નહીં. સતત ત્રણ દિવસનાં ઈન્જેકશન પછી પણ બેસાય નહિ.

૨૫ મીએ સવારે પિતાજીએ કહ્યું: 'ન બેસાય તો બીજો ભાઈ ગ્રહશાંતિ કરે.' ગુરુદેવને મનોમન વન્દન કર્યાં. તેમનો સસ્મિત ચહેરો આશિષ આપતો હતો અને પૂજા કરી, ગ્રહશાંતિ કરી. પૂરા પાંચ કલાકની યજ્ઞોપવીત વિધિ કરી. કોઈ દર્દ નહીં. પંદર વાર ઊભો થયો હોઈશ, બેઠો હોઈશ, પગ આગળપાછળ વાળીને પૂજા કરી. ક્યાંય કોઈ તકલીફ નહિ. એટલો આનન્દ અનુભવ્યો કે ખુદ ભગવાન મળ્યા હોય, પૂજા પતી. પિતાજીના ચરણસ્પર્શ

Scanned by CamScanner

કર્યાં. ગુરુદેવને વન્દન કર્યાં અને પછી બીજાઓને વંદન કરવા વાંકો ન વળી શક્યો. માન્યામાં ન આવે, પણ આ અનુભૂતિ મેં કરી છે. મારા કુટુંબીઓએ નજરે જોયું છે. સમ્પૂર્ણ શ્રદ્ધાનું આ પરિણામ છે અને સ્પર્શની આ કહાણી છે.

સન્તો કોઈને દૃષ્ટિ આપતા નથી.

સન્તો મોટે ભાગે કોઈને સ્પર્શ કરતા નથી.

સન્તો ઝાઝી કોઈ સાથે વાત કરતા નથી.

સામાન્ય રીતે સન્તોના વ્યક્તિત્વની–અભિગમની આ સામાન્ય હકીકત છે. પણ આ સામાન્ય કહેવાતી હકીકતોની વિરુદ્ધ સન્ત વર્તે છે ત્યારે તે એક અસાધારણ ઘટના બની રહે છે. એટલું જ નહિ, જે જે વ્યક્તિને તેનો અનુભવ થાય છે તે તે વ્યક્તિઓ કોઈક દિવ્ય ને અલૌકિક અનુભૂતિનાં અધિકારી બને છે.

જે વ્યક્તિને સન્તની દૃષ્ટિ મળે છે, સ્પર્શ મળે છે કે સન્તની વાણીનો લાભ મળે છે તેમના જીવનનો બેડો પાર થઈ જાય છે, તેને જીવનમાં અસાધારણ સફળતા મળે છે.

એમાં ય સન્તો સામે ચાલી કોઈને સ્પર્શ કરી તેના મસ્તકે હાથ મૂકે છે કે દર્દથી પીડિત ભાગ પર તેમનો હાથ ફેરવે છે, ત્યારે આધ્યાત્મિક રીતે હકીકતે શું થતું હશે અથવા તેઓ શું કરતા હશે, પરમતત્ત્વની શક્તિનો આવિર્ભાવ સાધી વ્યક્તિમાં સંક્રાંત કરતા હશે કે શક્તિનું સિંચન કરતા હશે તે તો તેઓ જ જાણે, પણ તેમના

Scanned by CamScanner

સ્પર્શથી દર્દી દર્દમાંથી રાહત કે મુક્તિ મેળવે છે, કોઈને વિદ્યા પ્રાપ્ત થાય છે, કોઈની બુદ્ધિ ખીલે છે, તો કોઈનું વ્યક્તિત્વ તેજસ્વી ને પ્રભાવશાળી બને છે, તો કોઈક અન્દરના આનન્દથી મસ્તીમાં ઝૂમી રહે છે.

જુદા જુદા સમયે ને સંદર્ભમાં સન્તની દૃષ્ટિની, સ્પર્શની ને વાણીની દિવ્ય ને અલૌકિક અનુભૂતિઓ વ્યક્તિને તેની શ્રદ્ધા અને શરણાગતિના પ્રભાવે કરીને થાય છે.

પરમતત્ત્વ સાથેના પ્રત્યક્ષ આત્માનુસન્ધાનથી પ્રાપ્ત થયેલી આત્મિક શક્તિનાં સ્પંદનોનો પ્રભાવ પોતાની દૃષ્ટિ, વાણી ને સ્પર્શ દ્વારા આગન્તુક પર ફેંકે છે, તેથી વ્યક્તિમાં પણ એક પ્રકારની આધ્યાત્મિક ક્ષમતા ને સૂઝ આવે છે, 'તે'ની પ્રેરણા–સંકેતો ઝીલવાની તેનામાં સૂઝ, સમજ, શક્તિ, ને શ્રદ્ધા પ્રકટે છે.

પરમતત્ત્વના સૂક્ષ્મ સંકેત–પ્રેરણાથી સન્તોની દૃષ્ટિ, વાણી ને સ્પર્શ ધારી અસર નીપજાવી શકે છે. તેઓ જે બોલે છે તે પ્રમાણે થાય છે અથવા જે થનાર છે તે તેઓ 'તે'ના સંકેત–પ્રેરણાથી ઉચ્ચારે છે.

★

Scanned by CamScanner

: ૧૪ :

## ચાલુ ટ્રેને પડવા છતાં બચાવ!

હસમુખભાઈએ આવી ગુરુદેવનાં ચરણોમાં પ્રણામ કર્યા. તેમના પુત્ર મુન્ના તરફ ઇશારો કરી ગુરુદેવે પૂછ્યું:

'હવે કેમ છે? કોઈ તકલીફ તો નથી ને?'

'ના, બીજી તો કોઈ તકલીફ નથી પણ આટલો સોજો હજી રહી ગયો છે' કહી હસમુખભાઈએ તેમના પુત્ર મુન્નાનો ઈજાગ્રસ્ત હાથ ગુરુદેવને બતાવ્યો. એ જોઈ ગુરુદેવે કહ્યું:

'વાંધો નહિ. રોજ કસરત ચાલુ રાખજો. આવી જશે.'

ગુરુદેવની આ સૂચનાને માથે ચડાવતાં હસમુખભાઈ, તેમનાં પત્ની અને પુત્ર મુન્નાએ ગુરુદેવ સામે બેઠક લીધી.

કપાળ પર બાઝેલાં પ્રસ્વેદનાં બિંદુઓ લૂછી હસમુખભાઈએ બે હાથ જોડી ગુરુદેવ સમક્ષ રજૂઆત કરતાં કહ્યું:

ગુરુદેવ! મુન્નાએ મંત્ર જપી 'ગુરુદેવ બચાવો' કહી ટ્રેનના ડબ્બાના બારણેથી સળિયો છોડી દીધો અને ચાલુ ટ્રેને બહાર કૂદી પડયો!....

'ગુરુદેવ બચાવો' કહી નિજના પ્રાણની રક્ષાનો પોકાર કરી ચાલુ ટ્રેને કૂદી પડેલા અઢાર–વીસ વર્ષના મુન્નાને

Scanned by CamScanner

અદ્ભુત બચાવ થયો એ પ્રસંગની શ્રી હસમુખભાઈએ રજૂ કરેલી હકીકતો કંઈક આવી હતી.

ગુરુદેવનો સૂરતમાં વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ હતો. હું આખો દિવસ ત્યાં જ હાજર રહેતો. ગુરુદેવના કાર્યક્રમ દરમિયાન મારો દીકરો તેના મિત્રો સાથે તે વખતે વડોદરામાં યોજાયેલી 'વન ડે મેચ' જોવા ગયો હતો. ત્યાંથી તેઓ આગળ ફરવા પણ જવાના હતા. તેને મોકલવાનું કોણ જાણે કેમ પણ મારું મન બહુ માનતું નહોતું. મારી પત્નીની પણ તેને મોકલવાની ઇચ્છા નહોતી. અમે બન્નેએ કહ્યું કે 'તું સંભાળીને રહેજે ને તને કંઈ પણ તકલીફ પડે તો તું માતાજીને અને ગુરુદેવને યાદ કરજે. મંત્રજપ સતત ચાલુ રાખજે.' કારણ તે ઘણો તોફાની અને ટોળાનો અગ્રણી. નીકળતી વખતે એણે ગળામાં સોનાનો અછોડો પહેરેલો. ભીડમાં અછોડો ચોરાવાનો, તૂટવાનો ભય કે એને કારણે કદાચ જાન પણ જોખમમાં આવી પડે એવી કોઈ અગમ્ય પ્રેરણાથી મેં તેને અછોડો કાઢી નાખવા અને માતાજી ને પૂ. ગુરુદેવના ફોટાવાળું લોકીટ પહેરી લેવા જણાવ્યું. તેણે તેમ કર્યું પણ ખરું. માતાજી ને ગુરુદેવના ફોટાવાળું લોકીટ પહેરીને જ તે ઘરમાંથી નીકળ્યો. મેં અને મારી પત્નીએ તેને વારંવાર ટોક્યો ને વિદાય કર્યો. તે દિવસે પણ ગુરુદેવનો કાર્યક્રમ તો ચાલુ જ હતો. મેં ગુરુદેવને કહ્યું કે, ગુરુદેવ! મારો મુન્નો આજે વડોદરા ગયો છે ને ત્યાંથી મિત્રો સાથે આગળ ફરવા જવાનો છે. તોફાની ઘણો છે. આપ આશીર્વાદ આપજો ને ધ્યાન રાખજો.

Scanned by CamScanner

ગુરુદેવે કહ્યું : 'એને કંઈ નહિ થાય!'....

તેઓ સૂરતથી સવારે લોકલમાં નીકળ્યા. મકરપુરા પાસે એ બાથરૂમ જવા ઊઠ્યો. હાથમાં રેડિયો પણ હતો. બાથરૂમ બહાર ઉતરવાના બારણા પાસે હતો ને બારણાની વચ્ચોવચ ગુણો ને અન્ય માલસામાન પડેલો હતો. પગ ટેકવવાની પણ જગ્યા નહોતી. તેણે પગમાં રબરની સ્લીપર પહેરેલી હતી આથી તેનો પગ લપસ્યો. તે બારણાની બહારના સળિયા સાથે ટીંગાઈ ગયો. હાથમાં રેડિયો હતો. જોરથી સળિયો પકડ્યો હતો પણ વધુ વખત પકડી રાખી શક્યો નહિ ને ઘણું ઘસડાયો. કમ્મરમાં ઘણું છોલાઈ ગયું. તે વધુ વખત સળિયો પકડી શક્યો નહિ ને મંત્ર જપીને 'ગુરુદેવ બચાવો' કહી સળિયો છોડી દીધો અને ચાલુ ટ્રેને કૂદી પડ્યો.

બારણા પાસે બે-ચાર માણસો પણ ઊભા હતા. તેઓએ મુન્નો લપસ્યો તે જોયું પણ બચાવવાનો પ્રયત્ન ન કરી શક્યા.

ચાલુ ટ્રેને મુન્નો કૂદી પડ્યો તેથી તેને માથામાં ને હાથમાં ઘણી સખત ઈજા થઈ. લોહી વહેવા લાગ્યું. છતાં ઊઠીને તેણે ગળાના લોકીટમાંનાં માતાજીના ને ગુરુદેવના ફોટાના દર્શન કર્યાં. મનોમન વન્દન-સ્મરણ કરી પગમાંથી નીકળી ગયેલ સ્લીપર શોધીને પહેરી. હાથમાંથી પડી ગયેલ રેડિયો પણ પાછો લઈ આવ્યો ને તેણે ચાલવા માંડ્યું. મકરપુરાના સ્ટેશને જઈ સ્ટેશન માસ્તરને મળ્યો. તેઓ પણ

Scanned by CamScanner

ઘણા આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે પાટાપિંડી કરી આપી ને પૂછયું કે 'તું કયાંથી આવે છે ને કયાં જઈ રહ્યો છે? અને આ શું થયું?' તેણે સ્ટેશન માસ્તરને બધી હકીકત જણાવી. સ્ટેશન માસ્તરે તેને પૂછયું પણ ખરું કે હવે તારે કયાં જવું છે? સુરત આવવાની તેની હિંમત નહોતી. અમારા બધાનો તેને સખત ધાક પણ હતો. આથી તેણે વડોદરા જવાનું જ નક્કી કર્યું. ત્યાં જ એક એન્જિન સ્ટેશન તરફ આવી રહ્યું હતું તેમાં તેમણે મુન્નાને વડોદરા મોકલવા બેસાડયો.

આ બાજુ પેલી ગાડી ઘણી આગળ નીકળી ગયેલી. બાથરૂમ જવા ઊભો થયેલો મુન્નો ઘણીવાર થઈ છતાં પાછો જગ્યા પર ન આવ્યો એટલે બીજા મિત્રો બાથરૂમ પાસે આવ્યા ને ત્યાં જે બે-ચાર માણસો ઊભેલા તેમને પૂછયું તો તેમણે જણાવ્યું કે એ છોકરો તો ઘણો આગળ ગાડીમાંથી પડી ગયો છે. બધા ખૂબ ગભરાઈ ગયા. આગલા સ્ટેશન પર જ ઊતરી પડયા ને પાછળ દોડવા લાગ્યા. મુન્નાને લઈને વડોદરા જતું એન્જિન મિત્રોને સામે જ મળ્યું. મુન્નાએ મિત્રોને આવતા જોઈ એન્જિન ઊભું રખાવ્યું.

સૌ વડોદરા આવ્યા. એક મિત્રને ઘેર જઈ ખાનગી ડૉક્ટરને ત્યાં જઈ સારવાર લીધી. પછી ત્યાંની એક હોસ્પીટલમાં મુન્નાને દાખલ કર્યો. બધા જ છોકરાઓ પૈસાપાત્ર કુટુંબના નબીરા હોઈ દરેકની પાસે ઠીક ઠીક રકમ

Scanned by CamScanner

હતી. તેઓએ ડૉકટરોની ટુકડી બોલાવી ને સારવાર કરાવવા માંડી. છોકરાઓએ ડૉકટરોને કહ્યું કે જે કાંઈ ખર્ચ થાય તે, પણ આને બચાવી લેજો ને જલ્દીથી સારો કરી દેજો. માથામાં ઈજા થયેલા ભાગ પર ડૉકટરોએ ટાંકા લીધા ને આઠ દિવસ પછી ટાંકા તોડવા જણાવ્યું.

પણ મુન્નો કોઈક અગોચર પ્રેરણાએ અચાનક હોસ્પીટલમાંથી નીકળી વડોદરાથી સૂરત ચાલ્યો આવ્યો. એને એમ હતું કે ગુરુદેવ સૂરત છે તો તેમનાં દર્શન કરી આશીર્વાદ લઉં. પણ ગુરુદેવ તો આગલે દિવસે જ અમદાવાદ ચાલ્યા ગયેલા તેની તેને જાણ નહોતી.

તે સવારની બસમાં ઘેર આવ્યો. તે દિવસે હું માંડવી વેપારના કામ માટે ગયેલો. મારાં પત્ની ઘરમાં એકલાં જ હતાં. એ જોઈ મુન્નાએ પહેલો સવાલ એ કર્યો કે, 'મમ્મી, તમે કેમ આજે ઘરમાં છો? ગુરુદેવ પાસે ગયાં નથી?' મારાં પત્નીએ કહ્યું કે 'ગુરુદેવ તો ગઈ કાલના અમદાવાદ ગયા.' પણ હથ-માથાના પાટા જોઈ પૂછ્યું કે આ બધું શું થયું? તેણે મારી પત્નીને ગલ્લાતલ્લા કરી જવાબ આપ્યો કે 'મેચ જોવા ગયો ત્યારે ભીડ ઘણી હતી અને ધક્કામુક્કીમાં હું પડી ગયો ને વાગ્યું'. પણ તેણે સાચી હકીકત જણાવી નહિ. તે સૂઈ રહ્યો.

મારાં પત્નીએ ડૉકટરને બોલાવ્યા. તેમણે તપાસીને કહ્યું કે, 'આ કોઈ સાધારણ ઈજા નથી. ખૂબ જ વાગ્યું છે. તું સાચેસાચું કહે, શું થયું છે?' ત્યારે તેણે ઉપર મુજબની સાચી હકીકત જણાવી. પછી અમે જરૂરી સારવાર શરૂ કરાવી.

Scanned by CamScanner

સાંજે હું ઘેર પાછો આવ્યો ત્યારે મારું આખું ઘર ભરાયેલું હતું. સહેજ વાર તો હું આશ્ચર્યચકિત જ થઈ ગયો કે આ બધું શું છે? મુન્નાને ખાટલામાં પાટા બાંધીને સૂતેલો જોઈ મને થયું કે ચોક્કસ કંઈ નવાજૂની કરીને આવ્યો છે. ઘરમાં જઈ સઘળી હકીકત જાણી હું મનોમન માતાજીને ને ગુરુદેવને વંદી રહ્યો. તેમનો મનોમન આભાર માનવા લાગ્યો.

તેમના શબ્દો મને યાદ આવ્યા, 'એને કંઈ નહિ થાય.'

મેં મુન્નાને કહ્યું: 'તું હેમખેમ પાછો આવ્યો તે સારું થયું. હવે ગુરુદેવને ખબર આપી આશીર્વાદ લઈ લેવાના ને જળ કરાવી લેવાનું. તું ચાલ્યો ગયો હોત તો આપણા ઋણાનુબન્ધ પૂરા થયા એમ મન મનાવી રડીને બેસી રહેત, પણ તું અપંગ થઈ ગયો હોત તો જિંદગી આખી તને જોઈ જોઈને દિલ દાઝયા કરત. હજી તો માંડ વીસ વરસનો છે. આખી જિંદગીની ઘણી લાંબી મજલ બાકી છે ને તું અપંગ થઈ ગયો હોત, તારો હાથ-પગ કપાઈ ગયો હોત તો શું થાત? પણ માતાજી ને ગુરુદેવે આપણી લાજ રાખી ને તને બચાવી લીધો.'

અમારો આ એક જ પુત્ર છે. અમને કશી વાતનું દુઃખ નથી. દરરોજ પ્રાતઃકાળે હું ને મારી પત્ની સાથે જ માતાજીની માળા કરીએ છીએ.

આટલું કહેતાં ગળગળા બની ગયેલા હસમુખભાઈએ ગુરુદેવને નમસ્કાર કર્યા.

Scanned by CamScanner

ગુરુદેવના સૂરતમાંના કાર્યક્રમ અને અમદાવાદમાં ગુરુપૂર્ણિમા ને તેમની વર્ષગાંઠના કાર્યક્રમો સિવાય હું વારંવાર તેમને મારા વેપારના કાર્યદબાણને કારણે મળી શકતો નથી કે જઈ શકતો નથી, પણ તેમ છતાં ગુરુદેવ મારાથી દૂર છે કે હું ગુરુદેવથી દૂર છું એવું મને લાગતું જ નથી. મારા વેપાર અંગેનાં તેમ જ અંગત, સામાજિક, કૌટુંબિક તમામ કાર્યો ખૂબ જ સરળતાથી ને સહજતાથી પાર પડી જાય છે. મારે ગુરુદેવને કહેવાની ભાગ્યે જ જરૂર પડે છે.

ચાલુ ટ્રેને પડવા છતાં જેના પ્રાણની રક્ષા થઈ તે આ મુન્નો ગુરુદેવના સૂરતના કાર્યક્રમ દરમ્યાન આવીને એકવાર દર્શન કરી આશીર્વાદ લઈ જાય. તેના અંગેની કોઈ પણ હકીકત તે પોતાના માતા-પિતા દ્વારા ગુરુદેવ સુધી પહોંચાડતો. પણ પોતે કદી સ્વયં રજૂઆત કરતો નહિ એવી સંકોચશીલ તેની પ્રકૃતિ. તેના પ્રશ્નની રજૂઆત થાય એટલે તે ગુરુદેવનાં ચરણોમાં પ્રણામ કરી તેમના આશીર્વાદ લે. તેને ગુરુદેવમાં અને માતાજીમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને મંત્રજપ પણ કરે. અને તેથી જ તો ઘરમાંથી નીકળતી વખતે —

'તને કંઈ પણ તકલીફ પડે તો ગુરુદેવને ને માતાજીને યાદ કરજે.'

એવા પિતાના શબ્દો અને ગુરુદેવ પ્રત્યેની શ્રદ્ધાને કારણે જ, તો પોતાના પ્રાણની રક્ષા કાજે ગુરુદેવને પોકાર પાડી ચાલુ ટ્રેને પડતું મૂક્યું ને તેનો વાળ પણ વાંકો ન થયો !

★

Scanned by CamScanner

: ૧૫ :

## સાફલ્યનો સદ્‌ભાવ

પૂજ્યપાદ શાસ્ત્રીજી હંમેશ કહેતા રહે છે કે, "હું તમારી સાથે જ છું. માતાજીના આશીર્વાદ." આ વચનો એટલાં સહજ રીતે ઉચ્ચારાય છે કે સામાન્ય સંદર્ભમાં ભક્તોને એ કેવળ ઔપચારિક (formal) લાગે. પણ વાસ્તવમાં નમ્રાતિનમ્ર વ્યક્તિત્વ ધરાવતા, મા ગાયત્રીના પાટવીકુંવર જેવા પૂ. ગુરુદેવનાં આ વચનો ખૂબ નિખાલસતાની સાથે પૂરી ગંભીરતા અને સચ્ચાઈથી ઉચ્ચારાયેલાં હોય છે એની જ્યારે પ્રતીતિ થાય ત્યારે જ ખ્યાલ આવે.

બન્યું એવું કે પૂના યુનિવર્સિટીમાં યુ. જી. સી.ના ઉપક્રમે કેટલાક કાર્યક્રમો ચાલે છે, જેમાં સીનીઅર ટીચર્સનો Orientation programme હોય છે. મારા વિષયમાં (સંસ્કૃતમાં) મારે આવા એક પ્રોફેસર વિદ્યાર્થી જૂથને ત્રણ વ્યાખ્યાનો આપવાનાં હતાં. પૂ. ગુરુદેવ તો એ વખતે (ડિસે. ૨૫ થી ૨૮,૯૦) લંડન ગયેલા હતા. આમેય કંઈ પણ કરતી વખતે હું અને સૌ. હર્ષા પૂ. ગુરુદેવનું મનોમન સ્મરણ કરી જ લઈએ છીએ. એવી એક સુટેવ પડી ગઈ છે. વ્યાખ્યાનોની પૂર્વસંધ્યાએ આવી જ સહજતાથી પૂ. શાસ્ત્રીજીને બધું સંભાળી લેવા અને એમની કૃપાનો

મહિમા ફેલાવવા પ્રાર્થના કરેલી. હું નમ્રતાથી માનું છું કે, મા ગાયત્રી કે પૂ. ગુરુદેવની કોઈ મોટી ભક્તિ કે સેવા તો હું કરી શકતો નથી, અને તેથી જ 'ભક્તિનો મહિમા' એવો શબ્દપ્રયોગ હું કરતો નથી, પણ અધિકારી કે અનધિકારીને મા અને ગુરુદેવની કૃપા તો બિનશરતી રીતે મળે જ છે એટલે હું એને 'કૃપાનો મહિમા' જ કહું છું. હા, તો આ પ્રાર્થના કદાચ ટેવ પ્રમાણે જ કરી હતી. 'न कृते शास्त्रदोषो न इति न्यायेन'— "આમ ન કરો તો પછી શાસ્ત્રને દોષ ન આપશો" એ ન્યાયે શાસ્ત્ર કરી લીધું. મનમાં શાન્તિ હતી. તૈયારી તો અલબત્ત કરી જ હતી. પહેલા વ્યાખ્યાન (તા. ૨૬-૧૨)ની સવારે પાંચ વાગે ઊંઘમાં જ શાસ્ત્રીજી છેક લંડનથી હાજર થઈ ગયા! સ્વપ્નમાં પૂ. ગુરુદેવ એમના રેશમી કફની પાયજામામાં સજજ હતા અને હું એમની સામે રિસર્ચ પેપર વાંચતો હોઉં એવું દશ્ય ખડું થયું અને વાચન પછી ખૂબ વખણાયું એવી પ્રતીતિ થઈ. વહેલી સવારે જાગીને સૌ. હર્ષાને વાત કરી તો એને પણ સ્વપ્નમાં પૂ. શ્રીની ઝાંખી થઈ હતી. "સાથે જ છું", એ શબ્દો ચરિતાર્થ થયા. ભાગ્યે જ ઉમેરીશ કે વ્યાખ્યાન-માળા ખૂબ સફળ રહી અને વારાણસીથી કેરળ અને કાઠિયાવાડથી મેઘાલય સુધીની સીમાએથી આવેલા વિદ્વાન પ્રોફેસરો, જે સંસ્કૃતમાં માતૃભાષાની માફક બોલતા હતા, એ અત્યંત પ્રસન્ન થયા અને જુદાં જુદાં ગ્રુપોએ પંદરેક ફોટા પાડ્યા. બધો જ શ્રી. પૂજ્યપાદની કૃપાનો મહિમા જ લેખું છું.

Scanned by CamScanner

એક બીજો અનુભવ: તા. ૬/૧ ને રવિવારે મારી દીકરી, ડૉકટરસાહેબ અને બાળકો સાંજે અમારે ત્યાં આવવાનાં હતાં. એ લોકો અહીં પહોંચે એ પહેલાં હૉસ્પિટલથી ફોન આવ્યો કે, 'સાહેબ આવે (સાહેબ એટલે માર જમાઈ ડૉ. મયૂરભાઈ) એટલે કહેજો કે પેશન્ટ દાખલ થયું છે અને રખિયાલ, ગોમતીપુરમાં ખૂબ ધમાલ થવાથી કરફ્યુ પડયો છે માટે ફરીને લાંબે રસ્તે વહેલા આવી જાય!' લ્યો! હજી છોકરાં અહીં પહોંચ્યા નથી ને ધમાલના સમાચાર! બહાર બગીચામાં બેસીને હું રાહ જોતો હતો. પૂ. ગુરુદેવને યાદ કરીને કહ્યું કે, 'છોકરાંની સાથે રહેજો ને સાચવીને ઘેર પહોંચાડજો.' હીંચકો બંધ કરી હું અંદર જવા ઊભો થયો. બધું જ શાન્ત હતું. મંદ મંદ ઠંડો પવન વાતો હતો. હૃદય ચિંતામાં બંધાયું હતું. પૂ. શ્રી. લંડનથી મુંબઈ પહોંચ્યા હશે એમ વિચાર્યું. એટલામાં હીંચકો ચાલતો હોય તેવો કડાંનો સુમધુર અવાજ આવવા માંડયો! જાણે પૂ. ગુરુદેવ સાંજની ક્ષણોએ હીંચકે બીરાજી આશીર્વાદ, આપતા હોય તેવી અનુભૂતિ થઈ. સૌ. હર્ષા કંઈક કહેવા બહાર આવી. મેં આંગળી નાક ઉપર મૂકી ચૂપ રહેવા જણાવ્યું તથા પાસે બોલાવ્યાં. એમને પણ હીંચકાનો અવાજ સંભળાતો રહ્યો. પૂરી ૧૫ મિનિટ આ દિવ્ય સંગીત પથરાયું. એ બંધ થતાંમાં સૌ. ચિન્મયી અને બાળકો આવી ગયાં અને થોડીવાર રોકાઈ હેમખેમ પોતાને સ્થાને પહોંચી ગયાં અને ફોન પણ આવી ગયો.

પૂ. ગુરુદેવ ઘણીવાર નરી નાની નાની વાતો કરતા

Scanned by CamScanner

જણાય છે. એમનું બાહ્ય એક પ્રમાણિક, નિખાલસ સજ્જનનું છે. પણ એ બાહ્યની ભીતર એમની ચેતના પ્રતિક્ષણ પૂ. માની ચેતના સાથે એકાકાર હોય છે. સામાન્ય હળવી હસી મજાક ચાલતી હોય ત્યારે પણ વચ્ચે વચ્ચે એક સુગંધનો ગોટો આપણને ભેટી જતો હોય છે જે ફરી ફરી "સાથે જ છું"ની તથા 'મહતી કૃપા'ની પ્રતીતિ કરાવી દે છે. પૂ. શ્રીને નમ્ર પ્રાર્થના છે કે, "પ્રભુ મોરે ગુણ અવગુણ ન વિચારો", માત્ર કૃપા વરસાવતા રહેજો.

વ્યક્તિગત મુલાકાત દ્વારા આગન્તુકને માર્ગદર્શન આપી જનસમાજનાં ત્રિવિધ તાપમાંથી રાહત કે મુક્તિ મેળવવામાં સહાય કરનાર, આધ્યાત્મિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર, એક સન્ત તરીકે નિજી વ્યક્તિત્વ ને કાર્યની વિશિષ્ટ ને વિલક્ષણ મુદ્રા અંકિત કરનાર મિતભાષી શાસ્ત્રીજી પાસે જનારને મોટે ભાગે ગણ્યાગાંઠ્યા શબ્દો જ સાંભળવા મળે છે. જેમાં —

'હું પ્રયત્ન કરીશ', 'થઈ જશે', 'બધું માતાજીને સોંપી દો', 'હા, ચોક્કસ મારા આશીર્વાદ છે,' 'હું મારો પ્રયત્ન કરું છું, તમે તમારા પ્રયત્નો ચાલુ રાખો,' 'માતાજીની દયા, માતાજીની મરજી, માતાજીની કૃપા —

— જેવા અતિ અલ્પ શબ્દોનો સમાવેશ થાય છે.

ઘણી વાર પ્રત્યુત્તરમાં કેવળ મૌન પણ સાંપડે છે, તો ઘણી વાર કેવળ તેમની નજર ને ગરદન નીચાં ઢળી જાય છે, જાણે કોઈક અગોચર પ્રદેશમાં ન જઈ પહોંચ્યાં

Scanned by CamScanner

હોય! તો કયારેક આગન્તુકને કેવળ સ્મિત પ્રાપ્ત થાય છે ને સાથે આશિષની મુદ્રામાં ઊંચકાતા તેમના વરદ હસ્તનાં જ દર્શન થાય છે.

તો સાથે માત્ર માળા કરવાનો આદેશ!

આથી અકળાઈ–મુંઝાઈને આવેલા આગન્તુકની અકળામણ–મૂંઝવણ ઘણી વાર તીવ્ર પણ બની જાય છે. પણ મુલાકાત પછી ગુરુદેવના આશીર્વાદ ગતિશીલ બને છે. પ્રયત્નો શરૂ થાય છે ને આગન્તુકને કેવડી મોટી સફળતાઓ પ્રાપ્ત કરાવી આપે છે તેનો અનુભવ તો તેમના રૂબરૂ સંપર્કમાં આવી ચૂકેલાં ભાઈ–બહેનોને હશે જ. એટલું જ નહિ, ગુરુદેવના સતત સંપર્કમાં રહેતાં સેવાભાવી ભાઈ–બહેનો જ્યારે જ્યારે પોતાનું કોઈ પણ નાનું મોટું કાર્ય શરૂ કરતાં પહેલાં શાસ્ત્રીજીનું–શાસ્ત્રીજીના શબ્દોનું સ્મરણ કરે છે, ત્યારે સ્મરણ કરનાર વ્યક્તિને જ્યાં હોય ત્યાં, માતાજીની ને શાસ્ત્રીજીની સૂક્ષ્મ ઉપસ્થિતિનો અનુભવ થાય છે, માતાજીની–પરમતત્ત્વની સૂક્ષ્મ શક્તિનો પ્રભાવ તેના કાર્ય પર પથરાય છે ને વ્યક્તિને કલ્પનાતીત સાફલ્યનો સદ્‌ભાવ ચારેકોરથી સાંપડી રહે છે. સાફલ્યના આવા સદ્‌ભાવની પ્રાપ્તિ માટે વ્યક્તિ પક્ષે અન્તઃકરણપૂર્વકના ભાવસમર્પણની જ આવશ્યકતા છે.

卐



Scanned by CamScanner

# ગાયત્રી ચાલીસા

હ્રીં, શ્રી, ક્લીં, મેધા, પ્રભા, જીવન જ્યોતિ પ્રચંડ ।
શાન્તિ, ક્રાન્તિ, જાગૃતિ, પ્રગતિ રચના શક્તિ અખંડ ॥

જગત જનની, મંગલ કરનિ, ગાયત્રી, સુખ ધામ ।
પ્રણવો સાવિત્રી સ્વધા સ્વાહા પૂરન કામ ॥

ભૂર્ભુવઃ સ્વઃ ૐ યુત જનની !
ગાયત્રી નિત કલિમલ દહની ॥ ૧ ॥

અક્ષર ચોવીસ પરમ પુનિતા !
ઈનિમેં બસેં શાસ્ત્ર શ્રુતિ ગીતા ॥ ૨ ॥

શાશ્વત સતોગુણી સતરૂપા ।
સત્ય સનાતન સુધા અનૂપા ॥ ૩ ॥

હંસારૂઢ સિતમ્બર ધારી ।
સ્વર્ણ કાન્તિ શુચિ ગગનવિહારી ॥ ૪ ॥

પુસ્તક, પુષ્પ, કમંડલુ, માલા ।
શુભ્ર વર્ણ તનુ નયન વિશાલા ॥ ૫ ॥

ધ્યાન ધરત પુલકિત હિય હોઈ !
સુખ ઉપજત દુઃખ દુરમતિ ખોઈ ॥ ૬ ॥

Scanned by CamScanner

કામધેનુ તુમ સુર તરૂ છાયા ।
નિરાકાર કી અદ્ભુત માયા ॥ ૭ ॥

તુમ્હારી શરણ ગ્રહે જો કોઈ ।
તરૈ સકલ સંકટ સોં સોઇ ॥ ૮ ॥

સરસ્વતી લક્ષ્મી તુમ કાલી ।
દીપૈ તુમ્હારી જ્યોતિ નિરાલી ॥ ૯ ॥

તુમ્હારી મહિમા પાર ન પાવૈં ।
જો શારદ શતમુખ ગુણ ગાવૈં ॥ ૧૦ ॥

ચાર વેદ કી માતુ પુનિતા ।
તુમ બ્રહ્માણી ગૌરી સીતા ॥ ૧૧ ॥

મહામન્ત્ર જિતને જગ માંહી ।
કોઉ ગાયત્રી સમ નાહીં ॥ ૧૨ ॥

સુમિરત હિય મેં જ્ઞાન પ્રકાશૈ ।
આલસ પાપ અવિદ્યા નાસૈ ॥ ૧૩ ॥

સૃષ્ટિ બીજ જગ જનનિ ભવાની ।
કાલરાત્રિ વરદા કલ્યાણી ॥ ૧૪ ॥

બ્રહ્મા વિષ્ણુ રુદ્ર સુર જે તે ।
તુમ સોં પાવેં સુરતા તે તે ॥ ૧૫ ॥

Scanned by CamScanner

તુમ ભક્તનકી ભક્ત તુમ્હારે ।
જનનિહિં પુત્ર પ્રાણ તે પ્યારે ॥ ૧૬ ॥

મહિમા અપરમ્પાર તુમ્હારી ।
જય જય જય ત્રિપદા ભયહારી ॥ ૧૭ ॥

પૂરિત સકલ જ્ઞાન વિજ્ઞાના ।
તુમ સબ અધિક ન જગમેં આના ॥ ૧૮ ॥

તુમહિં જાનિ કછુ રહ ન શેષા ।
તુમહિં પાય કછુ રહે ન ક્લેશા ॥ ૧૯ ॥

જાનત તુમહિં, તુમહિં હૈ જાઈ ।
પારસ પરસિ કુધાતુ સુહાઈ ॥ ૨૦ ॥

તુમ્હારી શક્તિ દીપૈ સબ ઠાઈ ।
માતઃ તુમ સબ ઠૌર સમાઈ ॥ ૨૧ ॥

ગ્રહ નક્ષત્ર બ્રહ્માણ્ડ ઘનેરે ।
સબ ગતિવાન તુમ્હારે પ્રેરે ॥ ૨૨ ॥

સકલ સૃષ્ટિકી પ્રાણવિધાતા ।
પાલક, પોષક, નાશક, ત્રાતા ॥ ૨૩ ॥

માતેશ્વરી દયા વ્રતધારી ।
તુમ સન તરે પાતકી ભારી ॥ ૨૪ ॥

Scanned by CamScanner

જાપર કૃપા તુમ્હારી હોઈ ।
તાપર કૃપા કરે સબ કોઈ ॥ ૨૫ ॥

મંદ બુદ્ધિ તે બુદ્ધિ બલ પાવે ।
રોગી રોગરહિત હો જાવે ॥ ૨૬ ॥

દારિદ્ર મિટૈ, કટે સબ પીરા ।
નાશૈ દુઃખ, હરૈ ભવ ભીરા ॥ ૨૭ ॥

ગૃહ કલેશ ચિત ચિન્તા ભારી ।
નાશૈ ગાયત્રી ભયહારી ॥ ૨૮ ॥

સંતતિ હીન સુસંતતિ પાવે ।
સુખ સંપતિ યુત મોદ મનાવે ॥ ૨૯ ॥

ભૂત પિશાચ સબૈ ભય ખાવે ।
યમ કે દૂત નિકટ નહિ આવે ॥ ૩૦ ॥

જો સધવા સુમિરે ચિત લાઈ ।
અક્ષત સુહાગ સદા સુખદાયી ॥ ૩૧ ॥

ઘરવર સુખપ્રદ લહૈં કુમારી ।
વિધવા રહે સત્યવ્રત ધારી ॥ ૩૨ ॥

જયતિ જયતિ જગદમ્બાં ભવાની ।
તુમ સબ ઔર દયાલુ ન દાની ॥ ૩૩ ॥

Scanned by CamScanner

જો સદ્‌ગુરુ સોં દીક્ષા પાવેં ।
સો સાધન કો સફલ બનાવેં ॥ ૩૪ ॥

સુમિરન કરે સુરુચિ બડભાગી ।
લહેં મનોરથ ગૃહી વિરાગી ॥ ૩૫ ॥

અષ્ટ સિદ્ધિ નવનિધિ કી દાતા ।
સબ સમર્થ ગાયત્રી માતા ॥ ૩૬ ॥

ઋષિ, મુનિ, જતિ, તપસ્વી જોગી ।
આરત, અર્થી, ચિન્તિત, ભોગી ॥ ૩૭ ॥

જો જો શરણ તુમ્હારી આવેં ।
સો સો મનવાંછિત ફલ પાવેં ॥ ૩૮ ॥

બલબુદ્ધિ વિદ્યાશીલ સ્વભાઉ ।
ધન વૈભવ યશ તેજ ઉછાઉ ॥ ૩૯ ॥

સકલ બઢેં ઉપજેં સુખ નાના ।
જો યહ પાઠ કરૈ ધરિ ધ્યાના ॥ ૪૦ ॥

યહ ચાલીસા ભક્તિયુત પાઠ કરે જો કોય ।
તાપર કૃપા પ્રસન્નતા ગાયત્રી કી હોય ॥

卐

Scanned by CamScanner

# વિશ્વમ્ભરીની સ્તુતિ

( વસંતતિલકા )

વિશ્વંભરી અખિલ વિશ્વ તણી જનેતા,
વિદ્યા ધરી વદનમાં વસજો વિધાતા,
દુર્બુદ્ધિને દૂર કરી સદ્‌બુદ્ધિ આપો,
મામ્પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો....ટેક૦ ૧

ભૂલો પડી ભવરણે ભટકું ભવાની,
સૂઝે નહીં લગીર કોઈ દિશા જવાની,
ભાસે ભયંકર વળી મનના ઉતાપો....મામ્પાહિ૦ ૨

આ રંકને ઉગરવા નથી કોઈ આરો,
જન્માંધ છું જનની હું ગ્રહી બાંય તારો,
ના શું સૂણો ભગવતી શિશુના વિલાપો....મામ્પાહિ૦ ૩

મા કર્મજન્ય કથની કરતાં વિચારું,
આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઈ મારું,
કોને કહું કઠણ યોગ તણો બળાપો....મામ્પાહિ૦ ૪

હું કામ, ક્રોધ, મદ, મોહ થકી છકેલો,
આડંબરે અતિ ઘણો મદથી બકેલો,
દોષો થકી દૂષિત, ના કરી માફ પાપો....મામ્પાહિ૦ ૫

Scanned by CamScanner

ના શાસ્ત્રના શ્રવણનું પયપાન પીધું,
હા મંત્ર કે સ્તુતિ કથા નથી કાંઈ કીધું,
શ્રદ્ધા ધરી નથી કર્યા તવ નામ જાપો....મામ્પાહિ૰ ૬

રે! રે! ભવાની બહુ ભૂલ થઈ છે મારી,
આ જિંદગી થઈ મને અતિશે અકારી,
દોષો પ્રજાળી સઘળા, તવ છાપ છાપો....મામ્પાહિ૰ ૭

ખાલી ન કોઈ સ્થળ છે વિણ આપ ધારો,
બ્રહ્માંડમાં અણુ અણુ મહીં વાસ તારો,
શક્તિ ન માપ ગણવા અગણિત માપો....મામ્પાહિ૰ ૮

પાપે પ્રપંચ કરવા બધી વાતે પૂરો,
ખોટો ખરો ભગવતી પણ હું તમારો,
જાડ્યાંધકાર દૂર કરી સદ્‌બુદ્ધિ આપો....મામ્પાહિ૰ ૯

શીખે સૂણે રસિક છંદ જ એક ચિત્તે,
તેના થકી ત્રિવિધ તાપ ટળે ખચિત્તે,
વાધે વિશેષ વળી અંબા તણા પ્રતાપો....મામ્પાહિ૰ ૧૦

શ્રી સદ્‌ગુરુ શરણમાં રહીને યજું છું,
રાત્રિ–દિન ભગવતી તુજને ભજું છું,
સદ્‌ભક્ત સેવક તણા પરિતાપ ચાપો....મામ્પાહિ૰ ૧૧

અંતર વિશે અધિક ઊર્મિ થતાં ભવાની,
ગાઉં સ્તુતિ તવ બધે નમીને મૃડાની,
સંસારના સકળ રોગ સમૂળ કાપો....મામ્પાહિ૰ ૧૨

Scanned by CamScanner

અંબે ભવાની જગદંબા કરો ને સહાય,
આરાસુરી મન સદા તવ ભક્ત ચાહે,
હસ્તે ત્રિશૂળ ધરીને અસુરો સંહાર્યા,
સંકટ મહીં નિજ સેવકને ઉગાર્યા....મામ્પાહિ૦ ૧૩

તારા સિવાય જગમાં નથી કોઈ મારું,
સાચાં સગાં ભગવતી બહુ મેં વિચાર્યું,
ભૂલું કદીય ભવપાશ તણા કુસંગે,
માગું ક્ષમા ત્રિપુરસુંદરી આ પ્રસંગે ....મામ્પાહિ૦ ૧૪

વિશ્વંભરી અખિલ વિશ્વ તણી જનેતા....

卐

Scanned by CamScanner

## ગાયત્રી કવચ

તત્પદં પાતુ મે પાદૌ જંઘે તુ સવિતુ પદમ્ ।
વરેણ્યં કટિદેશન્તુ નાભિં ભર્ગસ્તથૈવ ચ ॥

દેવસ્ય મે તુ હૃદયમ્ ધીમહિનિ ગલં તથા ।
ધિયો મે પાતુ જિહ્વાયાં યઃ પદં પાતુ લોચને ॥

લલાટે નઃ પદં પાતુ મૂર્ધાનં મે પ્રચોદયાત્ ।
તદ્વર્ણઃ પાતુ મૂર્ધાનં સકારઃ પાતુ ભાલકમ્ ॥

ચાક્ષુષી મે વિકારસ્તુ શ્રોત્રે શ્રેતુકારકઃ ।
નાસાપુટેર્વકારો મે રેકારસ્તુ કપાલયોઃ ॥

ણિકારસ્ત્વધરોષ્ઠે ચ યકારસ્તૂર્ધ્વં ઓષ્ઠકે ।
આસ્યમધ્યે ભકારસ્તુ ગોકારસ્તુ કપાલયોઃ ॥

દેકારઃ કંઠદેશે ચ વકારઃ સ્કન્ધ દેશયો ।
સ્યકારો દક્ષિણં હસ્તં ધીકારો વામહસ્તકમ્ ॥

મકારો હૃદયં રક્ષેદ્ધિકારો જઠરં તથા ।
ધિકારો નાભિદેશં તુ યોકારસ્તુ કટિદ્વયમ્ ॥

ગુહ્યં રક્ષતુ યોકાર ઉરુ મેનઃ પદાક્ષરમ્ ।
પ્રકારો જાનુની રક્ષેર ચોકારો જંઘદેશયોઃ ॥

દકારો ગુલ્ફદેશે તુ યાત્કારઃ પાદયુગ્મકમ્ ।
જાતિવેદેતિ ગાયત્રી ત્ર્યમ્બકેતિ દશાક્ષરા ॥

□

Scanned by CamScanner

## આરતી

ૐ હ્રીં શ્રીં ક્લીં મેધા, મા ૐ હ્રીં શ્રીં ક્લીં મેધા
ચોવીસ અક્ષરે વસિયાં, ગાયત્રીમાતા....ૐ હ્રીં શ્રીં ક્લીં....૧

શંખ ચક્ર કમળ, પાશાંકુશધારી (૨) મા
કમલાસને બિરાજતાં પંચમુખધારી....ૐ ૨

સતો ગુણે સરસ્વતિ, રજો ગુણે લક્ષ્મી (૨) મા
તમો ગુણે મા કાલી, ત્રણે ગુણવાળી....ૐ ૩

શ્રીંકારી સોનવર્ણે, ધવલે હ્રીંકારી (૨) મા
ક્લીં રૂપે મા કાલિ, ત્રિપદા ભયહારી....ૐ ૪

પ્રાતઃ બાલરૂપે, મધ્યાહ્ને યુવતી (૨) મા
સાંજે વૃદ્ધા સ્વરૂપે ચિંતવે ઋષિમુનિ....ૐ ૫

શાસ્ત્ર શ્રુતિ ગીતા, વેદોની માતા (૨) મા
મહામંત્રમાં વસિયાં, ગાયત્રી માતા....ૐ ૬

ત્રણે લોકનાં પાલક, ભક્તોની માતા (૨) મા
લક્ષ્મી બુદ્ધિ શક્તિ, સર્વેની દાતા....ૐ ૭

દુઃખ દારિદ્ર રોગ, ગૃહક્લેશ, ચિંતા (૨) મા
નાસે સર્વે વ્યાધિ જપે મંત્રમાળા....ૐ ૮

મા ગાયત્રીની આરતી, જે ભાવે ગાશે (૨) મા
દુઃખ દારિદ્ર હરશે, સુખશાંતિ થાશે....ૐ ૯

卐

Scanned by CamScanner

# પૂ. શાસ્ત્રીજીનાં પ્રગટ થયેલા પુસ્તકો

---

* આશિષનું અમૃત
* ગાયત્રી જ્ઞાન અને મહિમા
* ગાયત્રી જ્ઞાનસુધા
* ઉપાસનાનો રાજમાર્ગ
* અગોચરના ઊંડાણમાં
* ટ્રુ વર્શીપ – True worship (અંગ્રેજીમાં)
* ઉપાસનાના પન્થે
* પરમતત્ત્વનો સેતુ
* શ્રદ્ધા
* શરણાગતિ
* અનુભૂતિનો આસવ



Scanned by CamScanner

# મુલાકાતનું સ્થળ

આધિ, વ્યાધિ, ઉપાધિથી ગ્રસ્ત કોઈ પણ વ્યક્તિ, જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના ભેદભાવ સિવાય વિના સંકોચે મારી મુલાકાતે આવી શકે છે. મને રૂબરૂ ન મળી શકો તો પણ, તમારો કોઈ પણ પ્રશ્નના ઉકેલ માટે ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને તમારા દૈનિક ક્રમમાં સંપૂર્ણ શ્રદ્ધા, શરણાગતિ અને મા-બાળકનો સંબંધ કેળવીને વણી લેશો.

મુલાકાત સ્થળ : 'નિલોપા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ – ૧૫

સમય : **બપોરે ૧૨-૦૦ થી ૨-૦૦**

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે મુલાકાતના સ્થળે મળી શકીશ નહિ.**

હું આપના પત્રો જરૂર વાંચું છું, પરન્તુ જવાબ પાઠવી શકીશ નહિ.

જીવનજળ માટે સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી જરૂરી છે.

— શાસ્ત્રીજી